
પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

સુવિચાર

વ્યવહારમાં ફેરફાર જણાય ત્યારે જ વ્યકિતને શંકા કરવાનું મન થાય છે...

# અબતક ®

સાંધ્ય દૈનિક
ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૯-૩-૨૦૨૬, સોમવાર
વર્ષઃ ૧૫, અંકઃ ૧
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia




### યુધ્ધની ઘાતક અસરઃ શેરબજાર લોહી લુહાણઃ રૂપિયો પણ પડીને પાદર

# સેન્સેક્સમાં ૨૦૦૦ પોઈન્ટનો કડાકોઃ ડોલર સામે રૂપિયો ૫૩ પૈસા તૂટ્યો

## સોના - ચાંદીના ભાવમાં પણ ઘટાડોઃ રોકાણકારોમાં ભારે ફફડાટ

**અબતક, રાજકોટ**

ઈરાન - ઈઝરાયેલ - અમેરિકા વચ્ચે ચાલતું ભીષણ યુધ્ધ દિન-પ્રતિદિન ભયાનક વળાંક લઈ રહ્યું છે. યુધ્ધ કયારે પુર્ણ થશે તે નકકી કરવું મુશ્કેલી બની રહ્યું છે. યુધ્ધના કારણે ક્રુડ બેરલના ભાવમાં એક જ દિવસમાં ૨૨ ટકાનો તોતીંગ ઉછાળો નોંધાતા આજે વિશ્વભરના શેરબજાર પડીને પાદર થઈ ગયા હતા. ભારતીય શેરબજાર પણ લોહી લુહાણ થઈ ગયું છે. સેન્સેકસમાં ૨૧૫૦ થી વધુ અને નીફટીમાં ૬૬૦ પોઈન્ટથી વધુનો કડાકો બોલી ગયો હતો. અમેરીકી ડોલર સામે ભારતીય રૂપિયો ૫૬ પૈસા તુટયો હતો. બુલીયન બજારમાં પણ મંદીનો માહોલ જોવા મળ્યો હતો. આગામી દિવસોમાં હજી બજાર તુટે તેવી દહેશત હાલ દેખાય રહી છે.

વિશ્વભરના શેરબજારોમાં આજે ભારે કડાકો બોલી ગયો છે. ભારતીય શેરબજાર ઉઘડતા સપ્તાહે પડીને પાદર થઈ ગયું હતું. સેન્સેકસે આજે ૭૭ હજારની સપાટી તોડી હતી આજે સેન્સેકસ ઈન્ટ્રાડેમાં ૭૬૪૨૪.૫૫ ની નીચલી સપાટીએ આપી ગયો હતો. જયારે ઉંચકાયને ૭૭૩૩૩.૮૫ નીફટી એ આજે ઉઘડતી બજારે ૨૪૦૦૦ ની સપાટી તોડી હતી. નીફટી આજે ૨૩૬૯૭.૮૦ ની નીચલી સપાટીએ સરકી જવા પામી હતી.



જયારે ઉપલી સપાટી ૨૩૯૫૯.૭૦ રહેવા પામી હતી. બેન્ક નીફટીમાં ૨૩૭૫ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો. નીફટી મીડકેપ ૧૦૦ પણ ૧૮૦૦ થી વધુ પોઈન્ટ પટકાયો હતો. આજે મહામંદીમાં એમસીએકસ ઈન્ડીયા અને કોલ ઈન્ડિયા એમ બે જ કંપની ગ્રીન ઝોનમાં કામકાજ કરતા નજરે પડતા હતા. બાકીની તમામ કંપની અને સેકટરલ ઈન્ડેકસના ભાવ તુટયા હતા. બુલિયન બજારમાં પણ મંદી રહેવા પામી હતી. સોના અને ચાંદીના ભાવ તુટયા છે. અમેરીકી ડોલર સામે ભારતીય રૂપિયો આજે ૫૬ પૈસા તુટયો હતો.

છેલ્લા ઘણા સમયથી શેરબજારમાં એકધારી મંદી જોવા મળી રહી છે. ખાડી યુધ્ધની હવે ભારત પર પણ અસર થવા માંડી છે. કુડ બેરલમાં તોફાની ઉછાળાના કારણે વિશ્વભરના શેર બજારો તેટયા છે. રોકાણકારોના અબજો રૂપિયાનું ધોવાણ થઈ ગયું છે.

આ લખાય રહ્યું છે ત્યારે સેન્સેકસ ૨૧૪૧ પોઈન્ટના ઘટાડા સાથે ૭૬૮૦૨ અને નિફટી ૬૭૦ પોઈન્ટના ઘટાડા સાથે ૨૩૭૮૦ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે. અમેરિકી ડોલર ૫૩ પૈસાના ઘટાડા સાથે ૯૨.૨૯ પર ટ્રેડ કરી રહ્યો છે.

ક્રૂડના ભાવો વધતા જોવા મળી રહ્યા છે. આવનારા દિવસોમાં જો સ્થિતિ વકરશે તો વધારે ઉછાળો ક્રુડ અને ગેસમાં જોવા મળશે.એફઆઈઆઈ માલ વેચી રહી છે. બજારને સુધરતા અને થાળે પડતા એકાદ કવાર્ટર લાગી શકે છે.૨૦૨૬-૨૭ ના પહેલા કવાર્ટરના પરિણામો કેવા આવે છે તે શેરબજાર માટે ખૂબ જ મહત્વના સાબિત થશે. ઉપરાંત આગામી ત્રણ મહિનામાં મ્યુચ્યુઅલ ફંડ અને એસ.આઈ.પી નો ઈન્ફલો કેવો રહે છે તે પણ અગત્યનું સાબિત થશે.

યુદ્ધની સ્થિતિ વચ્ચે ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસના ભાવમાં જોરદાર ઉછાળો જોવા મળશે અને અછત પણ સર્જાઈ શકે છે. આવી સ્થિતિમાં શેરબજાર ને ટકવું મુશ્કેલ થશે. મોંઘવારી પર પણ અસર પડશે. કંપનીઓના પરિણામો પર પણ પ્રતિકૂળ અસર જોવા મળશે. ખાસ કરીને એકસપોર્ટર્સની હાલત

(અનુ. આઠમા પાને)

### યુધ્ધના વાદળો વિકાસની તકો ભારત તરફ ખેંચી લાવ્યા!

# ગલ્ફ અસુરક્ષિત થતા વિશ્વની ટોચની કંપીનીઓ ૨૭૦ બિલિયન ડોલરના ડેટા સેન્ટરો ભારતમાં સ્થાપશે

## માઈક્રોસોફ્ટ અને એમેઝોન સહિતની કંપનીઓ દુબઈ, અબુધાબી અને ઓમાનથી ડેટા સેન્ટરનો વર્કલોડ ભારતમાં ખસેડવાની તૈયારીમાંઃ મુંબઈ, ચેન્નઈ અને હૈદરાબાદ જેવા શહેરો તેમની પ્રથમ પસંદગી

### ભારતમાં ડિઝાસ્ટર રિક્વરી પ્લાન અને સરપ્લસ સપ્લાય પણ ઉપલબ્ધ

મધ્ય પૂર્વના ડેટા સેન્ટર્સમાં આશરે ૧ ગીગાવોટની કેપેસિટી છે, પરંતુ સુરક્ષાના જોખમને કારણે કલાયન્ટ્સે તેમના 'ડિઝાસ્ટર રિકવરી પ્લાન' અમલમાં મૂક્યા છે. ભારતમાં છેલ્લા ૧૨ થી ૧૫ મહિનામાં ડેટા સેન્ટર્સની કેપેસિટીમાં નોંધપાત્ર વધારો થયો હોવાથી અહીં સરપ્લસ સપ્લાય ઉપલબ્ધ છે, જે આ કટોકટીના સમયે વૈશ્વિક કંપનીઓની ડેટા સ્ટોરેજની જરૂરિયાત પૂરી પાડવા સક્ષમ છે.

### ડેટા સેન્ટર પર હુમલાની વ્યાપક અસર

ડ્રોન હુમલા બાદ મધ્ય પૂર્વમાં એડબ્લ્યુએસની ૨૫ જેટલી સેવાઓ સંપૂર્ણ ખોરવાઈ ગઈ હતી અને અન્ય ૩૪ સેવાઓની ગુણવત્તામાં ઘટાડો જોવા મળ્યો હતો. ડેટા સેન્ટર્સ પર થયેલા આ હુમલાઓની સીધી અસર મધ્ય પૂર્વના દેશોની બેન્કિંગ સિસ્ટમ, શેરબજાર અને એવિએશન ઓપરેશન પર પડી હતી, જેના કારણે ભારે આર્થિક નુકસાન અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

### ડેટા સેન્ટર ક્ષેત્રે ૨૭૦ બિલિયન ડોલરના રોકાણ આવશે

ભારતમાં વૈશ્વિક કંપનીઓ ઉપરાંત રિલાયન્સ, અદાણી, ટાટા અને એલએન્ડટી જેવા ગ્રુપ્સે ડેટા સેન્ટર ક્ષેત્રે અંદાજિત ૨૭૦ બિલિયન ડોલરના રોકાણની પ્રતિબદ્ધતા દર્શાવી છે. આ જંગી રોકાણને પગલે આગામી ૫ થી ૭ વર્ષમાં દેશની કુલ ડેટા સેન્ટર કેપેસિટી ૧.૪ ગીગાવોટથી વધીને ૧૦ ગીગાવોટ સુધી પહોંચવાનો અંદાજ છે, જે ભારતને વૈશ્વિક ડેટા હબ બનાવશે.

### ભારતની પસંદગી પાછળ ભૌગોલિક કારણ પણ જવાબદાર

ભારત અને સિંગાપોર પાસે પૂર્વ તરફના ડેટા ટ્રાન્સફર માટે અત્યંત મજબૂત સબસી કેબલ નેટવર્ક ઉપલબ્ધ છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ અને અસ્થિરતાના માહોલ વચ્ચે ભારત ભૌગોલિક રીતે વધુ શાંત અને સુરક્ષિત સ્થાન હોવાથી, તેમજ લેટન્સીની સમસ્યા ન હોવાથી કંપનીઓ ભારત પર પસંદગી ઉતારી રહી છે.

**અબતક, નવી દિલ્હી**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ અને યુદ્ધની સ્થિતિને પગલે વૈશ્વિક ટેક જાયન્ટ્સ તેમની મહત્વપૂર્ણ ડેટા સિસ્ટમ્સને સુરક્ષિત કરવાના પ્રયાસો કરી રહ્યા છે. માઈક્રોસોફ્ટ અઝ્યોર અને એમેઝોન વેબ સર્વિસિસ જેવી મોટી ક્લાઉડ કંપનીઓ પશ્ચિમ એશિયા (દુબઈ, અબુ ધાબી અને ઓમાન)માંથી પોતાના ડેટા સેન્ટરનો વર્કલોડ ભારત અને સિંગાપોર જેવા વધુ સુરક્ષિત દેશોમાં શિફ્ટ કરવાની યોજના બનાવી રહી છે.

ગત ૨ માર્ચના રોજ સંયુક્ત આરબ અમીરાતમાં એમેઝોન વેબ સર્વિસિસના બે ડેટા સેન્ટર અને બહેરીનમાં એક ડેટા સેન્ટર પર ડ્રોન હુમલા થયા હતા. આ હુમલાઓને કારણે સ્થાનિક બેન્કિંગ એપ્સ, દુબઈ અને કુવૈતની એરપોર્ટ કામગીરી તેમજ યુએઈ શેરબજારને ભારે અસર પહોંચી હતી અને ટેકનિકલ ખામી સર્જાતા કામગીરી અટકાવવી પડી હતી. આ ઉપરાંત, ઈરાનના તેહરાનમાં પણ માઈક્રોસોફ્ટના ડેટા સેન્ટરને નિશાન બનાવવામાં આવ્યું હોવાના અહેવાલો છે.

આ સંકટને ટાળવા માટે કંપનીઓ તાત્કાલિક ધોરણે મુંબઈ, ચેન્નઈ, હૈદરાબાદ અને કોચી જેવા ભારતીય શહેરોમાં કેપેસિટી શોધી રહી છે, જેથી કરીને બેન્કિંગ અને અન્ય ક્રિટિકલ વર્કલોડને કોઈપણ અડચણ વિના ચાલુ રાખી શકાય. ભારત ભૌગોલિક રીતે અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દ્રષ્ટિએ મજબૂત હોવાથી કંપનીઓ માટે તે શ્રેષ્ઠ વિકલ્પ બની રહ્યું છે. લેટન્સી (ડેટા પ્રોસેસિંગની સ્પીડ) સારી રહે તે માટે ભારતીય શહેરોની પસંદગી કરવામાં આવી રહી છે.

પુણે સ્થિત ડેટા સેન્ટર કંપની ઈએસડીએસ સોફ્ટવેર સોલ્યુશન્સના મેનેજિંગ ડિરેક્ટર પિયુષ સોમાણીના જણાવ્યા અનુસાર, મધ્ય પૂર્વ ૧ ગીગાવોટની ડેટા સેન્ટર ક્ષમતા સાથે એક મહત્વપૂર્ણ ક્લાઉડ રિજિયન છે. પરંતુ યુદ્ધના ભણકારા વાગતા જ મોટા ક્લાયન્ટ્સે તેમના ડિઝાસ્ટર રિકવરી પ્લાન સક્રિય કરી દીધા છે. ભારત અને સિંગાપોર પાસે આઈટી વર્કલોડ માટે મજબૂત સબસી કેબલ નેટવર્ક છે, જે ડેટા ટ્રાન્સફરને અત્યંત ઝડપી અને સુરક્ષિત બનાવે છે.

વર્તમાન ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિને જોતા, કામચલાઉ ડેટા શિફ્ટિંગ માટે ભારત એક વધુ શાંત અને સુરક્ષિત સ્થળ તરીકે ઉભરી રહ્યું છે. ભારતમાં હાલમાં પૂરતા

(અનુ. આઠમા પાને)

# સંસદના બજેટ સત્રના બીજા તબક્કાનો તોફાની આરંભ

## લોકસભાના અધ્યક્ષ સામે અવિશ્વાસની દરખાસ્તઃ અનેક મુદે વિપક્ષ આક્રમક મૂડમાંઃ યુધ્ધમાં ભારતના વલણ અંગે વિદેશમંત્રી આપશે નિવેદન

**અબતક, રાજકોટ**

આજથી સંસદના બજેટ સત્રના આ બીજો તબક્કો શરૂ થયો છે.જે તોફાની બની રહેવાની પૂરી શકયતા છે.આજે લોકસભામાં સ્પીકર ઓમ બિરલાને હટાવવાની માંગણી કરતી વિપક્ષની દરખાસ્ત અંગે ચર્ચા થશે. પશ્ચિમ એશિયામાં ચાલુ થયેલા સંઘર્ષ, રશિયન ક્રૂડ ઓઈલની ખરીદી માટે ટ્રમ્પની પરવાનગી, પશ્ચિમ બંગાળની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું અપમાન જેવા મુદ્દા પણ છવાઈ જવાની શક્યતા છે. ખાડી યુદ્ધમાં ભારતના વલણ અંગે આજે ગૃહમાં વિદેશ મંત્રી જવાબ આપશે.

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના વિશેષ સઘન સુધારા પછીની અંતિમ યાદીમાં ૬૦ લાખ મતદારોનો નામ કમી કરવાનો મુદ્દો પણ ગૃહની કાર્યવાહીને તોફાની બની હતી. કેટલાંક વિપક્ષી નેતાઓએ સ્પીકર બિરલા સામે અવિશ્વાસ દરખાસ્ત લાવવાની નોટિસ આપી છે. વિપક્ષ ગૃહની કાર્યવાહીમાં પક્ષપાત કરતાં હોવાનો તેમનો આક્ષેપ પણ કર્યો છે. સ્પીકરે કોંગ્રેસના સભ્યો સામે કેટલાંક ખોટા દાવા કર્યા હોવાની પણ વિપક્ષની ફરિયાદ છે.

અવિશ્વાસ દરખાસ્તની નોટિસની તારીખથી બિરલાએ ગૃહની કાર્યવાહીથી પોતાને અલગ કરી લીધા હતાં. લોકસભા સચિવાલયે કહ્યું હતું કે તેઓ આ દરખાસ્તનો કોઈ નિર્ણય થયા પછી ગૃહમાં પરત આવશે. અગાઉ શનિવારે બિરલાને સમર્થન આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે તેઓ બંધારણ અને સંસદીય લોકશાહીના સિદ્ધાંતો પ્રત્યે પ્રતિબદ્ધ છે.

અવિશ્વાસની નોટિસ ઉપરાંત ઈરાન પર યુએસ-ઈઝરાયલ હુમલાઓ અને પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે ક્રૂડ ઓઈલ સપ્લાયમાં વિક્ષેપ પડ્યો છે અને કિંમતોમાં વધારો થયો છે. આ મુદ્દે પણ ગૃહમાં ચર્ચા થવાની ધારણા છે. વિપક્ષ આ બાબતે સરકારની નીતિ પર સવાલ ઉઠાવે તેવી શકયતા છે.



ખાડી ક્ષેત્રમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે વધતા પ્રાદેશિક તણાવ અને સુરક્ષાની ચિંતા વચ્ચે વિદેશ મંત્રી એસ. જયશંકર સોમવારે લોકસભામાં ''પશ્ચિમ એશિયાની સ્થિતિ'' અંગે નિવેદન આપવાના છે.

જયશંકર ગૃહને આ પ્રદેશમાં થઈ રહેલી પ્રગતિ અને ભારતની સ્થિતિ વિશે માહિતગાર કરશે, જેમાં સરકારના રાજદ્વારી સંપર્કો અને પશ્ચિમ એશિયાના દેશોમાં રહેતા અને કામ કરતા ભારતીય નાગરિકોની સુરક્ષાનો પણ સમાવેશ થાય છે.

આ નિવેદન એવા સમયે આવી રહ્યું છે જ્યારે ખાડી ક્ષેત્રમાં મિસાઈલ અને ડ્રોન હુમલાઓના આદાનપ્રદાનને કારણે પશ્ચિમ એશિયામાં તણાવ છેલ્લા કેટલાક અઠવાડિયામાં તીવ્ર બન્યો છે. આ સ્થિતિએ ઊર્જા બજારો, પ્રાદેશિક સ્થિરતા અને પ્રવાસી વસ્તી પર તેની સંભવિત અસર અને સંઘર્ષ વધુ વકરવા અંગે વૈશ્વિક સ્તરે ચિંતા ઊભી કરી છે.

ભારત આ સ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યું છે.

જયશંકરે તાજેતરમાં જણાવ્યું હતું કે, નવી દિલ્હી ભારતીય નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા આપીને સમગ્ર ક્ષેત્રની સરકારો સાથે ''ખૂબ જ નજીકનો સંપર્ક'' જાળવી રહ્યું છે. તેમણે નોંધ્યું હતું કે સરકાર પરિસ્થિતિનું ધ્યાનપૂર્વક આકલન કરી રહી છે અને જો સુરક્ષાની સ્થિતિ વધુ બગડે તો જરૂરી પગલાં લેવા માટે તૈયાર છે.

વિદેશ મંત્રાલય પશ્ચિમ એશિયામાં આવેલા ભારતીય મિશન (દૂતાવાસો) ના સંપર્કમાં છે જેથી ગ્રાઉન્ડ લેવલની સ્થિતિ જાણી શકાય અને જરૂર પડ્યે મદદ પૂરી પાડી શકાય.

### યુદ્ધે ઈંધણને ભડકે બાળ્યું

# ક્રૂડનો ભાવ ૧૦૦ ડોલરને પારઃ સૌથી મોટો આયાતકાર દેશ ભારતમાં જ ભાવ વધારો થવાની સંભાવના નહિવત

## મિડલ ઈસ્ટમાં ઈરાન અને ઈઝરાયેલ-અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધથી ગ્લોબલ સપ્લાય ચેઈન ખોરવાઈ, સાડા ત્રણ વર્ષ બાદ ક્રૂડ ઓઈલની કિંમત ૧૦૦ ડોલરને પાર થઈઃ ૧૫૦ ડોલરે આંબશે

**અબતક, નવી દિલ્હી**

મિડલ ઈસ્ટમાં ઈરાન અને ઈઝરાયેલ તથા અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધની સીધી અસર હવે વૈશ્વિક અર્થવ્યવસ્થા પર જોવા મળી રહી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં જંગી ઉછાળો આવ્યો છે અને સાડા ત્રણ વર્ષમાં પહેલીવાર ઓઈલની કિંમત ૧૦૦ ડોલર પ્રતિ બેરલની સપાટીને વટાવી ગઈ છે. જો કે ભારત આયાતી દેશ હોવા છતાં હજુ પણ ઈંધણના ભાવ વધ્યા નથી.

યુદ્ધના કારણે મિડલ ઈસ્ટમાંથી થતા ઉર્જા ઉત્પાદન અને શિપિંગ રૂટ પર ભારે અસર પડી છે, જેના પરિણામે દુનિયાભરમાં ઓઈલની સપ્લાય ખોરવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.




અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ક્રૂડ ઓઈલના વધતા ભાવો અંગે એક આશ્ચર્યજનક નિવેદન આપ્યું છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોસ્ટ કરતા જણાવ્યું હતું કે, ''વિશ્વ શાંતિ માટે આ બહુ નાની કિંમત ચૂકવવી પડી રહી છે. જ્યારે ઈરાનના પરમાણુ ખતરાનો સંપૂર્ણ નાશ થઈ જશે ત્યારે ટૂંકા ગાળા માટે વધેલા ઓઈલના ભાવમાં ઝડપથી ઘટાડો નોંધાશે. માત્ર મૂર્ખ લોકો જ આનાથી અલગ વિચારી શકે.'' ટ્રમ્પના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે અમેરિકા ઈરાન સામેની કાર્યવાહીમાં કોઈ બાંધછોડ કરવાના મૂડમાં નથી.

ઓઈલના ભાવોના આંકડાઓ પર નજર કરીએ તો, આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડની કિંમત ૯ ટકાથી વધુ ઉછળીને ૧૦૧.૧૯ ડોલર પ્રતિ બેરલ થઈ ગઈ છે. જ્યારે યુએસ બેન્ચમાર્ક વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ તો શુક્રવારના બંધ ભાવથી લગભગ ૧૬ ટકા વધીને ૧૦૭.૦૬ ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ રહ્યું છે. આ અગાઉ છેલ્લે જૂન અને જુલાઈ ૨૦૨૨માં ક્રૂડ ઓઈલ ૧૦૦ ડોલરની સપાટીને પાર ગયું હતું. માત્ર છેલ્લા એક અઠવાડિયામાં જ અમેરિકી ક્રૂડના ભાવમાં ૩૬ ટકા અને બ્રેન્ટ ક્રૂડમાં

(અનુ. આઠમા પાને)


# યુધ્ધ વચ્ચે આયાતુલ્લાના પડછાયા સમાન મોજતબાએ ઈરાનનું સુકાન સંભાળ્યું

## કટ્ટરપંથી વિચારધારા ધરાવતા મોજતબા પશ્ચિમી જગત માટે પડકારરૂપ થવાની શક્યતા

**અબતક, તેહરાન**

મધ્યપૂર્વમાં વધતા જતા યુદ્ધના તણાવ અને સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈના નિધન બાદ, ઈરાને એક મોટા રાજકીય પરિવર્તનની જાહેરાત કરી છે. દાયકાઓ સુધી પિતાના પડછાયામાં રહીને સત્તાના દોરડા સંભાળનાર ૫૫ વર્ષીય મોજતબા ખામેનેઈ હવે સત્તાવાર રીતે ઈરાનના નવા સર્વોચ્ચ નેતા તરીકે નિયુક્ત થયા છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષની વચ્ચે આ સત્તા પરિવર્તન વૈશ્વિક સ્તરે અત્યંત મહત્વનું માનવામાં આવે છે.

મોજતબા ખામેનેઈ અત્યાર સુધી દુનિયાની નજરથી દૂર રહીને કામ કરતા હતા. જોકે, ઈરાનના સત્તાવાર વર્તુળોમાં તે જાણીતું હતું કે તેઓ જ આયતુલ્લા ખામેનેઈના સૌથી વિશ્વસનીય સલાહકાર હતા. મોજતબા છેલ્લા ઘણા વર્ષોથી તેમના પિતાની ઓફિસ ('બીત') નું સંચાલન કરતા હતા. કોણ નેતા આયતુલ્લાને મળી શકશે અને કઈ ફાઈલો મંજૂર થશે, તેનો અંતિમ નિર્ણય



(અનુ. આઠમા પાને)

# WHO એ આરોગ્ય અસમાનતા મોનિટરના ભાગ રૂપે બે મુખ્ય સંસાધનોના અપડેટેડ સંસ્કરણો બહાર પાડ્યા

## આરોગ્ય અસમાનતા ડેટાનો સૌથી મોટો જાહેર ભંડાર છે, તેને જાહેરમાં ઉપલબ્ધ સ્રોતોમાંથી નવીનતમ ઉપલબ્ધ ડેટા સાથે અપડેટ કરવામાં આવ્યો છે, તેમાં હવે ૧૩ મિલિયનથી વધુ ડેટા પોઈન્ટ છે, જે ૨૪૦૦થી વધુ આરોગ્ય સૂચકાંકો અને અસમાનતાના ૨૨ પરિમાણોને કેપ્ચર કરે છે

વિશ્વ આરોગ્ય સંસ્થાએ અપડેટેડ હેલ્થ ઈનઈક્વાલિટી ડેટા રિપોઝીટરી અને હેલ્થ ઈક્વિટી એસેસમેન્ટ ટૂલકીટ બહાર પાડ્યું છે, જે ૩ માર્ચ ૨૦૨૬ વિભાગીય અપડેટ કરાયેલ છે.આરોગ્ય સમાનતા માટે ડેટા સુલભતા અને ઉપયોગીતાને મજબૂત બનાવવા માટે WHO એ આરોગ્ય અસમાનતા મોનિટરના ભાગરૂપે બે મુખ્ય સંસાધનોના અપડેટેડ સંસ્કરણો બહાર પાડ્યા છે .

WHO હેલ્થ ઈનઈક્વાલિટી ડેટા રિપોઝીટરી જે આરોગ્ય અસમાનતા ડેટાનો સૌથી મોટો જાહેર ભંડાર છે, તેને જાહેરમાં ઉપલબ્ધ સ્રોતોમાંથી નવીનતમ ઉપલબ્ધ ડેટા સાથે અપડેટ કરવામાં આવ્યો છે. તેમાં હવે ૧૩ મિલિયનથી વધુ ડેટા પોઈન્ટ છે જે ૨૪૦૦ થી વધુ આરોગ્ય સૂચકાંકો અને અસમાનતાના ૨૨ પરિમાણોને કેપ્ચર કરે છે. હેલ્થ ઈક્વિટી એસેસમેન્ટ ટૂલકીટ સોફ્ટવેરના નવા પ્રકાશિત સંસ્કરણ ૭ માં આરોગ્ય અસમાનતાઓના વિશ્લેષણ અને રિપોર્ટિંગ માટે સુધારેલ કાર્યક્ષમતા શામેલ છે. HEAT (સંસ્કરણ ૭) ૨૦૨૫ HIDR ડેટા અપડેટ સાથે પ્રીલોડેડ છે.



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

ઉચ્ચ-ગુણવત્તાવાળા વિભાજિત આરોગ્ય ડેટાની ઍક્સેસ વિવિધ આરોગ્ય વિષયો અને વસ્તી જૂથોમાં અસમાનતા દેખરેખ પ્રયાસોને સરળ બનાવે છે. તેમાં માં હવે WHO, ડેમોગ્રાફિક એન્ડ હેલ્થ સર્વે પ્રોગ્રામ, યુરોસ્ટેટ, ગ્લોબલ ડેટા લેબ, ઈન્સ્ટિટ્યૂટ ફોર હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઈવેલ્યુએશન , ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD), યુનાઈટેડ નેશન્સ ઈન્ટર-એજન્સી ગ્રુપ ફોર ચાઈલ્ડ મોર્ટાલિટી એસ્ટિમેશન (UN IGME), યુનાઈટેડ નેશન્સ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ ગ્લોબલ ડેટાબેઝ, જોઈન્ટ યુનાઈટેડ નેશન્સ પ્રોગ્રામ ઓન HIV/AIDS (UNAIDS), યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP), યુનિસેફ અને વર્લ્ડ બેંક જેવા સ્રોતોમાંથી અપડેટેડ ડેટા સાથે ૬૨ ડેટાસેટ્સ છે.

HIDR આરોગ્ય અને આરોગ્ય સંબંધિત ડેટા રજૂ કરે છે, જેમાં ઉંમર, અપંગતાની સ્થિતિ, આર્થિક સ્થિતિ, શિક્ષણ, રોજગારની સ્થિતિ, સ્થળાંતરિત સ્થિતિ, રહેઠાણનું સ્થળ, લિંગ અને ઉપ-રાષ્ટ્રીય ક્ષેત્ર જેવા પરિમાણો દ્વારા વિભાજિત કરવામાં આવે છે. HEAT અને HEAT Plus સોફ્ટવેર એપ્લિકેશન ઈન્ટરેક્ટિવ ગ્રાફ, નકશા અને કોષ્ટકો દ્વારા અસમાનતા ડેટાનું અન્વેષણ કરવા સક્ષમ બનાવે છે. સોફ્ટવેરનું સંસ્કરણ ૭ એક ''નિર્ધારિકો'' ઘટક રજૂ કરે છે જે વપરાશકર્તાઓને પસંદગીના દેશોમાં આરોગ્ય સૂચકાંકો અને આરોગ્યના નિર્ધારિકો વચ્ચે જોડાણ દર્શાવતા સ્કેટરપ્લોટ્સ જનરેટ કરવાની મંજૂરી આપે છે.

આ સંગઠનોને WHO ઓપરેશનલ ફ્રેમવર્ક ફોર મોનિટરિંગ સોશિયલ ડિટર્મિનન્ટ્સ ઓફ હેલ્થ ઈક્વિટીમાં વ્યાખ્યાયિત આરોગ્ય નિર્ધારિકોના છ ડોમેન્સમાં શોધી શકાય છે. આર્થિક સુરક્ષા અને સમાનતા, શિક્ષણ, ૮ભૌતિક વાતાવરણ, સામાજિક અને સમુદાય સંદર્ભ આરોગ્ય વર્તણૂકો અને આરોગ્ય સંભાળનો સમાવેશ થાય છે.આરોગ્ય અસમાનતા દેખરેખ કોણ પાછળ રહી ગયું છે તેના પુરાવા પૂરા પાડે છે અને આરોગ્ય નીતિઓ, કાર્યક્રમો અને પ્રથાઓનો માહિતગાર કરે છે, જેનો હેતુ હાલના અંતરને દૂર કરવાનો અને




આરોગ્ય સમાનતા પ્રાપ્ત કરવાનો છે. આરોગ્ય સમાનતાએ WHO જનરલ પ્રોગ્રામ ઓફ વર્ક (GPW 14) માં દર્શાવેલ એક કેન્દ્રીય સિદ્ધાંત છે .

રિપોઝીટરી દ્વારા નવીનતમ વૈશ્વિક અસમાનતા ડેટાની સરળ ઍક્સેસ પૂરી પાડવી, અને આ ડેટાના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે HEAT જેવા સાધનો જાળવવા, આરોગ્ય અસમાનતા દેખરેખ પરના અમારા કાર્યના મહત્વપૂર્ણ ઘટકો છે, WHO ખાતે આરોગ્ય અસમાનતા દેખરેખ માટે ટીમ લીડ અહમદ રેઝા હુસેનપૂરે જણાવ્યું છે કે ''સાથે મળીને, આરોગ્ય અસમાનતા ડેટા રિપોઝીટરી અને HEAT દેશોમાં વપરાશકર્તાઓ માટે અસમાનતાઓ ક્યાં અસ્તિત્વમાં છે તે વધુ સારી રીતે સમજવાનો માર્ગ મોકળો કરે છે અને તેમને ટકાઉ રીતે કેવી રીતે સંબોધિત કરી શકાય તે નક્કી કરવાનું શરૂ કરે છે.''

હેલ્થ ઈનઈક્વાલિટી ડેટા રિપોઝીટરી ૨૦૨૩ માં શરૂ કરવામાં આવી હતી અને તે આરોગ્ય અને આરોગ્યના નિર્ણાયકો વિશે જાહેરમાં ઉપલબ્ધ વિભાજિત ડેટાનો સૌથી મોટો સંગ્રહ છે. તે વાર્ષિક ધોરણે અપડેટ થાય છે. રિપોઝીટરીમાંના બધા ડેટાસેટ્સ વ્યાપક મેટાડેટા સાથે હોય છે, જે મૂળ ડેટા સ્રોત વિશે વિગતો પ્રદાન કરે છે. નોંધ કરો કે હેલ્થ ઈનઈક્વાલિટી ડેટા રિપોઝીટરીમાં કેટલાક ડેટાસેટ્સ બાહ્ય પ્રકાશિત સ્રોતોમાંથી છે અને સત્તાવાર ઠંઈઘ આંકડાઓનું પ્રતિનિધિત્વ કરતા નથી.

અસમાનતા ડેટાના ઉન્નત અર્થઘટન અને ઉપયોગને સમર્થન આપવા માટે WHO દ્વારા HEAT અને HEAT Plus સોફ્ટવેર એપ્લિકેશન વિકસાવવામાં આવી હતી. HEAT માં HIDR માંથી બિલ્ટ-ઈન ડેટા શામેલ છે, જયારે HEAT Plus વપરાશકર્તાઓને તેમના પોતાના ડેટાસેટ્સ અપલોડ કરવાની મંજૂરી આપે છે. HEAT 2016 માં લોન્ચ કરવામાં આવ્યું હતું, અને HEAT Plus 2017 ના આરોગ્ય અસમાનતા દેખરેખ પર WHO ના કાર્ય વિશે ''સ્વાસ્થ્ય સમાનતા પ્રાપ્ત કરવા માટે આરોગ્ય અસમાનતાઓ અને તેના ડ્રાઈવરોને ઓળખવા જરૂરી છે''WHO તેરમો જનરલ પ્રોગ્રામ ઓફ વર્કમાં આરોગ્ય સમાનતા એ સામાજિક, આર્થિક, વસ્તી વિષયક અથવા ભૌગોલિક લાક્ષણિકતાઓ દ્વારા વ્યાખ્યાયિત વસ્તી જૂથોમાં આરોગ્યમાં અન્યાયી, ટાળી શકાય તેવા અથવા સુધારી શકાય તેવા તફાવતોનો અભાવ છે. આરોગ્ય અસમાનતાઓ એ વસ્તીના પેટાજૂથોમાં આરોગ્યમાં માપી શકાય તેવા તફાવતો છે. આરોગ્ય અસમાનતાઓનું નિરીક્ષણ કરવાથી કોણ પાછળ રહી ગયું છે તેના પુરાવા મળે છે અને આરોગ્ય નીતિઓ, કાર્યક્રમો અને પ્રથાઓને જાણ કરવામાં આવે છે જેનો હેતુ હાલના અંતરને દૂર કરવાનો અને આરોગ્ય સમાનતા પ્રાપ્ત કરવાનો છે.આરોગ્ય અસમાનતા દેખરેખમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના કાર્યનો ઉદ્દેશ્ય છે કે દેશ, પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે આરોગ્ય અસમાનતા દેખરેખ માટેની ક્ષમતાને મજબૂત બનાવવી. WHO અને વૈશ્વિક ભાગીદારોમાં આરોગ્ય અસમાનતા પર નવીનતમ પુરાવા બનાવો અને તેનો પ્રસાર કરો અને ડેટા ડિસએગ્રિગેશનને સમર્થન આપો.આરોગ્ય અસમાનતા દેખરેખ સાધનો, સંસાધનો અને શ્રેષ્ઠ પ્રથાઓ વિકસાવો અને સુધારો એ સ્વાસ્થ્ય અસમાનતા દેખરેખ એ આરોગ્ય સમાનતાને આગળ વધારવા માટે ડેટાનો ઉપયોગ''એ આરોગ્ય અસમાનતા દેખરેખ પ્રથાઓના પ્રભાવને મજબૂત કરવા માટે એક સમકાલીન, સર્વાંગી માર્ગદર્શિકા છે.

### પ્રાઈમરી માર્કેટમાં મંદીનો માહોલ

# હવે ૭૦% આઈપીઓના લિસ્ટીંગ ડિસ્કાઉન્ટથી થવા માંડ્યા !

## ઉંચા વેલ્યુએશન અને શેરબજારની મંદીની અસર હવે આઈપીઓ પર પણ જોવા મળી: આઈપીઓ માંડ-માંડ ભરાય છે

## નાનો રોકાણકાર વિમુખ થતો જોવા મળી રહ્યો છે :ડીસ ઈન્વેસ્ટમેન્ટ ના ટાર્ગેટ પણ પૂરા કરવા અઘરા સાબિત થશે

**અબતક, રાજકોટ**

શેરબજારમાં મંદીના પગલે પ્રાઈમરી માર્કેટને પણ વ્યાપક અસર થતી જોવા મળી રહી છે. યુદ્ધની સ્થિતિ વકરતી જાય છે અને સરવાળે યુદ્ધ તો નુકશાન કારક જ હોય છે.આવા સમયે પ્રાઈમરી માર્કેટમાં આઈપીઓ લાવી રહેલા પ્રમોટરોની હાલત ખરાબ છે.માંડ-માંડ આઈપીઓ ભરાઈ રહ્યા છે,તો બીજી બાજુ લિસ્ટિંગમાં કોઈને શેરો લેવા નથી.યુદ્ધની સ્થિતિ વચ્ચે ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસના ભાવમાં જોરદાર ઉછાળો જોવા મળશે અને અછત પણ સર્જાઈ શકે છે. આવી સ્થિતિમાં શેર બજાર ને ટકવું મુશ્કેલ થશે. મોંઘવારી પર પણ અસર પડશે. કંપનીઓના પરિણામો પર પણ પ્રતિકૂળ અસર જોવા મળશે. ખાસ કરીને એક્સપોર્ટર્સની હાલત પણ ખરાબ થશે.ગેસ આધારિત ઉત્પાદન થતા એકમો પર પણ ગેસની અછત સર્જાતા માઠી અસર જોવા મળશે. આવી હાલતમાં ઊંચા પ્રીમિયમ થી જે આઈપીઓ આવી રહ્યા છે તેને વધુ સહન કરવાનો વારો આવશે.

વિદેશી નાણાકીય સંસ્થાઓ શેરો વેચતી જાય છે અને તેને રોકવાનો કોઈ ઉપાય હાલ જોવા મળતો નથી.૧ લી એપ્રિલથી શેરબજાર પર એસટીટીનું પણ ભારણ વધશે.આમ ચારેય બાજુથી શેરબજાર ઘેરાયેલું છે.આવી પરિસ્થિતિમાં જો યુદ્ધ લાંબુ ચાલશે તો શેરબજાર પર વધારે ખરાબ અસર જોવા મળશે. સરકારના ડીસ ઈન્વેસ્ટમેન્ટ ટાર્ગેટ પર પણ વિપરીત અસર જોવા મળશે. તાજેતરમાં જ એક ઓ.એફ.એસ આવેલો જેમાં ખૂબ જ ઓછી ડિમાન્ડ આવેલી અને આ ઓ.એફ.એસ પૂરો નહીં ભરાતા અને રોકાણકારોએ રસ નહીં દાખવતા આ ઓ.એફ.એસ ફેલ ગયો છે.જો આ સ્થિતિ રહેશે તો ડીસ ઈન્વેસ્ટમેન્ટની જે યોજના છે તેનો ટાર્ગેટ પૂરો થવાની કોઈ શકયતા હાલ દેખાતી નથી.અત્યાર સુધી ક્રૂડના ભાવો અંકુશમાં હતા અને પેટ્રોલ અને ડીઝલના ભાવો પણ સ્થિર હતા. જો હવે ક્રૂડમાં ઉછાળો આવે અને જો ક્રૂડના ભાવ ૪૦% થી વધુ ઉછળશે,તો પેટ્રોલ અને ડીઝલના ભાવો પણ વધશે. તેવું નિષ્ણાતો જણાવી રહ્યા છે.જો આવું કઈ પણ બનશે તો શેરબજાર પર અને કંપનીઓના પરિણામો પર વિપરીત અસર જોવા મળશે. માર્ચનીવ૧૫ તારીખના એડવાન્સ ટેક્સના આંકડાઓ પર પણ બજારની નજર છે.કંપનીઓ એડવાન્સ ટેક્સ




કેટલો ભરી રહી છે,તેની અસર શેરબજાર પર પણ જોવા મળશે.શકયતા, તો ગત વર્ષ કરતાં કોર્પોરેટ ટેક્સમાં ઘટાડાની છે પરંતુ સાચી હકીકત તો આંકડાઓ બહાર આવે પછી જ ખબર પડે.

શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણીના જણાવ્યાનુસાર અત્યારે સ્થિતિ નાજુક છે. રોકાણકારો ફસાયેલા છે. યુદ્ધની સ્થિતિમાંથી બહાર આવતા થોડો સમય લાગશે.સંજોગો સાનુકુળ નથી. વૈશ્વિક મંદીનો માહોલ છે. જીઓ પોલીટીકલ ટેન્શન પહેલેથી જ છે. હવે એમાં ઉમેરો થતો જોવા મળી રહ્યો છે. યુદ્ધની સાઈડ ઈફેક્ટ અને નેગેટિવ ઈફેક્ટ આવવાની ધીમે-ધીમે શરૂ થઈ રહી છે. નિકાસકારોના જહાજો મધદરીયે ફસાયેલા છે. શિપમેન્ટ મળતા નથી. ઉંચા ભાડા બોલાવા લાગ્યા છે. ઈન્સ્યોરન્સ કંપનીઓ શીપમેન્ટ ના ઈન્સ્યોરન્સ લેવા તૈયાર નથી અથવા તો પ્રીમિયમમાં ઉછાળો આવી રહ્યો છે,તેવા પણ સમાચાર છે. માલ રેડી છે , ક્લાઈન્ટ રેડી છે પણ શિપમેન્ટ થતા નથી.જે કંઈ પણ શિપમેન્ટ થઈ ગયા છે, તે પણ ફસાયેલા છે. આવી હાલતમાં કંપનીઓના પરિણામો ખરાબ આવી શકે છે.ક્રૂડના ભાવો વધતા જોવા મળી રહ્યા છે. આવનારા દિવસોમાં જો સ્થિતિ વકરશે તો વધારે ઉછાળો ક્રુડ અને ગેસમાં જોવા મળશે.એફ આઈ આઈ માલ વેચી રહી છે. બજારને સુધરતા અને થાળે પડતા એકાદ ક્વાર્ટર લાગી શકે છે.૨૦૨૬-૨૭ ના પહેલા ક્વાર્ટરના પરિણામો કેવા આવે છે તે શેરબજાર માટે ખૂબ જ મહત્વના સાબિત થશે. ઉપરાંત આગામી ત્રણ મહિનામાં મ્યુચ્યુઅલ ફંડ અને એસ.આઈ.પી નો ઈન્ફ્લો કેવો રહે છે તે પણ અગત્યનું સાબિત થશે.

# જામકંડોરણાના વાવડી ગામે માઁ આશાપુરાનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

## શનિ-રવિ બે દિવસીય ધાર્મિક અને સાંસ્કૃત્તિક કાર્યક્રમો યોજાશે

**અબતક, રાજકોટ**



જામકંડોરણા તાલુકાના વાવડી ગામે ગ્રામજનો દ્વારા તારીખ ૧૪ માર્ચ અને ૧૫ માર્ચ ના રોજ આશાપુરા માતાજી મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નું ભવ્ય કાર્યક્રમ નું આયોજન કારવામાં આવ્યું છે. આ પ્રસંગે ધાર્મિક વિધિઓ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો અને ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.કાર્યક્રમ અતર્ગત ૧૪ માર્ચ શનિવારના રોજ મૂર્તિને જલાધિવાસ, ધાન્યધિવાસ, પુષ્પાધિવાસ કારવામાં આવશે.૧૫ માર્ચને રવિવારના શુભ દિવસે બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે માતાજીની નૂતન મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે.આ પ્રસંગે સમસ્ત વાવડી ગામ ધામધૂમે જોડાશે. સાંજે ૬:૦૦ કલાકે મહાપ્રસાદ નું આયોજન કારવામાં આવ્યું છે. જેમાં જામકંડોરણા તાલુકાના તમામ ગામોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. રાત્રે કલાકારો ભજનીક કાળુભા જાડેજા, લોકસાહિત્યકાર જયદીપભાઈ ખુમાન, જયદીપ ગઢવી સહિતના ડાયરામાં રમઝટ બોલાવશે. આ સમગ્ર મહોત્સવનું આયોજનને સફળ બનાવવા વાવડી યુવા ગ્રુપ અને વાવડી ગામના યુવાનો વડીલો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

## અબતક પંચાગ

### તા.૧૦-૩-૨૦૨૬ મંગળવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ**: ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ વદ સાતમ વિછુડો
**નક્ષત્ર** અનુરાધા
**યોગ** હર્ષણ **કરણ:** વિષ્ટિ
**સુર્યોદય** ૭.૦૨ **સુર્યાસ્ત:** ૬.૫૩
**ચંદ્ર રાશી** વૃશ્ચિક
**રાશિ અક્ષર** ન.ય
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૩ થી ૪.૩૦
**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૪ થી ૧.૨૨

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૯-૦૩-૨૦૨૬ સોમવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ચણીયા ટોળી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પોકેટ પરાઠા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દેવાંગી ઓઝા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૦-૦૩-૨૦૨૬ મંગળવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## સૂડોકુ -૭૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૩ | | | |
| | | | | | | | ૩ | |
| | | | ૬ | | ૮ | ૯ | ૭ | |
| | ૫ | ૪ | | | ૨ | | | |
| ૭ | ૮ | | | | | | | |
| ૨ | ૧ | | ૯ | ૮ | ૫ | | | |
| ૪ | | ૬ | ૩ | | | ૧ | | |
| ૩ | | | | ૯ | | ૪ | | |
| | ૭ | ૮ | ૧ | | | | ૯ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૭૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૧ | ૫ | ૯ | ૭ | ૬ | ૩ | ૪ | ૨ |
| ૬ | ૪ | ૩ | ૮ | ૫ | ૨ | ૧ | ૯ | ૭ |
| ૨ | ૭ | ૯ | ૪ | ૩ | ૧ | ૬ | ૮ | ૫ |
| ૫ | ૯ | ૪ | ૭ | ૧ | ૩ | ૨ | ૬ | ૮ |
| ૧ | ૬ | ૮ | ૨ | ૪ | ૫ | ૯ | ૭ | ૩ |
| ૩ | ૨ | ૭ | ૬ | ૯ | ૮ | ૪ | ૫ | ૧ |
| ૪ | ૮ | ૧ | ૫ | ૨ | ૯ | ૭ | ૩ | ૬ |
| ૭ | ૩ | ૬ | ૧ | ૮ | ૪ | ૫ | ૨ | ૯ |
| ૯ | ૫ | ૨ | ૩ | ૬ | ૭ | ૮ | ૧ | ૪ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૦.૩.૨૦૨૬ મંગળવાર ,સંવંત ૨૦૮૨ , ફાગણ વદ સાતમ, અનુરાધા નક્ષત્ર , હર્ષણ યોગ, વિષ્ટિ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ વૃશ્ચિક (ન,ય) રહેશે.**

**મેષ (અ,લ,ઈ) :** અંગત જીવનમાં સારું રહે,મનોમંથન કરી શકો.વિચારોમાં પરિવર્તન જણાય ,શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ) :**વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે, વિવાહિતને દામ્પત્યજીવનમાં સારુ રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.

**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં સારું રહે, જાહેરજીવનમાં આગળ વધી શકો અને તમારું પ્રભુત્વ દર્શાવી શકો ,દિવસ શુભ રહે.


જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**કર્ક (ડ,હ) :**વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં સારું રહે, વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સારું, સંતાન અંગે સારું રહે,યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈ શકો.

**સિંહ (મ,ટ) :** નવી વસ્તુની ખરીદી થાય,સુખ સગવડ પ્રાપ્ત થાય, અન્ય મિત્રોને મદદરૂપ બની શકો , દિવસ સંતોષજનક રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** આર્થિક બાબતો માં મધ્યમ રહે,આવક જાવક સમજીને કરવા, મનમાં સંતોષ અને રાજીપો રહે, શુભ દિન.

**તુલા (ર,ત) :** દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો,ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** કોઈ બાબતમાં વધુ દલીલ થી દૂર રહેવું, વાદ-વિવાદ થી દૂર રહેવું,અંગત મિત્રો સાથે મતભેદ નિવારવા પડે.

**મકર (ખ,જ) :** આકસ્મિત લાભ થાય,મુશ્કેલી માં આશાનું કિરણ દેખાય, મુસાફરીના યોગ બની રહ્યા છે, દોડધામ રહે.

**કુંભ (ગ,સ,શ) :** વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને સારું રહે,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** નસીબ સાથ આપતું જણાય,નવીન તક હાથ માં આવે પરંતુ તેને કાર્યમાં રૂપાંતરિત કરવા મહેનત કરવી જરૂરી બને છે.

## તંત્રી લેખ

# એઆઈની ભૂલ ક્યારેક ઘાતક સાબિત થઈ શકે છે

એઆઈ અત્યારે ટ્રેન્ડિંગ છે. તેનો ઉપયોગ કામને આસાન કરી રહ્યો છે. પણ ક્યારેક એઆઈની ભૂલ ઘાતક પણ બની રહી છે. ઈરાનના દક્ષિણી શહેર મિનાબમાં બનેલી એક ઘટનાએ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે અને માનવજાતને હચમચાવી દીધી છે. અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા ભીષણ હવાઈ હુમલા દરમિયાન એક અત્યંત કરુણ દુર્ઘટના સર્જાઈ છે. અહીં આવેલી એક પ્રાથમિક કન્યા શાળા પર મિસાઈલ પડતા ૧૬૦થી વધુ માસૂમ વિદ્યાર્થીનીઓના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. આ ઘટના આધુનિક યુદ્ધના ઈતિહાસમાં એક કાળો અધ્યાય બની ગઈ છે.

આ હુમલો ત્યારે થયો જ્યારે શજારેહ તૈય્યબહ ગર્લ્સ સ્કૂલમાં સાતથી બાર વર્ષની માસૂમ બાળકીઓ અભ્યાસ કરી રહી હતી. ક્લાસરૂમમાં અચાનક મિસાઈલ પડતા આ માસૂમ જીવો હોમાયા હતા. વર્ષ ૨૦૨૬ના ઈરાન યુદ્ધની આ સૌથી ઘાતક અને કાળજું કંપાવનારી ઘટના બની ગઈ છે. નિર્દોષ બાળકોનો ભોગ લેવાયો હોવાથી આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ કરૂણ હોનારત બાદ સૌથી મોટો પ્રશ્ન એ ઉભો થયો છે કે, શું અમેરિકાએ આ હુમલો જાણીજોઈને કર્યો હતો કે પછી આ કોઈ ટેકનિકલ ખામીનું પરિણામ છે? સંરક્ષણ નિષ્ણાતો માની રહ્યા છે કે આ ઘટના પાછળ યુદ્ધમાં વપરાતી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એઆઈ ટેકનોલોજીની કોઈ મોટી અને ગંભીર ભૂલ હોઈ શકે છે. આધુનિક સમયમાં ટેકનોલોજી પરનો આંધળો વિશ્વાસ કેટલો ભારે પડી શકે તેનું આ જીવંત ઉદાહરણ છે.

આધુનિક યુદ્ધમાં હવે ટાર્ગેટ નક્કી કરવાનું કામ માત્ર માણસો જ નથી કરતા, પરંતુ 'એલ્ગોરિધમ વોરફેર' હેઠળ એઆઈ સિસ્ટમ્સ સેટેલાઈટ તસવીરો અને ડેટા એનાલિસિસના આધારે હુમલાના સ્થળ નક્કી કરે છે. અમેરિકન ડિફેન્સ સિસ્ટમમાં હવે મોટા પાયે એઆઈનો ઉપયોગ થઈ રહ્યો છે. ખાનગી ટેક કંપનીઓ સાથેના સૈન્ય કરારો થકી મશીનો અને ડેટા હવે યુદ્ધના મેદાનમાં જીવન અને મરણના નિર્ણયો લેવા લાગ્યા છે.

પ્રાથમિક તપાસમાં એવું સામે આવ્યું છે કે જે જગ્યાએ હાલમાં શાળા હતી, ત્યાં પહેલા ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડનો મિલિટરી બેઝ હતો. એવું માનવામાં આવે છે કે એઆઈ સિસ્ટમે જૂના ડેટાના આધારે આ લક્ષ્યાંક નક્કી કર્યો હશે. જો એઆઈ સિસ્ટમને અપડેટેડ માહિતી ન મળી હોય કે ત્યાં હવે લશ્કરી બેઝની જગ્યાએ શાળા બની ગઈ છે, તો સ્વાભાવિક રીતે જ સિસ્ટમ જૂની માહિતીને આધારે વિનાશક હુમલો કરી બેસે છે.

# બગસરામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિને પૂ.મોરારિબાપુના હસ્તે નારીરત્નનું સન્માન

## પાંચ પ્રતિભાશાળી મહિલાઓને સન્માનિત કરી માતૃશક્તિની મહત્તા પર ભાર : ભગવદ ગીતાના ઉલ્લેખ સાથે પૂ.મોરારિબાપુનો સંદેશ

**અબતક રાજકોટ**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે બગસરામાં બાળ કેળવણી મંદિર અને જ્યોતિ મહિલા વિકાસ સંગઠન દ્વારા પ્રતિભા સંપન્ન મહિલાઓને નારીરત્ન સન્માન આપવામાં આવ્યું. આ સન્માન પ્રસંગે પ્રખ્યાત કથાકાર મોરારીબાપુના હસ્તે પાંચ પ્રતિભાશાળી મહિલાઓને સન્માનિત કરવામાં આવી.

આ પ્રસંગે મોરારિબાપુએ ભગવદ ગીતા નો ઉલ્લેખ કરતા જણાવ્યું કે માતૃશરીરમાં કીર્તિ, શ્રી, સ્મૃતિ, મેધા, ધીરજ અને ક્ષમા જેવી દૈવી વિભૂતિઓ વસે છે.



માતૃશક્તિમાં શક્તિ, શાંતિ અને ક્ષમા જેવા ગુણો સમાજના વિકાસ માટે અગત્યના હોવાનું તેમણે જણાવ્યું.

આ કાર્યક્રમમાં લીલાબેન શાહને શ્રેષ્ઠ મહિલા કાર્યકર સન્માનથી નવાજવામાં આવ્યા. ઉપરાંત ભાવિકાબેન દર્શનભાઈ હિરપરા, ભાવનાબેન વજુભાઈ સતાસિયા (બગસરા), વર્ષાબેન ભાવેશભાઈ રૈયાણી (નવી હળીયાદ) અને જીજ્ઞાબેન દીપકભાઈ ભટ્ટી (બગસરા) ને જ્યોતિ નારી રત્ન સન્માન આપવામાં આવ્યું.

મોરારિબાપુએ પોતાના સંદેશમાં માતૃવંદનાની સાથે માતૃશક્તિમાં રહેલી શક્તિ અને સંસ્કારના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે લાલચંદબાપા અને શ્યામજી બાપાના સ્મરણ સાથે સંસ્થાના વિકાસ અંગે પ્રસન્નતા વ્યક્ત કરી.

આ કાર્યક્રમમાં લોકભારતી સણોસરાના વડા અને લોકવૈજ્ઞાનિક અરુણભાઈ દવે દ્વારા વૈશ્વિક શાંતિ માટે માતા અને બાળ કેળવણીના સંસ્કારો મહત્વના હોવાનું જણાવાયું. દેવચંદભાઈ સાવલિયાએ પરિવાર વ્યવસ્થામાં સંસ્કારોના મહત્વ અને સમાજમાં વધતા દૂષણો અંગે પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા.

કાર્યક્રમમાં ચેતનભાઈ શાહે સ્વાગત ઉદ્બોધન આપ્યું અને સંસ્થાની કામગીરી વિશે માહિતી આપી. આ પ્રસંગે હિંમતભાઈ ગોડા, જયોત્સનાબેન રીબડિયા, બ્રહ્માકુમારી રસિલાબેનજી, અર્ચનાબેન દવે, નિરૂપમાબેન વૈષ્ણવ, કાંતિભાઈ પરસાણા, પ્રવિણભાઈ ઠક્કર, પ્રફુલ્લભાઈ સેંજલિયા, મીનાબેન શાહ, અશ્વિનભાઈ દોશી અને પિયુષભાઈ શાહ સહિત અનેક આગેવાનો અને સામાજિક આગેવાનો હાજર રહ્યા.

કાર્યક્રમની શરૂઆત શિશુકુંજની બાળાઓના સ્વાગત અભિનયથી કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન દયાબેન ગેડિયા દ્વારા કરવામાં આવ્યું અને જયશ્રીબેન સાવલિયા તથા સમગ્ર સંસ્થા પરિવાર દ્વારા સુંદર સંકલન કરવામાં આવ્યું.

# ચોટીલામાં સેવા સેતુ કાર્યક્રમ ઘરઆંગણે ઉકેલાશે લોકોના પ્રશ્નો

## નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણાની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં તમામ વિભાગના અધિકારીઓને અપાયું માર્ગદર્શન

**અબતક રણજીતસિંહ ધાંધલ ચોટીલા**

ચોટીલા તાલુકાના નાગરિકોને સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ સરળતાથી અને ઝડપથી મળી રહે તે હેતુથી આગામી તારીખ ૨૩/૦૩/૨૦૨૬ સુધી 'સેવા સેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંદર્ભે નાયબ કલેક્ટર એચ. ટી. મકવાણાના અધ્યક્ષસ્થાને તાલુકાના વિવિધ વિભાગના અધિકારીઓ સાથે એક મહત્વની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં નાયબ કલેક્ટરે જણાવ્યું હતું કે, સેવા સેતુ કેમ્પો દ્વારા નાગરિકોની અરજીઓનો



સ્થળ પર જ નિકાલ કરવામાં આવશે. આ વ્યવસ્થાથી લોકોને તાલુકા કે જિલ્લા કચેરીઓના ધક્કા ખાવા પડશે નહીં, જેનાથી તેમના સમય અને નાણાંની બચત થશે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સરકારી સેવાઓને વધુ પારદર્શક અને લોકકેન્દ્રિત બનાવવાનો છે.

બેઠક દરમિયાન મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી (TDO), સીડીપીઓ (CDPO), તાલુકા હેલ્થ ઓફિસર, પીજીવીસીએલના ઈજનેર, બેંક મેનેજર અને ખેતીવાડી વિભાગ સહિતના વિવિધ ૧૦ જેટલા વિભાગના વડાઓ હાજર રહ્યા હતા. નાયબ કલેક્ટરે તમામ અધિકારીઓને જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા અને છેવાડાના માનવી સુધી આ યોજનાઓનો લાભ પહોંચાડવા કડક સૂચનાઓ આપી હતી.

# ચોટીલા: સૌરાષ્ટ્ર પ્રાંત પ્રેરિત ડુંગર પરિક્રમામાં પ્રચારમાં સંતો અને ભાવિકોને જોડાયા

## વલ્લભીપુર-ઉમરાળા પંથકમાં 'ધર્મ જાગરણ સમન્વય' દ્વારા સાહિત્ય વિતરણ અને સંતોને આમંત્રણ પાઠવવામાં આવ્યું

**અબતક રણજીતસિંહ ધાંધલ ચોટીલા**



'ધર્મ જાગરણ સમન્વય' સૌરાષ્ટ્ર પ્રાંત પ્રેરિત આગામી ચોટીલા ડુંગર પરિક્રમાના પ્રચાર-પ્રસાર માટે ગઢડા અને ઢસા તાલુકાની ટીમ દ્વારા ઉમરાળા અને વલ્લભીપુર વિસ્તારમાં વિશેષ સંપર્ક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય વધુમાં વધુ શ્રદ્ધાળુઓને આ ધાર્મિક કાર્યમાં જોડવાનો છે.ટીમ દ્વારા પચ્છેગામના મોરલીધર દાદા મંદિર, રામવાડી આશ્રમ અને નવાગામના હરદેવકૃપા આશ્રમ ખાતે દર્શન કરી પૂજ્ય સંતોને પરિક્રમા માટે વિશેષ નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. આ સાથે જ વલ્લભીપુર, ઉમરાળા અને ધોળા વીશી ખાતે કાર્યકર્તાઓ સાથે બેઠકો યોજી સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું હતું. ધર્મ જાગરણ સમન્વય દ્વારા તમામ ભાવિકોને મોટી સંખ્યામાં ચોટીલા પરિક્રમામાં ઉમટી પડવા આહ્વાન કરવામાં આવ્યું છે.

# જસદણમાં ટી-૨૦ વિશ્વ વિજેતા ટીમ ઈન્ડિયાની જીતનો જશ્ન મનાવાયો



**અબતક, હીતેશ ગોસાઈ, જસદણ**

ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતએ ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને ૯૬ રને કારમી હાર આપતાં જસદણમાં હજજારો ક્રિકેટ રસિકો આનંદથી ઝૂમી ઉઠ્યાં હતાં અને ઠેર ઠેર ફટાકડાંની આતશબાજી કરવામાં આવી હતી આ અંગે જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડએ જણાવ્યુ હતું કે ભારતની જીતથી નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારતનો સુવર્ણ અક્ષરે ઈતિહાસ લખાયો તેનું અમને ગૌરવ છે આ ઉપરાંત હોસ્ટ કન્ટ્રી તરીકે ટ્રોફી જીતનાર દેશની પહેલી ટીમ બન્યાંની અમને ખુશી છે જસદણમાં આમ તો ભારતની જીત પહેલાં કેટલાય વિસ્તારોમાં ફટાકડા ફોડવા માંડ્યા હતાં પણ જીત બાદ દીપાવલી જેઓ માહોલ ક્રિકેટ પ્રેમીઓએ સર્જ્યો હતો.

### કાનપુર નજીક પુલ રીપેરીંગ સબબ

# રાજકોટ થઈ ચાલતી ઓખા - ગોરખપુર એક્સપ્રેસ ટ્રેન બલાયેલા રૂટ પર દોડશે

## ઐશબાગ, બાદશાહનગર, બારાબંકી ગોડા સ્ટેશનો પર ટ્રેન નહીં જાય

**અબતક, રાજકોટ**

રાજકોટ: ઉત્તર રેલવેના કાનપુર સેન્ટ્રલ સ્ટેશન પાસે આવેલા બ્રિજ ૧૧૦ પર નિર્ધારિત મેન્ટેનન્સ કામગીરીના કારણે, પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન પરથી પસાર થતી ટ્રેન સંખ્યા ૧૫૦૪૬ ઓખા-ગોરખપુર સાપ્તાહિક એક્સપ્રેસ નિર્ધારિત તારીખોમાં આંશિક રીતે બદલાયેલા માર્ગ પર ચલાવવામાં આવશે.તારીખ ૦૫, ૧૨, ૧૯ અને ૨૬ એપ્રિલ તથા ૦૩ અને ૧૦ મે ૨૦૨૬ ના રોજ ઓખાથી ઉપડનારી આ ટ્રેન તેના નિયમિત માર્ગ વાયા કાનપુર સેન્ટ્રલ-ઐશબાગ-મલ્હૌર-બારાબંકી-ગોરખપુરના બદલે આંશિક રીતે પરિવર્તિત માર્ગ વાયા કાનપુર સેન્ટ્રલ-પ્રયાગરાજ-માં બેલહા દેવી ધામ પ્રતાપગઢ જંક્શન-ગોરખપુર થઈને દોડશે. માર્ગમાં ફેરફારને કારણે આ તારીખો દરમિયાન આ ટ્રેન ઐશબાગ, બાદશાહનગર, બારાબંકી અને ગોંડા સ્ટેશનો પર જશે નહીં.રેલવે પ્રશાસન મુસાફરોને ફેરફારને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનોના સંચાલન સંબંધિત લેટેસ્ટ માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઈટની અવશ્ય મુલાકાત લે.

# ગોંડલ: મહિલા દિન નિમિતે સમાજનું ઘડતર કરનાર નારી રત્નોનું સન્માન

**અબતક,જીતેન્દ્ર આચાર્ય ,ગોંડલ**

ગોંડલ ધ ગ્રોઈંગ કિડ્સ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે સમાજનું ઘડતર કરનાર અને વિવિધ ક્ષેત્રોમાં નેતૃત્વ પૂરું પાડનાર આદરણીય નારી રત્નોના સન્માનનો અવસર યોજાયો હતો. કાર્યક્રમમાં રીનાબેન ભોજાણી ઉપાધ્યક્ષ - રાજકોટ જિલ્લા અને જજ - બાળ અદાલત, પરિતાબેન ગણાત્રા ઉપપ્રમુખ નગરપાલિકા,



અસ્મિતાબેન રાખોલિયા ઉપપ્રમુખ શહેર ભાજપ, નીતાબેન મહેતા મંત્રી - શહેર ભાજપ અને ડિરેક્ટર -નાગરિક બેંક દિવ્યાબેન સાતા મેડિકલ ઓફિસર - વિજયનગર અર્બન સેન્ટર - એબબીબીએસ ડો. કૃપાબેન સોરઠીયા, હેતલબેન પટેલ યોગા ટ્રેનર,રશ્મિબેન માંડલીક નું સન્માન કરાયું હતુ.

# ઉપલેટા શહેર ભાજપ મહિલા મોરચામાં પરમાર અને યુવા મોરચામાં કકકડને પ્રમોશન: પ્રમુખ અને મહામંત્રી જવાબદારી સોંપાઈ

## યુવા મોરચાના પ્રમુખ તરીકે નરેન્દ્રસિંહ જાડેજાની વરણી

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા શહેર ભારતીય જનતા પાર્ટીના વિવિધ સંગઠનના હોદ્દેદારોની જાહેરાત કરાતા જેમાં મહિલા મોરચામાં પરમાર અને યુવા મોરચામાં કકકડને પ્રમોશન સાથે પ્રમુખ અને મહામંત્રીની જવાબદારી પાર્ટીએ સોંપી છે. જયારે યુવા મોરચાના પ્રમુખ તરીખે જાડેજાની વરણી કરાઈ છે.

જીલ્લા ભાજપ સાથે ચર્ચા વિચારણા કરી સ્થાનીક સંગઠન દ્વારા વિવિધ મોરચાના હોદેદારોની વરણી કરવામાં આવી છે. તેમાં મહિલા



મોરચાના પ્રમુખ તરીખે ફાલગુનીબેન પરમારને પ્રમોશન આપી પ્રમુખ પદની જવાબદારી સોંપવામાં આવી છે. જયારે અગાઉ પ્રમુખ તરીખે જવાબદારી નિભાવનાર નિતાબેન માંડલીયાને મહામંત્રી બનાવી દેવાયા છે. જયારે બીજા મહામંત્રી ચેતનાબેન સોજીત્રા બનાવાયા છે. તેઓ નવો ચહેરો સંગઠનમાં છે આ ઉપરાંત શહેર યુવા મોરચામાં અગાઉ મંત્રી તરીખેની જવાબદારી સંભાવનાર ફેનિલ કકકડ ને પ્રમોશન આપી મહામંત્રી બનાવાયા છે. જયારે યુવા ભાજપના પ્રમુખ તરીખે નરેન્દ્રસિંહ જાડેજા જવાબદારી સોંપવામાં આવી છે. જયારે અનુ. જાતિ મોરચાના પ્રમુખ તરીખ પૂર્વ નગર સેવક ધમેશ ભાસ્કરને બનાવાયા છે. જયારે બીક્ષી મોરચામાં ધરમભાઈ શિહોરાના પ્રમુખપદ સોંપવામાં આવેલ છે. આ વરણીને ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા જીલ્લા ભાજપના મહામંત્રી રવિભાઈ માકડીયા, જીલ્લા ભાજપ મંત્રી અનિતાબેન ચૌહાણ, ઉપપ્રમુખ જયેશભાઈ ત્રિવેદી, નગરપાલિકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ બાંધકામ સમીતીના ચેરમેન મનોજભાઈ નંદાણીયા નગર પ્રાથમીક શિક્ષણ સમીતીના ચેરમેન નિકૃતિભાઈ ચંદ્રવાડીયા શહેર ભાજપ સંગઠનના વિવિધ હોદેદારો નગરસેવકો તેમજ પાર્ટીના કાર્યકર્તાઓ એ આવકારી શુભેચ્છા પાઠવી હતી.

### ગૌ ભકત સુરેશભાઈના સ્મરણાર્થે

# ઉપલેટા: માનવ સેવા ટ્રસ્ટ અન્નક્ષેત્ર દ્વારા રવિવારે સર્વરોગ નિદાન કેમ્પ

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા પંથકમાં અઢી દાયકાથી વિવિધ સેવાકિય પ્રવૃત્તિથી સંકળાયેલ માનવ સેવા ટ્રસ્ટ અન્નક્ષેત્ર અને ગ્રાહક સુરક્ષા મંડળના સંયુકત ઉપક્રમે શહેરના જાણીતા ગૌ ભકત સુરેશભાઈ માકડીયાના સ્મરણા અર્થે સર્વ રોગ નિદાન કેમ્પ તથા આંખના ઓપરેશનના કેમ્પનું આયોજન તા.૧૫ને રવિવાર સવારે ૯ થી ૧ સુધી સમસ્ત વાજા જ્ઞાતી વાડી સિધ્ધાર્થ ચેમ્બરની બાજુમાં જવાહર રોડ ઉપલેટામાં આયોજન કરવામાં આવેલ છે.

શહેરના જાણીતા ગૌ ભકત અને વડચોક ગૌ સેવા સમાજના પ્રણેતા સુરેશભાઈ વલ્લભભાઈ



માકડીયાના સ્મરણા અર્થે માનવ સેવા ટ્રસ્ટ અન્નક્ષેત્ર દ્વારા પિયુષભાઈ માકડીયા અને ધવલભાઈ માકડીયાના મુખ્ય સહકારથી આ સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં આંખના મોતીયાના ઓપરેશન માટે રણછોડદાસ આશ્રમ આંખની હોસ્પિટલ રાજકોટ દ્વારા વિનામૂલ્ય કરી આપવામા આવશે આ ઉપરાંત સુપેડી ધ્રુવ આયુર્વેદ કોલેજના જાણીતા ડોકટરો આ ઉપરાંત ઘુટણ, કમર, વા, જુના હઠીલા દર્દોની તપાસણી વિનામૂલ્ય કરી આપવામાં આવશે. ઘણા દુ:ખાવાની સારવાર લેશરગનથી વિનામૂલ્ય પણ કરી આપવામાં આવશે. આ કેમ્પમાં ભાગ લેવા માગતા દર્દીઓએ વહેલા તે પહેલાના ધોરણે લાલજીભાઈ રાઠોડ મો. ૮૦૦૦૩૮૨૩૮૨ રમેશભાઈ ૯૪૨૯૩ ૫૧૯૨૨ ઉપર સંપર્ક કરી નામની નોંધરી કરાવી લેવી.

# ઉપલેટા: મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા સાત દિવસીય વર્કશોપ યોજાયો

## વિદ્યાર્થીઓનું વિકાસલક્ષી અભિગમને ધ્યાન લઈને અનેરો પ્રયાસ

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિચાર આત્મનિર્ભર ભારત અને સરકારના ઈનોવેશન અને સ્ટાર્ટઅપ અંગેની જાગૃતિ વિદ્યાર્થીઓમાં આવે અને માર્ગદર્શન મળી રહે તે હેતુથી મ્યુનિસિપલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અને કેસીજી અમદાવાદના સંયુકત ઉપક્રમે સરકાર દ્વારા વિદ્યાર્થીઓના વિકાસલક્ષી અભિગમને ધ્યાનમાં લઈને પ્રવર્તમાન સમયની ઔદ્યોગિક વિકાસની માંગને પહોંચી વળવા માટે ઈનોવેશન ક્લબ દ્વારા સાત દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઈનોવેશન ક્લબ દ્વારા જુદા-જુદા ક્ષેત્રના નિષ્ણાંત વ્યક્તિઓ તેમજ ઉદ્યોગ ક્ષેત્રના નિષ્ણાત વ્યક્તિઓ દ્વારા જુદા-જુદા પ્રકારની ઔદ્યોગિક વસ્તુઓના ઉત્પાદનથી શરૂ કરીને વેચાણ સુધીની પ્રક્રિયાની માહિતી



તસવીર : શહેઝાદ બાદશાહ

અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ માર્ગદર્શનનો હેતુ પ્રવર્તમાન વિદ્યાર્થી પેઢીમાં નવા ઉદ્યોગ સાહસિકો બહાર લાવવાનો હતો. જેનાથી વિદ્યાર્થીઓને સારૂ એવું માર્ગદર્શન મળ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉદ્યોગ ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતા વ્યકિતઓ જેમાં ચેતન ભોજાણી, વિશાલ સરવૈયા, હિરેન જોશી દ્વારા માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઈનોવેશન અને સ્ટાર્ટઅપને લગતી માહિતી પ્રિ. ડો. એન.ડી.ઝાલા, ડો.દિવ્યેશ સંઘાણી, ડો. કે. આર.રામ, ડો.ઋષિકેશ ઉપાધ્યાય તેમજ ડો.શિવાની દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. પ્રવર્તમાન વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે કૃપા બોડા, નિરાલી અનડકટ, ઉર્વી કાનાબાર તથા અંજલિ રાઠોડ દ્વારા સરકારની પ્રવર્તમાન નાણાકીય સહાય અને સુવિધાઓની માહિતી આપી હતી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના પ્રિ.ડો.વલ્લભભાઈ એ. નંદાણીયા તેમજ ઈનોવેશન ક્લબના સંયોજક અને સંચાલક પ્રો. ડો. ગૌતમભાઈ સીરજા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

આ ઉપરાંત કોલેજના વિભાગીય અધ્યક્ષ ડો.નીલમ, ડો.કાંજિયા, ડો.દર્શના, ડો.તૃપ્તિ, ડો.બુટાણી, ડો.રાઠોડ, ડો.ડોબરીયા તેમજ ડો.ગીતાનો સારો સહયોગ અને સહકાર મળેલ હતો તેમજ કોલેજના કાર્યાલય સ્ટાફનો પણ ખૂબ જ સારો સહકાર પ્રાપ્ત થયેલ હતો.

### વ્યાજખોરીના સકંજામાંથી નાગરિકોને છોડવવા

# ઉપલેટા: પોલીસ આયોજીત લોન મેળોનો ૬૫ લોકોએ લીધો લાભ

## બે વ્યાજખોરો સામે ફરીયાદ આવતા કાનુની કાર્યવાહી હાથ ધરાઈ



તસવીર : શહેઝાદ બાદશાહ

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

રાજ્ય સરકાર તેમજ પોલીસ વિભાગના આદેશથી આમ જનતાને વ્યાજખોરોના ચુંગાલમાંથી છોડાવવા સ્થાનીક પોલીસ દ્વારા લોન મેળો યોજના તેમાં ૬૫ જેટલા નાના રેંકડી ધારકો અને ધંધાર્થીઓ જોડાયા હતા

આ અંગે સ્થાનીક પી.આઈ. બી.આર. પટેલે જણાવેલ કે સામાન્ય જનતાને વ્યાજખોરોના ચુંગાલમાંથી બચાવવા અને સરકારી ધિરાણની યોજનાઓની માહીતી પુરી પાડવા સ્થાનીક પોલીસ સ્ટેશનમાં બેન્કમાં કેવી રીતે લોન મેળવી શકાય તે અંગેની વિવિધ બેન્કોના પ્રતિનિધિઓએ માર્ગદર્શન આપેલ હતું. ખાસ તો વ્યાજખોરી જેવી સામાન્ય બ્હાથી દુર રાખવા આ લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોન મેળામાં ૬૫ કરતા વધુ નાગરીકોએ ભાગ લીધો હતો લોન લેવા માંગતા નાગરીકોને ઉપસ્થિતિ રાષ્ટ્રીયકૃત બેન્કો, સહકારી બેન્કોના પ્રતિનિધિઓએ જે તે બેઠકમાં ડોકયુમેન્ટ આપી લોનની પ્રક્રિયામાં સહેલાયથી ભાગ લઈ શકે તે માટે સંપર્ક નંબરો આપી લોન અરજદારોને મદદરુપ બન્યા હતા.

લોધિકાના બાલસર ગામ નજીકથી

# વીજ કંપનીનો ૪.૪ કિ. મી. લાંબો વાયર વીજપોલ પરથી કાપી જનાર રાજસ્થાની ગેંગની બેલડી ઝબ્બે

## કાગદડી ગામે રહેતો કનીરામ ગુર્જરે એલ્યુમિનિયમ વાયર ચોરી કરવાનો પ્લાન ઘડ્યો  કિશન ગુર્જર રાજસ્થાની ટોળકી સાથે ત્રાટકતો

## બે શખ્સોની ધરપકડ કરી રૂ. ૧.૮૦ લાખનો વાયર કબ્જે કરતી રાજકોટ રૂરલ એલસીબી ટીમ  ગેંગ લીડર સહિત સાત શખ્સોની શોધખોળ

### રાજસ્થાની ટોળકીએ ચોરીની આપેલી કબૂલાતો

ગઈ તા.૦૭-૦૨-૨૦૨૬ ના રોજ કનીરામ ગુર્જર, તેનો માસીનો દીકરો કિશન મોહનલાલ ગુર્જર, કિશન આશારામ ગુર્જર, તેનો મિત્ર જીવરાજસિંગ ઉર્ફે કૈલાશ અને અન્ય ચાર શખ્સોએ લોધિકા તાલુકાના ખીરસરા-લોધિકા રોડ પર બાલસર ગામના પાટીયા નજીક વીજપોલ પરથી એલ્યુમિનિયમ વાયર ચોરી ગયા હતા.

ગત તા.૦૯-૧૦/૦૨/૨૦૨૬ ના રાત્રીના પ્રહલાદ નકુલ રાઉત, કનીરામ ગુર્જર, કિશન મોહનલાલ ગુર્જર, કિશન આશારામ ગુર્જર, કૈલાશ અને અન્ય ચાર શખ્સોએ તારાપુર હાઈવે પાસે વટામણ નજીક ગોલાણા, ગલીયાણા ગામ પાસેથી વિજ વાયરની ચોરીને અંજામ આપ્યો હતો.



**અબતક, રાજકોટ**

લોધીકા તાલુકાના બાલસર ગામના પાટીયા પાસેથી પીજીવીસીએલના રૂ.૧.૮૦ લાખની કિંમતનો ૪.૪ કીમી લાંબો વાયર વીજપોલ પરથી કાપી ચોરી જનાર રાજસ્થાની ગેંગના બે સાગરીતોની ધરપકડ કરી રૂરલ એલસીબી ટીમે ૧૦૯૦ કિલોગ્રામ એલ્યુમિનિયમ વાયર સહીત બે લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે ગેંગ લીડર સહીત સાત શખ્સોની શોધખોળ આદરી હતી.

બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો લોધિકામાં રહેતા પીજીવીસીએલના નાયબ ઈજનેર ભાવેશભાઈ હાપલીયાએ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે,

ગઈ તા.૦૩/૦૧ થી ફીસ્ફા રબ્બર કંપની બાલસરના નવા કનેકશન અંગે ૬૬ કેવી ખીરસરા સબ સ્ટેશનમાંથી નવા ફીડરની કુલ લંબાઈ ખુલ્લી વીજ લાઈન ૪.૦૧૫ કી.મી. તેમજ અંડર ગ્રાઉન્ડ ૧.૬૯ કી.મી. મંજુર થયેલ હતુ. જેની કામગીરી ગઈ તા.૦૫/૦૧ થી શરૂ કરેલ અને તા.૦૫/૦૨ ના રોજ પુર્ણ થયેલ હતું. ગઈ તા.૦૮-૦૨ ના સ્ટાફના માણસો આ નવા ફીડરનું પરચુરણ કામ કરવા ગયેલ ત્યારે ખીરસરા-લોધીકા રોડ ઉપરના બાલસર ગામના પાટીયાથી ફીસ્ફા રબ્બર કારખાના તેમજ ત્યાંથી આગળ હરીપર તરવળા રોડ ઉપર ઓમ પ્લાસ્ટીક કારખાના તરફ જતા રોડ સુધી ઉભા કરવામાં આવેલ વીજ પોલનો વીજ વાયર મળી આવેલ નહી.

જેથી માણસોએ તેઓને જાણ કરતા તુરત જ સ્થળ ઉપર ગયેલ અને જોયેલ તો અંદાજીત ૨.૪ કી.મી. ૧૦૦ એમ.એમ. સ્કવેર તેમજ ૨ કી.મી. ૫૫ એમ.એમ. સ્કવેર એલ્યુમીનીયમ વીજ વાયર વીજ પોલ ઉપરથી કોઈ અજાણ્યા માણસો કાપી ઉતારી ગયેલાનું જણાય આવેલ જેની અંદાજીત કિંમત રૂ. ૧.૮૦ લાખ જે વીજ વાયર કોઈ અજાણ્યા ચોર ચોરી કરી લઈ જતાં ફરીયાદ નોંધાવેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી મેટોડા પોલિસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

પીજીવીસીએલની માલિકીના વાયરની ચોરીની ઘટનાનો તાત્કાલિક ભેદ ઉકેલવા રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા સુચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને રાજકોટ રૂરલ એલસીબી ટીમના પીઆઇ વી વી ઓડેદરા, પીએસઆઇ એચ સી ગોહિલ, કે એમ ચાવડા, આર વી ભીમાણી અને પી એન ભરવાડના માર્ગદર્શન હેઠળ એએસઆઈ રવિદેવભાઈ બારડ, બ્રિજરાજસિંહ જાડેજા, રોહિતભાઈ બકોત્રા, હેડ કોન્સ્ટેબલ છત્રપાલસિંહ જાડેજાએ ટેકનિકલ અને હ્યુમન સોર્સ તેમજ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના નેત્રમ પ્રોજેકટની મદદથી કનીરામ માંગીલાલ ગુર્જર (ઉવ ૨૯ હાલ રહે. કાગદડી ગામ, છત્તરના પાટિયા નજીક, રાજકોટ મૂળ રહે. રાજસમદ, રાજસ્થાન) અને પ્રહલાદ નકુલભાઈ રાઉત (ઉવ ૩૨ હાલ રહે. આણંદપર, સિલ્વર કારખાનાની ઓરડીમાં જામનગર મૂળ રહે. દુમકા, ઝારખંડ) ની ધરપકડ કરી ૧૦૯૦ કિલોગ્રામ એલ્યુમિનિયમ વીજ વાયર જેની કિંમત રૂપિયા ૧.૮૦ લાખ અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા બે લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઝડપાયેલ શખ્સોની પૂછપરછમાં તેમણે કબુલાત આપી હતી કે, કનીરામ ગુર્જર અહીં કાગદડી નજીક ભંગારનો ડેલો ધરાવે છે. તેણે લોધિકાના બાલસર ગામ નજીકથી પીજીવીસીએલના વાયર ચોરી જવાનું પ્લાનિંગ કર્યું હતું. જે પ્લાનિંગને અંજામ આપવા તેણે કિશન આશારામ ગુર્જર (રહે. રાજસમદ,રાજસ્થાન)નો સંપર્ક કરતા તે અહીં તેની ગેંગના કિસન મોહનલાલ ગુર્જર ( રહે રાજસમદ, રાજસ્થાન), જીવરાજ ઉર્ફે કૈલાશ (રહે બ્યાવર,રાજસ્થાન) અને અન્ય ચાર માણસો સાથે અહીં ત્રાટક્યો હતો. બાદમાં ઝડપાયેલ કનીરામ ગુર્જર અને પ્રહલાદ રાઉત એમ મળી નવ શખ્સો લોધિકા તાલુકાના બાલસર ગામે ત્રાટક્યા હતા અને વીજપોલ પરથી ૪.૪ કિમી લાંબો વીજ વાયર કાપી ચોરીને અંજામ આપી નાસી ગયા હતા. જેથી રૂરલ એલસીબીની ટીમે ગેંગ લીડર કિશન આશારામ ગુર્જર, કિશન મોહનલાલ ગુર્જર, જીવરાજ ઉર્ફે કૈલાશ અને અન્ય ચાર શખ્સો મળી કુલ સાતની શોધખોળ યથાવત રાખી છે.

# ચુડા: લેન્ડ ગેબ્રીંગના ગુનામાં વોન્ટેડ અરવિંદ ધરજીયા ઝડપાયો

## એસ.ઓ.જી.એ આરોપીને મોરબીના લાલપુર ગામેથી ઝડપી લીધો



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર એસઓજી પોલીસ દ્વારા અલગ-અલગ ગુન્હામાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા ખાસ ડ્રાઈવનું આયોજન કરવામા આવ્યું છે. ત્યારે ચુડા પોલીસ મથકના લેન્ડ ગેબ્રીંગના ગુન્હામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપી અરવિંદભાઈ મઘાભાઈ ધરજીયા રહે. વેજળકા, તા.ચુડા વાળાને બાતમીના આધારે મોરબી તાલુકાના લાલપુર ગામે ભાડાના મકાનમાં રહેતો હોવાની હકીકતને આધારે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તેમજ ઝડપાયેલ આરોપીને ચુડા પોલીસ મથકે સોંપવામાં આવ્યો હતો.

# લખતર નજીક ખાનગી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો

## બસમાં સવાર તમામ મુસાફરોનો આબાદ બચાવ થતા મોટી જાનહાનિ ટળી



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લખતર હાઈવે પર છેલ્લા ઘણા સમયથી અકસ્માતોના બનાવો અવારનવાર સામે આવી રહ્યા છે ત્યારે વધુ એક અકસ્માત સર્જાયો હતો. જેમાં લખતર-વિરમગામ હાઈવે પર આવેલ ગેથળા હનુમાનજી મંદિર પાસે ખાનગી લકઝરી બસ ટ્રક સાથે ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં સદનસીબે લકઝરી બસમાં સવાર તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ વિરમગામથી મુસાફરો ભરેલ એક ખાનગી લકઝરી બસ લખતર તરફ આવી રહી હતી ત્યારે લખતર અને કડુ વચ્ચે આવેલ ગેથળા હનુમાનજી મંદિર પાસે પહોચતા લક્ઝરીના ચાલકે અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા લકઝરી બસ આગળ જઈ રહેલ એક ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી.

લક્ઝરી બસ સંપૂર્ણ મુસાફરોથી ભરી હતી પણ સદનશીબે તમામ મુસાફરોનો આબાદ બચાવ થતા જાનહાનિ ટળી હતી અને એક પણ મુસાફરને ઈજાઓ પહોંચી નહોતી જ્યારે અકસ્માતમા લક્ઝરી બસના આગળના ભાગમાં મોટા પ્રમાણમાં નુકશાન પહોંચ્યું હતુ. આ અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા અને પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી.

# જૂનાગઢના ડુંગરપુર ગામે થયેલી ત્રણ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

## તાલુકા પોલીસે મહિલા સહિત છ શખ્સોની કરી ધરપકડ: રૂા.૧.૦૩ લાખનો મુદ્દામાલ કબ્જે



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારના ડુંગરપુર ગામે થયેલ ત્રણ ઘરફોડ ચોરીના ગુનાના કામે ચોરી કરનાર એક મહિલા સહિત ૬ ચોર ઈસમોને જુનાગઢ તાલુકા પોલીસે પકડી પાડ્યા હતા.

જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં તા.૧૨/૦૨/૨૦૨૬ ના રોજ ફરીયાદીના દીકરાને તાવ આવતો હોવાથી જુનાગઢ સીવીલ હોસ્પીટલમા સારવારમા લઈ ગયેલ હતા અને પરત ઘરે આવતા ફરીયાદીના ઘરમાંથી સોના - ચાંદીના દાગીના મળી કુલ રૂ.૧,૦૩૦૦૦ ના મત્તાની કોઈ અજાણ્યો ચોર ઈસમ ઘરની અંદર પ્રવેશ કરી ચોરી કરી લઈ ગયેલ હોવાની ફરિયાદ દાખલ થઈ હતી.

જે ગુન્હાના આરોપીઓને પકડી પાડવા તાલુકા પી.આઈ. એફ.બી.ગગનીયા તથા પોલીસ સ્ટાફ સતત પ્રયત્નશીલ હતો. દરમિયાન ટેકનીકલ સોર્સ તેમજ હ્યુમન સોર્સ આધારે મળેલ હકીકતના આધારે ડુંગરપુર ગામના રહીશ મહેબુબ ઉર્ફે મેબલો જાકીરશા શાહમદાર તથા રોહીત ઉર્ફે કાલી રમેશભાઈ સરવૈયાને પકડી, પોલીસ સ્ટેશન ખાતે લાવી યુક્તિ પ્રયુક્તિથી પુછપરછ કરતા પોતે ગુનાની કબુલાત આપેલ હતી,

આ સાથે આ ચોરી કરવામા તેમની સાથે અન્ય આરોપી જેબુનબેન જાકીરશા શાહમદાર, ઈમરાન ઉર્ફે ફૈજાન અમીનભાઈ સીડા, લતીફ કરીમભાઈ બ્લોચ તથા કાના નાથાભાઈ બોરખતરીયા (રહે, દોલતપરા જુનાગઢ)ની પણ સંડોવણી હોવાનુ જણાવતા તમામ આરોપીઓને પકડી પાડી, રૂ.૧,૦૩,૦૦૦ નો ચોરીમા ગયેલ તમામ મુદામાલ રીકવર કરી, તાલુકા પોલીસે આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે આરોપીઓની વધુ તપાસ અને પૂછપરછ કરતા આરોપીઓની કબૂલાત થતા, જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અન્ય ૩ ગુનાનો પણ ભેદ ઉકેલાયો હતો.

# જુનાગઢના તોરણીયા ગામે પ્રેમ પ્રકરણની શંકાએ પિતા પુત્રનું અપહરણ અને લુંટમાં ૫ આરોપીઓ પકડાયા

## ગણતરીની કલાકોમાં તાલુકા પોલીસે આરોપીઓને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી




**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢના તોરણીયા ગામેથી પ્રેમપ્રકરણની શંકાના આધારે પિતા પુત્રના થયેલ અપહરણ તેમજના લુંટના ૫ આરોપીઓને ગણતરીની કલાકોમા જુનાગઢ તાલુકા પોલીસ એ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી અને તપાસ હાથ ધરી છે.

જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગત તા.૫ના રોજ આરોપી મિલન મકવાણા (રહે.રાજપરા તા.વિસાવાદર)ની સગાઈ તોરણીયા ગામે થયેલ હોય, આરોપી મિલન મકવાણાને આ કામના ફરીયાદીના દીકરા સંજય ધંધુકીયા ઉપર શંકા હોય કે, સંજય ધંધુકીયા તેમની જ્યા સગાઈ થયેલ છે તે છોકરી સાથે વાતો કરે છે. જેનું મનદુખ રાખી આરોપીઓએ તોરણીયા ગામમાં ઈકો ગાડીમાં જઈ, ફરીયાદી તથા તથા તેના દીકરા સંજયભાઈનું અપહરણ કરી, ઢીકાપાટુનો ઢોર માર મારી, આરોપીઓએ સાહેદનો મોબાઈલ ઝુંટવી લઈ, રોડ ઉપર ફેંકી દઈ અને ફરીયાદીના મોબાઈલ ફોનની લુંટ કરી, વિસાવદર પાસેના રાજપરા ગામની વાડી વિસ્તારમાં એકાદ કલાક સુધી ગોંધી રાખી, આડેધડ ઢોર મારી, બાદમાં આરોપીઓએ ફરીયાદી તેમજ સાહેદને તોરણીયા ગામે જઈ નિચે ઉતારી ફરીથી આરોપીઓએ સંજયને આડેધડ માર મારી નાશી ગયેલાની ફરીયાદ દાખલ થયેલ હતી.

જે ગુન્હાના આરોપીને પકડી પાડવા જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એફ.બી.ગગનીયા તથા પોલીસ સ્ટાફ સતત પ્રયત્નશીલ હતો, ત્યારે બનાવવાળી જગ્યાની આજુબાજુના સી.સી.ટી.વી. ફુટેજો તેમજ હ્યુમન સોર્સ આધારે તપાસ કરતા આરોપીઓ મિલનભાઈ લખુભાઈ મકવાણા, સંજયભાઈ બાવકુભાઈ મકવાણા, નિકુંજભાઈ દેવાયતભાઈ વાસીયા, જમાલભાઈ અબુભાઈ સંધાર તથા જયદીપભાઈ ઉર્ફે ભોલો લખુભાઈ મકવાણાને ઈકો ગાડી સાથે મળી આવતા, તમામને પકડી પાડી, ગુનાના કામે અટક કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.


## ત્રીજી ફાતેહા ખ્વાની



મરહુમ મુનીર અહેમદ અબ્દુલ કરીમ સુમાનું ઈન્તેકાલ ૧૧-૪-૨૦૨૩ ૧૯મી રમજાને થયેલ મરહુમના ઈસાલે સવાબ માટે માસીક ફાતહાખવાની તા. ૧૧-૫-૨૩

મરહુમ અબ્દુલ કરીમ તમાચીભાઈ સુમા
મરહુમ અલ્તાફભાઈ અબ્દુલકરીમ સુમા
જ. પરવેજભાઈ મુનીર અહેમત સુમા
જ. હસરતભાઈ અલ્તાફભાઈ સુમા
જ. ખુરશીદભાઈ અલ્તાફભાઈ સુમા


# ધ્રાંગધ્રા: ઠગાઈના ગુનામાં બે વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

સુરેન્દ્રનગર જીલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલું ના માર્ગદર્શન હેઠળ પેરોલ ફ્લો પીએસઆઈ એન એ રાયમા જે વાય પઠાણ ના માર્ગદર્શન અને સુચનાથી ધ્રાંગધ્રા સીટી વિસ્તારમાં છેતરપિંડી મીલ્કત સંબંધિત, શરીર સંબંધીત વિવિધ ગુન્હામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા કવાયત હાથ ધરી છે ત્યારે પેરોલ ફ્લો ટીમને મળેલી બાતમીના આધારે સ્ટાફે ધ્રાંગધ્રા સીટી પોલીસ મથકના છેતરપિંડીના ગુનામાં બે વર્ષથી પોલીસને ચકમો આપી નાસતો ફરતો આરોપી પંકજભાઈ ચંદુલાલ શાહને અહમદાવાદ સોલા વિસ્તારમાંથી પકડી પાડી સીટી પોલીસ હવાલે કરવામાં આવેલ સીટી પોલીસ દ્વારા વધુ પુછપરછ હાથ ધરવામાં આવી છે.


## જાહેર નોટીસ

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ ગ્રામ પંચાયત દ્વારા કરવેરા અંગે જાણ**

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ની કલમ ૨૦૦ મુજબ મેરવદર ગ્રામ પંચાયતને વિકાસ, સ્વચ્છતા, પાણી પુરવઠા તથા અન્ય જાહેર સુવિધાઓ માટે કર અને ફ્રી લગાવવાની સત્તા આપવામાં આવી છે. જેથી કરવેરાની વસૂલાત કાયદેસર રીતે કરવામાં આવશે. જે માટે તા. ૧૬/૧૨/૨૦૨૫ ના રોજ મેરવદર ગ્રામ પંચાયત દ્વારા ઠરાવ નંબર ૦૭ સભામાં મંજુર કરવામાં આવેલ જે મુજબ મેરવદર ગામા ના કોઈ પણ લાગતા વળગતા નાગરિક દ્વારા વાંધા સૂચનો આપવા હોય તો તે તા છેલી ૩૧/૦૩/૨૦૨૬ સુધીમાં ગ્રામ પંચાયત કચેરી ખાતે ઓફીસ સમય રજા ના દિવસો સિવાય આપી જવા સાથે

ગ્રામજનોને સમયસર કર ભરવા વિનંતી છે. જેથી ગામના વિકાસ કાર્યો ચાલુ રાખી શકાય.

મેરવદર ઈ-ગ્રામ પંચાયત
તલાટી ક્રમ મંત્રી
શ્રી મેરવદર ગ્રામ પંચાયત

સરપંચ
શ્રી મેરવદર ગ્રામ પંચાયત

## PUBLIC NOTICE

I, THAKOR MOHANBHAI ARJANBHAI, residing at .Village:Kuda , Taluka: Dhrangadhra, District: Surendranagar, Gujarat, hereby declare for my identity that I have changed my name from THAKOR MOHANBHAI ARJANBHAI to VINCHHIYA MOHANBHAI AJMALBHAI. In the future, I should be known and identified by my new name. My father ARJANBHAI and AJMALBHAI are one and the same person as per the certificate of Gram Panchayat. If anyone has any objection to this, they should inform the Gazette Authority within 7 days.

**Old Name:** THAKOR MOHANBHAI ARJANBHAI
**New Name:** VINCHHIYA MOHANBHAI AJMALBHAI
**Address:** Village.Kuda Taluka. Dhangadhra District. Surendranagar
**Date:** 09-03-2026

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ -રાજકોટ
ચીમનભાઈ પટેલ વિકાસ ભવન,પ્રભાત હોસ્પીટલ સામે,જામનગર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧
ફોન નં.-૦૨૮૧-૨૪૭૬૮૭૪, ૨૪૭૬૭૯૯, ફેક્સ-૦૨૮૧-૨૪૫૦૫૨૩
Email- info@rajkotuda.com, web site: www.rajkotuda.com

ધ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) અને નિયમો-૧૯૭૯ના નિયમ-૧૬

જાહેર નોટીસ/અધિસૂચના

સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૪(પાળ)બનાવવાના ઈરાદાની જાહેર પ્રસિધ્ધી

ન.રૂડા/સૂચિત મુસદારૂપ નગર રચના યોજના ન. ૩૪(પાળ)જા. તા. -૦૨-૨૦૨૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨(૧) હેઠળ સરકારશ્રી દ્વારા રચાયેલ રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ-(રૂડા) દ્વારા તા.૨૦/૨/૨૦૨૬ની બોર્ડ બેઠક નં.૧૮૦ના ઠરાવ નં.૨૦૬૧થી અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૧૬ હેઠળ સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૩૪(પાળ)રૂડા બનાવવાનો ઈરાદો જાહેર કરેલ છે. સદરહુ અધિનિયમની કલમ-૪૧(૨)ની જોગવાઈ અનુસાર સદર યોજનાનો ઈરાદો આથી પ્રસિધ્ધ કરી, અધિનિયમની કલમ-૪૧(૩)ની જોગવાઈ અનુસાર યોજનાનો વિસ્તાર દર્શાવતો નકશો રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની ઉપર દર્શાવેલ સરનામાંવાળી કચેરીમાં રજાના દિવસો સિવાયના અને કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખી અને સમજાવવાની વ્યવસ્થા કરેલ છે.

સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૩૪(પાળ)માં આવરી લેવાયેલ જમીનોના સર્વે નંબરોની વિગત:

મોજે:પાળ ૪૭૩/૧પૈકી, ૪૭૪પૈકી, ૪૭૫પૈકી, ૪૭૬, ૪૭૭, ૪૭૮, ૪૭૯પૈકી, ૪૮૦, ૪૮૧, ૪૮૨, ૪૮૩, ૪૮૪, ૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૮૮/૧, ૪૮૮/૨, ૬૭૧, ૬૭૨, ૬૭૩, ૬૭૪, ૬૭૫, ૬૭૬, ૬૭૯/૧, ૬૭૯/૨, ૬૮૦/૧, ૬૮૦/૨, ૬૮૧, ૬૮૨પૈકી, ૬૮૩, ૬૮૪, ૬૮૫, ૬૮૬, ૬૮૭, ૬૮૮, ૬૮૯, ૬૯૦, ૬૯૧પૈકી, ૬૯૨, ૬૯૩, ૬૯૪, ૬૯૫, ૬૯૬, ૬૯૮, ૬૯૯, ૭૦૦, ૭૦૧, ૭૦૨, ૭૦૩, ૭૦૪, ૭૦૫, ૭૦૬, ૭૦૭, ૭૦૮, ૭૦૯, ૭૧૦, ૭૧૧, ૭૧૪, ૭૧૫, ૭૧૬, ૭૧૭/૧, ૭૧૭/૨, ૭૧૮, ૭૧૯, ૭૨૦, ૭૨૧, ૭૨૨, ૭૩૭, ૭૩૮/૧, ૭૩૮/૨, ૭૩૯, ૭૪૦, ૭૪૧, ૭૪૨, ૭૪૩, ૭૪૪, ૭૪૫, ૭૪૬, ૭૪૭, ૭૪૮, ૭૪૯, ૭૫૦, ૭૫૧, ૭૫૨, ૭૫૩, ૭૫૪, ૭૫૫, ૭૫૬, ૭૫૭, ૭૫૮, ૭૫૯, ૭૬૦, ૭૬૧, ૭૬૪, ૯૯૬નો સમાવેશ થાય છે.

રૂડા બોર્ડ બેઠક ન.૧૭૦નો ઠરાવ નં.૧૯૬૬, તા. ૩૧/૦૧/૨૦૨૪

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની તા.૩૧/૦૧/૨૦૨૪ની બોર્ડ બેઠક નં.૧૭૦ના ઠરાવ નં.૧૯૬૬ થી મોજે: પાળ વિસ્તારમાં સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૪(પાળ)બનાવવાનું નક્કી કરાયેલ છે. જેનું ક્ષેત્રફળ ૧૧૯.૯૭.૩૮ હેક્ટર છે અને ખાનગી એજન્સી પાસે તેની માપણી કરાવ્યા બાદ સદરહુ સ્કીમ માટે ડી.આઈ.એલ.આરશ્રીની કચેરીના તા. ૨૧/૦૬/૨૦૨૫ના પત્રથી નીમતાણું મેળવેલ છે તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧)ની જોગવાઈઓ મુજબ મુખ્ય નગર નિયોજકશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગરનો જરૂરી પરામર્શ તેઓશ્રીના પત્ર નં.ન.ર.યો.નં.૩૪(પાળ)/કલમ-૪૧(૧)/સૌ/૩૩૨૯, તા.૧૯/૦૯/૨૦૨૫થી આવેલ છે.

સત્તામંડળના વિકસીત વિસ્તાર પૈકી મોજે-પાળ ગામમાં ખુબજ ઝડપથી વિકાસ પામી રહેલ હોવાથી ત્યાં મુસદારૂપ નગર રચના યોજના બનાવવાની થાય છે.સદરહુ યોજના અન્વયે મુખ્ય નગર નિયોજકશ્રી દ્વારા આપવામાં આવેલ પરામર્શ મુજબની હદ નકશામાં ગુલાબી રંગની ઘેરી લીટીથી દર્શાવેલ છે અને આ સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૪(પાળ)ની ચર્તુ: સીમા-હદ નીચે મુજબ છે.

ઉત્તરે : સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૩(પાળ-જસવંતપુર)ની હદ આવેલ છે.
દક્ષિણે: સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૭(પાળ)ની હદ આવેલ છે.
પૂર્વ : સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૫(પાળ)ની હદ આવેલ છે.
પશ્ચિમ: મોજે:પાળ ગામના અન્ય રે.સર્વે નં.આવેલ છે.

આમ, સદરહુ સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૪(પાળ)ની હદ અનુસારનો ઈરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧)હેઠળ જાહેર કરવા અને તે અંગેની આગળની આનુસંગિક કાર્યવાહી હાથ ધરવા અંગે મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સત્તા આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે.

-સહી-
મુખ્ય કારોબારી અધિકારી
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ.

માહિતી -રાજ-૧૯૧૭-૨૫-૨૬

# હળવદમાં પૌત્રે ભાણીનું બાવડું પકડ્યાનો આક્ષેપ કરી દુકાનદારે દાદા-દાદી સાથે કરી ઝપાઝપી

## પૌત્ર ઉપર આક્ષેપ કરી વૃધ્ધ દંપતીને ગાળો ભાંડી ધક્કામુકી કરનાર વેપારી વિરુધ્ધ ગુનો નોંધાયો

**અબતક, ઋષિ મહેતા**

હળવદમાં બસ સ્ટેન્ડ પાછળના વિસ્તારમાં પૌત્રે દુકાનદારની ભાણીનું બાવડું પકડ્યાનો આક્ષેપ કરી દુકાનદારે રાત્રે ફરીયાદી વૃધ્ધના ઘરે જઈ ઝઘડો કર્યો હતો. બોલાચાલી દરમિયાન દાદા-દાદી સાથે ઝપાઝપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

હળવદ શહેરમાં નાસ્તાની દુકાનમાં બનેલી એક ઘટનાને લઈ બાદમાં દુકાનદાર દ્વારા ઘરે જઈ ઝઘડો કર્યાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે બસ સ્ટેશન પાછળ રહેતા નાનજીભાઈ છગનભાઈ પરમાર ઉવ.૭૧ વાળાએ હળવદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી કે, તેમના નાના દીકરા શૈલેષનો દીકરો સાંજના સમયે આરોપી જયેશભાઈ કાળુભાઈ પરમારની દુકાને નાસ્તો લેવા ગયો હતો. તે સમયે દુકાનમાં આરોપીની ભાણી હાજર હતી. બાદમાં રાત્રે આશરે સાડા અગિયાર વાગ્યે આરોપી જયેશભાઈ પરમાર હાથમાં ધોકો લઈને ફરીયાદીના ઘરે આવી દરવાજા પર ધોકો મારી તેમના પૌત્રે પોતાની ભાણીનું બાવડું પકડ્યાનો આક્ષેપ કરી બોલાચાલી શરૂ કરી, ગાળો આપી ઝપાઝપી કરી હતી અને આ દરમિયાન વચ્ચે પડેલ ફરીયાદીના પત્ની મીઠીબેનને ધક્કો મારતા તેઓ નીચે પડી ગયા હતા. ત્યારે પરિવારજનો તથા પાડોશીઓ વચ્ચે પડતા આરોપી જયેશભાઈ જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# વાંકાનેર મોમીન સમાજના ધર્મગુરૂ સૈયદ મોમીન શાહ બાવાના જન્મદિવસે ૪૫ મસ્જીદોમાં રોજા ખોલાવાયા

## મોમીન શાહ બાવા જન્મદિવસે હજારો રોઝેદારો માટે મેગા ઈફતારનું કરાયું આયોજન

**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેરના મોમીન સમાજના ધર્મગુરૂ અને કુત્બ કાઠિયાવાડ તરીકે જાણીતા હઝરત પીર સૈયદ મોમીનશાહ બાવા ચંદ્રપુરના જન્મ દિવસે ૧૮ રમઝાનના રોઝ વાંકાનેરના અલગ અલગ ગામોની ૪૫ મસ્જિદોમાં તેમના અનુયાયીઓ (મુરિદો )દ્વારા મેગા ઈફતારીનું આયોજન કરાયું હતું. મોમીન સમાજના હજારો લોકોએ આ ખાસ દિવસની ખુશીમાં એક સાથે રોઝા ખોલ્યા હતા. અનેક ગામોમાં મસ્જિદની સાથે સાથે ગામના તમામ ઘરો સુધી ઈફતારી



કીટ પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

મોમીન શાહ બાવાએ પોતાની જિંદગી દરમિયાન એમના દરવાજે મદદની આશાએ આવેલ કોઈપણ વ્યક્તિને ખાલી હાથ પરત મોકલતા ન હતા. પરંપરા દરગાહ શરીફના હાલના ગાદીપતિ પીર સૈયદ

સૈયદ વિઝારતહુસેન બાવાએ પણ બરકરાર રાખી છે. ઈફતારમાં નાના બાળકોથી લઈને વડીલો સામેલ થયા હતા. સાથે મળીને મોમીનશાહ બાવાની બારગાહમા ખિરાજે અકીદત પેશ કરી હતી.

નાનીગાદીના અનુયાયીઓ અને મારવેલ ગ્રુપ દ્વારા કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની અંદર તીથવા, વાલાસણ, પીપળીયારાજ, અરણીટીંબા, ટંકારા, લજાઈ, અમરસર, રાજાવડલા, સિંધાવદર, પ્રતાપગઢ, નવી કલાવડી, જુની કલાવડી, વીડી ભોજપરા, ખીજડીયા, ખેરવા, સણોસરા, ગુલશન પાર્ક, સરધારકા, અમરાપર, ટોળ, કોઠારીયા, રાતીદેવરી, પંચાસીયા, વાંકિયા ૩, રાણેકપર, વઘાસિયા, પંચાસર, મોટા ભોજપરા, દલડી, ધમલપર, લુણસરીયા, વાંકાનેર શાહબાવા દરગાહ, કેરાળા, ભલગામ, મેસરિયા, સમઢિયાળા, ગારીડા, કાનપર, મહીકા, કોઠી, જોધપર, રસીકગઢ, લીંબાડા, લાલપર, ચંદ્રપુર જેવા ગામોની અંદર યોજાયો હતો. કે સમગ્ર કાર્યક્રમ ગામે ગામ સ્વયંભૂ યોજવામાં આવ્યો હતો.

# હળવદ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા જીલ્લા ભાજપ મહામંત્રી તપન દવેનું સન્માન

**અબતક, ઋષી મહેતા**

હળવદ શહેરમાં સમસ્ત બ્રહ્મ સમાજના આયોજન હેઠળ સેવાભાવી, રાષ્ટ્રભક્ત અને ગૌભક્ત યુવા નેતા તપનભાઈ દવેની મોરબી જીલ્લા ભાજપ મહામંત્રી તરીકે થયેલી નિયુક્તિ નિમિત્તે ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે બ્રહ્મ સમાજના આગેવાનો તથા શહેરના પ્રતિષ્ઠિત મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તપનભાઈ દવેને નવી જવાબદારી મળ્યા બાદ અત્યાર સુધીમાં ૨૦થી વધુ



સંસ્થાઓ દ્વારા તેમનું સન્માન અને સ્વાગત કરવામાં આવ્યું હોવાનું કાર્યક્રમમાં જણાવાયું હતું. આ પ્રસંગે મોરબી જીલ્લા મુખ્ય સરકારી વકીલ વિજયભાઈ જાની, હળવદ નગરપાલિકા પ્રમુખ ફોરમબેન વિશાલભાઈ રાવલ, સહિત આગેવાનો હાજર રહ્યા હતા

આ તકે વક્તાઓએ જણાવ્યું હતું કે તપનભાઈ દવે સમાજ અને રાષ્ટ્રસેવામાં સતત સક્રિય રહી વિશેષ ઓળખ ઉભી કરી છે. ગૌસેવા, માનવસેવા અને આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓમાં તેમનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.

કાર્યક્રમને સફળ બનાવવા બ્રહ્મ સમાજના પ્રમુખ જિજ્ઞાસુભાઈ પંચોલી, મયુરભાઈ મહેતા, વિપુલભાઈ દવે, કેદારભાઈ રાવલ સહિત યુવા બ્રહ્મબંધુઓએ વિશેષ જહેમત ઉઠાવી હતી.

## હળવદ નજીક નર્મદા કેનાલમાં ઝંપલાવી આધેડનો આપઘાત

**અબતક, ઋષિ મહેતા**

હળવદ તાલુકાના રણજીતગઢ ગામ નજીક નર્મદા કેનાલમાં ઝંપલાવી ૪૫ વર્ષીય આધેડે આત્મહત્યા કરી હોવાનો બનાવ સામે આવ્યો છે.

હળવદ તાલુકાના રણજીતગઢ ગામે હળવદ-માળિયા હાઈવે પર આવેલ અશ્વશક્તિ રોટાવેટર કારખાના પાછળ આવેલી નર્મદા કેનાલમાં જયસુખભાઈ દુદાભાઈ વિઠલાપરા ઉવ.૪૫ રહે.કણબીપરા રામજી મંદિર પાસે હળવદ મૂળરહે. સુરેન્દ્રનગર જીલ્લાના પ્રાણગઢ ગામ વાળાએ કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની રીતે પાણીમાં પડી જતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

# પશુ સંરક્ષણ અને દારૂના ગુનામાં નાસતા ફરતા બે આરોપી ઝડપાયા

**અબતક, ઋષિ મહેતા**

એલસીબી/પેરોલ ફર્લો સ્કવોડ અને મોરબી સીટી એ-ડિવિઝન પોલીસની કાર્યવાહી, સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન જુદા જુદા ગુનાના વોન્ટેડ આરોપીઓને પકડી પાડવામાં સફળતા મળી છે.

મોરબી સીટી એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના વર્ષ ૨૦૨૫માં નોંધાયેલ પશુ સંરક્ષણ અધિનિયમની કલમ મુજબના ગુનામાં નાસતો ફરતો આરોપી સીકંદર ગફાર સંઘવાણી રહે. માળીયા મિયાણા વાડા વિસ્તાર જુના રેલવે સ્ટેશન





પાસે હાલ વાગડીયા ઝાપા પાસે રોડ ઉપર હોવાની માહિતી મળી હતી. નાની મોલડી (આણંદપુર) પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પ્રોહીબીશન એક્ટના ગુનામાં નાસતો ફરતો આરોપી ઈમરાન મામદભાઈ પલેજા ઉવ.૩૫ રહે. મોરબી કાલીકાપ્લોટ જલાલચોક વાળાને કાલિકા પ્લોટ વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યો હતો.

# હળવદમાં કારમાંથી ૩૦૦ બિયર ટીન સાથે બે શખ્સ ઝડપાયા

## પોલીસે કાર સહિત રૂ.૨.૬૩ લાખનો મુદામાલ જપ્ત કર્યો

**અબતક, ઋષિ મહેતા,**

હળવદ નજીક ઈંગરોળા-મયાપુર રોડ પર પોલીસે અલ્ટો કારમાંથી ૩૦૦ બિયરના ટીન સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. આ સાથે પોલીસે કાર સહિત કુલ રૂ.૨.૬૩ લાખનો મુદામાલ કબજે કરી છે.

હળવદ પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ઈંગરોળા-મયાપુર રોડ ઉપર નર્મદા કેનાલના નાલા પ્રકાશનગરથી આવતા રોડ ઉપર પસાર થતી અલ્ટો કાર રજી.નં. જીજે-૦૫-જેઆર-૯૬૬ને રોકી તેની તલાસી લેતા તેમાંથી કિંગફિશર અને માઉન્ટન એમ બે અલગ અલગ બ્રાન્ડના ૩૦૦ નંગ બિયરના ટીન કિ.રૂ.૬૩,૭૨૦/- મળી આવ્યા હતા. જેથી હળવદ પોલીસે અલ્ટો કાર ચાલક આરોપી સુરેશભાઈ કંદુભાઈ રાઠવા ઉવ ૩૧ હાલ રહે. નવા ઈશનપુર ગામે અવચરભાઈના મકાને તા.હળવદ મુળરહે. ગામ કેલદ્રા તા.કંવાટ જી.છોટાઉદેપુર તથા કારમાં સવાર આરોપી મહેન્દ્રભાઈ ઉર્ફે મુન્નો ભીમાભાઈ જીંજુવાડીયા ઉવ.૩૨ રહે.ગામ નવા ઈશનપુર તા.હળવદ વાળાની સ્થળ ઉપરથી અટકાયત કરી હતી. આ સાથે પોલીસે અલ્ટો કાર કિ.રૂ.૨ લાખ સહિત રૂ.૨,૬૩,૭૨૦/- સહિતનો મુદ્દામાલ કબ્જે કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પીપળી નજીક વહેલી સવારે કારમાં આગ ભભૂકી



**અબતક, ઋષિ મહેતા**

મોરબી નજીક પીપળીથી ટીંબડી પાટીયા વિસ્તારમાં વહેલી સવારે સ્વીફ્ટ કારમાં આગ લાગવાની ઘટના સામે આવી હતી. જેમાં કંટ્રોલ રૂમમાંથી સવારે અંદાજે ૩.૪૦ વાગ્યે મોરબી ફાયર કંટ્રોલ રૂમને કોલ મળતા ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. જ્યાં સ્વીફ્ટ કાર રજી.નં. જીજે-૩૬-એજે-૨૧૧૬ માં અજાણ્યા કારણોસર આગ લાગી હતી. મોરબી ફાયર બ્રિગેડે ઝડપી કાર્યવાહી કરી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની નોંધાઈ નથી.

# મનપાની ફૂડ શાખા દ્વારા ૨૭ એકમોની ચકાસણી: ૧૬ વેપારીઓને નોટિસ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા શહેરમાં વિવિધ રેસ્ટોરન્ટ અને સ્ટ્રીટ ફૂડ વેન્ડરો પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. કુલ ૨૭ એકમોની તપાસ દરમિયાન ગંભીર બેદરકારી સામે આવતાં ૧૬ ખાદ્યપદાર્થના વેપારીઓને નોટિસ ફટકારવામાં આવી અને અખાદ્ય તથા વાસી ખોરાકનો સ્થળ પર જ નાશ કરાયો હતો.



મોરબી શહેરના નાગરિકોના આરોગ્ય સાથે ચેડા કરનાર ખાદ્યપદાર્થના વેપારીઓ સામે મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં ફૂડ સેફટી ઈન્સ્પેક્ટર દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી રેસ્ટોરન્ટ અને સ્ટ્રીટ ફૂડ વેન્ડર સહિત કુલ ૨૭ એકમોમાં સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષા બાબતે ગંભીર બેદરકારી સામે આવતાં ૧૬ વેપારીઓને નોટિસ ફટકારવામાં આવી હતી. ઉપરાંત વાસી અને અખાદ્ય ખોરાકના જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. વાવડી રોડ પર આવેલ મોમાઈ ફાસ્ટફૂડમાંથી હાઈજીન જાળવવામાં બેદરકારી અને વધુ પડતો ફૂડ કલર મળતા ખોરાકનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો તેમજ વાસી બટર પણ નાશ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મોરબી બાયપાસ રોડ પર આવેલી કૃષ્ણ કેમેલી હોટેલમાંથી પણ વધુ પડતો ફૂડ કલર તથા એક્સપાયરી ડેટ પૂરી થઈ ગયેલા ખાદ્ય પદાર્થો મળી આવતા તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

# વીસીપરામાં યુવક ઉપર કૌટુંબિક બે ભત્રીજાનો હુમલો

## ભાભી સાથે થયેલા ઝઘડાનું સમાધાન કરવાના બ્હાને બોલાવી માર માર્યો

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના વીસીપરા વિસ્તારમાં રહેતા યુવકને તેની કુટુંબી ભાભી સાથે અગાઉ થયેલ બોલાચાલી ઝઘડાનું સમાધાન કરવાનું કહી સાથે લઈ જઈને તેમના કુટુંબી બે ભત્રીજાઓએ લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો.

મળતી માહિતી અનુસાર, મોરબી શહેરના વીસીપરા વિસ્તારમાં કુલીનગર-૧ માં રહેતા ઈમરાનભાઈ હનીફભાઈ સુમરા ઉવ.૩૫ એ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી સલમાબેન હુશેનભાઈ સુમરા, અરબાઝભાઈ હુશેનભાઈ સુમરા તથા આરીફભાઈ હુશેનભાઈ સુમરા ત્રણેય રહે.વીસીપરા ચાર ગોડાઉન પાસે મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગત તા.૦૬/૦૩ના રોજ ફરિયાદી ઈમરાનભાઈ પોતાના ઘરે હોય ત્યારે તેમના કુટુંબી ભત્રીજાઓ આરોપી અરબાઝ અને આરીફ તેમના ઘરે આવ્યા અને આરોપીઓની માતા અને ફરિયાદીના કુટુંબી ભાભી સાથે અગાઉ થયેલ માથાકુટ અંગે સમાધાન કરવું છે તેમ કહી ઈમરાનભાઈને ચાર ગોડાઉન ખાતે લઈ ગયા જ્યાં બન્ને આરોપી અરબાઝ અને આરીફે લોખંડના પાઈપથી આડેધડ ઘા મારી ઈમરાનભાઈને શરીરે અને બન્ને પગમાં ઈજાઓ પહોંચાડી હતી.

## ભરણ-પોષણ કેસનો ખાર રાખી પરિણીતાને પતિ સહિત બે શખ્સે માર માર્યો

**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં ભડિયાદ વિસ્તારમાં ભરણ-પોષણના કેસનો ખાર રાખી પતિ અને તેના કુટુંબી ભાઈએ પરિણીતાના ઘરમાં ઘુસી જઈ ગાળો આપી ઢીકા-પાટુનો માર માર્યો અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો છે.

મોરબી શહેર ભડીયાદ કાંટે માહી એપાર્ટમેન્ટમાં રહેતા પુષ્પાબેન રાકેશભાઈ સાગઠીયાએ મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી પોતાના પતિ રાકેશભાઈ દેવજીભાઈ સાગઠીયા અને આરોપી ચિરાગભાઈ અમૃતભાઈ સાગઠીયા રહે. બંને મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, તેઓ છેલ્લા ત્રણ વર્ષથી પતિ રાકેશભાઈ સાથેના મતભેદને કારણે પોતાના પિયરમાં રહે છે અને મોરબી કોર્ટમાં પતિ સામે ભરણ-પોષણનો કેસ દાખલ કર્યો છે. ત્યારે ગઈકાલ તા. ૭ માર્ચના રોજ સાંજના સમયે તેમના પતિ આરોપી રાકેશભાઈ તથા તેના કાકાનો દીકરો ચીરાગ તેમના ઘરે આવ્યા હતા. બંને દારૂ પીધેલી હાલતમાં હોય તેમ લાગતું હતું અને ગાળો આપી ફરિયાદી પુષ્પાબેનને ઢીકા-પાટુનો માર માર્યો હતો તેમજ નીચે પાડી દીધા હતા. દરમિયાન પરિવારજનો વચ્ચે પડતાં તેમને છોડાવ્યા હતા. આ પછી બંને આરોપીઓ જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી ચાલ્યા ગયા હતા.

## વાંકાનેર નજીક રોડ ક્રોસ કરી રહેલા પ્રૌઢનું વાહનની ઠોકરે મોત

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર તાલુકાના ભલગામ ગામે રહેતા આશિષભાઈ જગુભાઈ હમીરભાઈ બેડવા ઉવ.૨૩એ તાલુકા પોલીસ મથકમાં અજાણ્યા વ્હેન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૦૭/૦૩ના રોજ આશિષભાઈના પિતા જગુભાઈ હમીરભાઈ બેડવા નવા ભલગામથી જુના ભલગામ પોતાના ઘરે જતા હોય ત્યારે રામદેવપીર મંદિર પાસે રોડની કટથી રોડ ક્રોસ કરી રહ્યા હોય તે દરમિયાન વાંકાનેર બાઉન્ડ્રીથી વાંકાનેર તરફથી આવતા અજાણ્યા વાહનના ચાલકે તેમને ઠોકરે ચડાવી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં જગુભાઈને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેમનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ વાંકાનેર તાલુકા પોલીસે અજાણ્યા વાહનના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કતલખાને લઈ જવાતા અબોલ જીવોને ગૌરક્ષકોએ બચાવ્યા

## વાહનમાં ક્રૂરતા પૂર્વક બાંધી લઈ જવાતા ૧૭ પાડાને છોડાવ્યા, ક્લીનર ઝડપાયો, ડ્રાઈવર ફરાર, પાયલોટિંગ કરતા રાજકોટના બે કારના ચાલક સહિત પાંચ સામે ગુનો નોંધાયો

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના દલવાડી સર્કલ નજીક ગૌરક્ષકોને મળેલી બાતમીને આધારે બડા દોસ્ત વાહન રોકી તપાસ કરતા તેમાં ક્રૂરતા પૂર્વક બાંધીને કતલખાને લઈ જવાતા ૧૭ પાડા મળી આવ્યા હતા. ઘટનામાં વાહનના ક્લીનરની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી છે. જ્યારે બડા દોસ્ત વાહનનો ચાલક તેમજ આગળ બે અલગ અલગ કારમાં પાયલોટિંગ કરનાર સહિત અન્ય આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

મળતી માહિતી મુજબ, વિશ્વ હિન્દુ પરિષદમાં ૧૧ વર્ષથી સેવા આપનાર અને નવી પીપળી ગામે રહેતા વૈભવભાઈ જીતેશભાઈ



જાલરિયાએ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી અનવર સલીમભાઈ શેખ રહે. રણછોડનગર મોરબી મૂળ રહે ટંકારા, ફરહાન ઉર્ફે તોફીક અનવરભાઈ પીલુડીયા રહે.ટંકારા, અરમાન ખુરેશી, સાહિલ ખુરેશી અને ભાવિનભાઈ ઘનશ્યામભાઈ પટેલ ત્રણેય રહે. રાજકોટ વાળા વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ તથા અન્ય ગૌરક્ષકો મોરબી બાયપાસ રોડ પર પશુઓની ગેરકાયદેસર હેરફેર અંગે વોચમાં હતા. તે દરમિયાન ખાનગીરાહે બાતમી મળી હતી કે માળિયા(મી) તરફથી એક બડા દોસ્ત રજી.નં. જીજે-૩૬-વી-૩૮૦૧ વાહનમાં અબોલ પશુઓ ભરી મોરબી થઈ મિતાણા તરફ લઈ જવામાં આવી રહ્યા છે. જેના આધારે ગૌરક્ષકો પંચાસર ચોકડી પાસે વોચમાં હોય તે દરમિયાન બાતમી મુજબનું વાહન ત્યાંથી પસાર થતા તેનો પીછો કરી ઉપરોક્ત વાહન મોરબીના દલવાડી સર્કલ પાસે રોકવામાં આવ્યું હતું. વાહન રોકતા જ ડ્રાઈવર સ્થળ પરથી ભાગી ગયો હતો જ્યારે ક્લીનર આરોપી અનવર સલીમભાઈ શેખ ઝડપાયો હતો. કુલ ૧૭ પાડા મળી આવ્યા હતા,

આ સાથે પકડાયેલ આરોપી ક્લીનરની પૂછતાછમાં જણાવ્યું હતું કે આ પશુઓને નખત્રાણા નજીકથી ભરી રાજકોટના અરમાન ખુરેશી અને સાહિલ ખુરેશી પાયલોટિંગ કરતા હતા, જ્યારે ભાવિનભાઈ ઘનશ્યામભાઈ પટેલના કહેવાથી તેને મિતાણા ખાતે ઉતારવાના હતા. ત્યારે ગૌરક્ષકો દ્વારા વાહન રોકાવતા, મુખ્ય આરોપીઓ કે જેઓ પાયલોટિંગ કરતા હતા તેઓ પોતાની કાર લઈને ફરાર થઈ ગયા હતા. પોલીસે રૂ. ૫૧ હજાર કિંમતના ૧૭ પશુઓ તથા અંદાજે રૂ. ૪ લાખની બડા દોસ્ત ગાડી કબજે કર્યા છે.

# મનપા દ્વારા સેન્ડસ્ટોન પથ્થરમાં કોતરણીથી તૈયાર કરેલા બોર્ડ મૂકાશે

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં શહેરની ટ્રાફિક વ્યવસ્થાને વધુ સુવ્યવસ્થિત બનાવવા તેમજ નાગરિકો અને શહેરમાં આગમન કરતા મુલાકાતીઓને વિવિધ મહત્વપૂર્ણ સ્થળો સુધી સરળતાથી માર્ગદર્શન ઉપલબ્ધ થાય તે હેતુસર દિશા નિર્દેશક બોર્ડ સ્થાપિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી અંતર્ગત સેન્ડસ્ટોન પથ્થરમાં કોતરણીથી તૈયાર કરેલ દિશા નિર્દેશક બોર્ડ શહેરના વિવિધ વિસ્તારોમાં તબક્કાવાર સ્થાપિત કરવામાં આવી રહ્યા છે.આ યોજના હેઠળ શહેરના મુખ્ય માર્ગો, મહત્વપૂર્ણ ચોકડીયો, જાહેર ઉપયોગની સંસ્થાઓ, શાસકીય કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્ય સંસ્થાઓ તેમજ અન્ય




મહત્વપૂર્ણ જાહેર સ્થળોને ધ્યાનમાં રાખી દિશા નિર્દેશક બોર્ડ સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. સેન્ડસ્ટોન પથ્થરમાં કોતરણીથી તૈયાર કરાયેલા આ બોર્ડ ટકાઉ હોવા ઉપરાંત શહેરના સૌંદર્યવર્ધનમાં પણ સહાયક સાબિત થશે. મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ટ્રાફિક વ્યવસ્થાપન વધુ સુદ્રઢ બને તેમજ માર્ગ સુરક્ષા વધે તે માટે વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. તે અનુસંધાને દિશા નિર્દેશક બોર્ડ સ્થાપિત કરવાની આ કામગીરી શહેરમાં વાહનવ્યવહારને સુવ્યવસ્થિત બનાવવામાં તથા નાગરિકોને માર્ગદર્શન સુલભ બનાવવા દિશામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

# ભાયાવદરના દૂધના વેપારીના સાડા અઢાર તોલાના દાગીના વ્યાજખોરે પચાવી લીધા

## રૂ. ૯૦ હજારનું ત્રણ ટકા લેખે એક વર્ષ સુધી વ્યાજ વસુલ્યું : વેપારીએ મૂળ રકમ પણ પરત આપી દીધી તેમ છતાં વ્યાજખોરે ઘરેણાં પાછા ન આપ્યા

## અવાર નવાર ઘરેણાં પરત માંગતા નવા નવા બહાના બતાવ્યા : દરજીકામ કરતો શખ્સ વ્યાજખોર બનતા ભાયાવદર પોલિસ મથકમાં ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ભાયાવદરના વડાળી રોડ પર રહેતા દૂધના વેપારી વ્યાજના વિષચક્રમાં ફસાયા હતા. ધંધામાં રોકાણ અર્થે ભાયાવદરમાં દરજીકામ કરતા શખ્સ પાસેથી રૂ. ૯૦ હજાર ત્રણ ટકા વ્યાજે લીધા હતા. સામે વ્યાજખોરે વેપારીના સાડા અઢાર તોલાના દાગીના પડાવી લીધા હતા. એક વર્ષ સુધી વ્યાજ ભર્યા બાદ વેપારીએ વ્યાજખોરને રૂ. ૯૦ હજારની મુદ્દલ પણ ચૂકવી દીધી હતી. તેમ છતાં વ્યાજખોરે ઘરેણાં પરત નહિ આપતાં અંતે વેપારીએ ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગે ભાયાવદના વડાળી રોડ પર મારુતિનગર-૧ માં રહેતા અને નવરંગ સિનેમા પાસે સાગર ડેરી નામે દૂધ-દહિનું વેચાણ કરતા ૬૬ વર્ષીય વૃધ્ધ વેપારી રતીલાલ હીરાભાઈ પરમારે આરોપી તરીકે ભાયાવદરની મતવા શેરીમાં રહેતા નિલેશ નાનાલાલ મકવાણાનું નામ આપતાં ભાયાવદર પોલિસે બીએનએસની કલમ ૩૦૮(૫), ૩૫૧(૩) અને મની લેન્ડ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

વૃધ્ધ વેપારીએ જણાવ્યું હતું કે, મે તથા ભાયાવદર ગામના ભુપતભાઈ બાબુભાઈ જીવાણીએ ભાગીદારીમાં સવર્ષ ૧૯૯૨ માં સાગર દુધની ડેરી ચાલુ કરેલ હતી. દશ-બાર વર્ષ પછી અમે ભાગીદારીમાંથી અલગ થઈ ગયેલ હતા અને આ ડેરી મે સાંભાળેલ હતી. વર્ષ ૨૦૧૧ માં ડેરીમાં રોકાણ માટે મારે રૂપિયાની જરૂરીયાત પડતા ભાયાવદરમાં રહેતા નીલેશભાઈ નાનાલાલ મકવાણા કે જેઓ દરજીકામ સાથે વ્યાજનો ધંધો પણ કરતા હતા તેને હું મળેલ હતો. મેં તેમની પાસેથી ૯૦ હજાર રૂપિયા માંગતા તેણે ૩% વ્યાજની વાત કરી હતી. સામે સિક્યુરિટી પેટે જમીનનું લખાણ અઠવાડિયા સોનુ ગીરવે મૂકવું પડશે તેમ જણાવ્યું હતું. જેથી મેં સોનુ ગીરવે મુકવાનું જણાવતા તેણે ૨૦ તોલા સોનુ ગીરવે મુકવા જણાવ્યું હતુ પણ મારી પાસે નવ તોલા સોનુ હોય તેમ જણાવતા તેણે હા પાડી હતી. બાદ મેં નીલેશભાઈ દરજીને ભાયાવદર મેઈન બજારમાં ચોરા પાસે આવેલ તેની દુકાને સાડા પાંચ તોલાનો સોનાનો હાર, સાડા ત્રણ તોલાની સોનાની માળા આપેલ હતી. જેની સામે તેણે મને રૂ. ૯૦ હજાર રોકડા આપેલ હતા.

વેપારીએ જણાવ્યું હતું કે, રૂ. ૯૦ હજારનું ત્રણ ટકા લેખે મેં ત્રણ મહિના સુધી રૂ ૨૭૦૦ વ્યાજ ચૂકવ્યું હતું. બાદ હું ચોથા મહીનાનું વ્યાજ ભરી ન શકતા નીલેશભાઈ મારા ઘરે આવેલ અને ધમકી આપી હતી કે, મને અત્યારે જ વ્યાજના પુરા રૂપિયા અને મુદલ રકમ આપી દો. જેથી મે રૂપિયાની સગવડ ન હોવાનું જણાવતા તેણે કહેલ કે, તો તેના બદલામાં હું બીજું સોનુ લઈશ તેમ કહી મારા ઘરે રહેલુ સોનુ જેમા છ તોલાની સોનાની બંગડી, બે તોલાનો સોનાનો ચેઈન, એક તોલાની સોનાની વીટ્ટી, અડધા તોલાની સોનાની બુટ્ટી મળી કુલ સાડા નવ તોલા ઘરેણા મારા હાથ-પગ ભાંગી નાખવાની ધમકી આપી પડાવી લીધેલ હતું. બાદ કહેલ કે, હવે સમયસર વ્યાજ ભરતો રહેજે નહીતર તારી બીજી વસ્તુ પણ લઈ જઈશ. જેથી મે બીજા નવ મહીના સુધી સમયસર વ્યાજ ચૂકવ્યું હતું. બાદ મારી પાસે રૂપિયાની સગવડ થતા મુળ રકમ રૂ. ૯૦ હજાર પૈકી રૂ.૪૦ હજાર જમા કરાવતા હવે રૂ.૫૦ હજાર આપવાના બાકી રહેલ હતા. થોડા સમય બાદ હું રૂ.૫૦ હજાર જમા કરાવવા નીલેશભાઈ પાસે ગયેલ હતો. મેં નાણાં ચૂકવી મારૂ સાડા અઢાર તોલા સોનુ પરત આપવાનું કહેતા તેણે કહેલ કે, દાગીના હાલ મારી પાસે નથી, મેં બીજે ગીરવે મુકેલ દીધેલ છે. જેથી મે કહેલ કે કયા ગીરવે મુકેલ છે તો તેને કહેલ કે ભાયાવદરના ચીમનભાઈ વલ્લભભાઈ જાવીયા પાસે મુકેલ છે. જેથી મેં ચીમનભાઈ પાસે તપાસ કરતા તેઓએ કહેલ કે અગાઉ નિલેશભાઈ મારી પાસે સોનાના દાગીના મુકી ગયેલ હતા પરંતુ ત્યારબાદ મારી પાસેથી પાછા પણ લઈ ગયેલ હતા.

જેથી હું ફર નીલેશભાઈ પાસે જતાં તેણે કહેલ કે, મારા સંબંધી ઉપલેટા ખાતે રહે છે તેની પાસે સોનુ મુકેલ છે જો કે, સંબંધીનું નામ પૂછતાં તેણે જણાવ્યું ન હતું. જેથી મેં તપાસ કરતા ઉપલેટા ટાવરચોકમાં રહેતા જસીબેન ધામેચા પાસે સોનુ મુક્યાનું જાણવા મળતા હું જસીબેન પાસે ગયેલ હતા. ત્યારે જસીબેને પણ એવુ જણાવેલ કે, તે દાગીના નિલેશભાઈ મારી પાસેથી પરત લઈ ગયેલ છે. જેથી ફરી નિલેશભાઈને વાત કરતા તેણે જણાવેલ કે, તમારા જે દાગીના હતા તે હું નવા કરાવી આપીશ, તમે સોની પાસેથી એસ્ટીમેટ કઢાવીને મને આપો. જેથી મેં એસ્ટીમેન્ટ કઢાવીને આપ્યું હતું. બાદ તેણે મને દાગીનાની જે કિંમત થતી હોય તેના રોકડા રૂપિયા આપી દેવાનું જણાવ્યું હતું પણ પૈસા આપ્યા ન હતા. ત્યાર બાદ તે ભાયાવદર છોડી રાજકોટ રહેવા માટે જતો રહેલ હતો. તેને અવાર નવાર નાણાં આપવા ફોન કરતા તે જવાબ આપતો ન હતો. ચાર વર્ષ પહેલા તે રાજકોટ રેલનગર-૧ માં રહેતો હતો. ત્યા હું ઘરે ગયેલ હતો પરંતુ તેને મને ઘરમાં આવવા દીધેલ નહિ. દરમિયાન મેં સોશિયલ મીડિયામાં પોલિસ વ્યાજખોરોનો ભોગ બનેલા લોકોને ફરિયાદ કરવા અનુરોધ કરવામાં આવ્યો હોય અંતે મેં ફરિયાદ નોંધાવી હતી.

# ઈડર નજીક સાબરમતી નદીના ચેકડેમમમાં ડુબી જવાથી કિશોરનું મોત

## પગ લપસી જવાથી કિશોર પાણીમાં ગરકાવ, ફાયર વિભાગે મૃત દેહને બહાર કાઢયો

**અબતક, સંજય દીક્ષીત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના સમેશ્વર યાત્રાધામ પાસે રવિવારે બપોરે સાબરમતી નદી પરના તૂટેલા ચેકડેમમાં ડૂબી જવાથી એક ૧૬ વર્ષીય કિશોરનું મોત નિપજ્યું હોવાનું જાણવા મળે છે આ અંગે મળતી માહિતી અનુસાર મૂળ રાજસ્થાનનો રહેવાસી કાળું સોમાજી મારવાડી નામનો આ કિશોર ચેકડેમ પાસે હતો ત્યારે તેનો પગ લપસી ગયો હતો જેના કારણે તે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો

ઘટનાની જાણ થતા જ હિંમતનગર નગરપાલિકાના ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી હતી અને અડધા કલાકની જહેમત બાદ કિશોરના મૃતદેહને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો મૃતદેહ બહાર કાઢ્યા બાદ ફાયર વિભાગ દ્વારા સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી જેમણે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# હિંમતનગરમાં લૂંટેરી દુલ્હન ગેંગનો પર્દાફાશ બે મહિલા સહિત ચાર ઝબ્બે

## ટોળકી લગ્ન ઈચ્છુક યુવકોને પોતાની જાળમાં ફસાવી લાખો રૂપિયા ખંખેળી લઈ છેતરપિંડી આચરતી: પાંચની શોધખોળ

**અબતક, સંજય દીક્ષીત, સાબરકાંઠા**

સમગ્ર ગુજરાતમાં હાલ લગ્નને લગ્નને કુવારી લૂંટેરી દુલ્હનના કિસ્સાઓ સામે આવી રહ્યા છે ત્યારે વધુ એક કિસ્સો હિંમતનગર ખાતે સામે આવ્યો છે લગ્નવાનછુક યુવાનોના લગ્ન કરાવી છેતરપીંડી કરતી લૂંટેરી દુલ્હન ગેંગના ૯ પૈકીના બે મહિલા સહિત ૪ લોકો પોલીસ સકંજામાં

હિંમતનગર શહેરના કાંકણોલ રોડ પર આવેલ અર્બુદાનગર સોસાયટીમાં રહેતા પરિવારે પોતાના ઘરે જ દિવ્ય શક્તિ મેરેજ બ્યુરો નામથી મેરેજ બ્યુરો ચલાવતા હતા જેમાં લગ્ન એજન્ટ તરીકે ઓળખ આપી તેઓના મરતીયાઓ મારફતે લગ્નવાનછુક યુવાનો સાથે બોગસ લગ્ન કરાવી એનકેન પ્રકારે છૂટાછેડા લેવડાવી છેતરપિંડી



આચરનાર દંપતી મનોજ બાબુલાલ સોની અને તેમના પત્ની કવિતા મનોજભાઈ સોની સહિત નવ વ્યક્તિઓ અલગ અલગ લગ્નવાંછુક યુવાનોને પોતાની જાળમાં ફસાવી લાખો રૂપિયા પડાવી લેતા હતા જોકે હિંમતનગરના એક યુવક સાથે આ જ પ્રકારે છેતરપિંડી કરતા યુવકે પોલીસ મથકે જાણ કરી હતી જોકે અત્યાર સુધીમાં અલગ અલગ ચાર યુવકો પોલીસ સમક્ષ આવ્યા છે અને હજુ પણ કેટલા લોકો સાથે આ પ્રકારે છેતરપિંડી આચરવામાં આવી છે તેની તપાસ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.

આ સાથે જ લુટેરી દુલ્હન ગેંગના લોકો દ્વારા હિંમતનગર સહિત અન્ય કેટલી જગ્યાએ કેટલા યુવકો સાથે છેતરપિંડી આચરવામાં આવી છે તેની પણ તપાસ હાથ ધરવામાં આવી છે આ સાથે જ ઝડપાયેલા આરોપીઓ અને અટકાયત કરવાના બાકી રહેતા આરોપીઓ અન્ય કોઈ ગુનામાં સંડોવાયેલા છે કે નહીં તે દિશામાં પણ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# બાર કાઉન્સિલની ચૂંટણીનો વિવાદ વકર્યો : મતગણતરી અટકાવી દેવાઈ

## ૧૨ ઉમેદવારો સામે ચૂંટણી કમિશનરની બીસીઆઈને લેખિત અરજી

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં બાર કાઉન્સિલની ચૂંટણીમાં કમિશ્નરની બેદરકારીનો આક્ષેપ કરતા ખળભળાટ મચી ગયો હતો. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના અટલ કલામ ખાતે વકીલોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. હવે આ ચૂંટણીનો વિવાદ વકરી રહ્યો છે.

ગુજરાતમાં બાર કાઉન્સિલની ચૂંટણીમાં કમિશ્નરની બેદરકારીના આક્ષેપ થતાં ખળભળાટ મચી ગયો હતો. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના અટલ કલામ ખાતે વકીલોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. હવે આ ચૂંટણીનો વિવાદ વકરી રહ્યો છે. મતગણતરી થાય તે પહેલા જ વિવાદ વધી રહ્યો છે. જેના કારણે આજે મતગણતરી નહીં થાય તેવી વિગતો સામે આવી છે. ચૂંટણી કમિશ્નરો પણ રાજીનામા આપે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીમાં ચૂંટણી કમિશ્નરો સામે આક્ષેપ થતાં વિવાદ વકર્યો છે. ૧૨ જેટલા વકીલો સામે ચૂંટણી કમિશ્નરે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં અરજી કરી છે. મતદાન બાદ મત પેટીઓ લઈ જતી વખતે હોબાળો થયો હતો. ત્યાર બાદ આ ફરિયાદ કરવામાં આવી છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં કમિશ્નરની બેદરકારી હોવાનો આરોપ વકીલો દ્વારા લગાવાયો હતો. બેલેટ પેપરની પેટી ખુલ્લી મૂકયાનો વકીલોએ આક્ષેપ કર્યો હતો.આ ચૂંટણીમાં ૨૫ બેઠકો માટે મતદાન થયું હતું. અમદાવાદમાં બે સેન્ટરો પર ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૯૭૧૨ મતદારોએ મતદાન કર્યું હતું. બાર કાઉન્સિલની ચૂંટણીના મતદાન બાદ સીસીટીવી અને લાઈવ રેકોર્ડિંગ દ્વારા સ્ટ્રોંગ રૂમમાં મશીન સીલ કરાયા હતાં. સ્ટ્રોગ રૂમની બહાર પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

# સૌરાષ્ટ્રના ચકચારી રાજકુમાર જાટ કેસમાં SIT દ્વારા ગણેશ જાડેજાને ક્લીનચિટ

## નિવેદનો અને સીસીટીવી ફૂટેજમાં પુરાવા ન મળતા મોતના મામલામાં આક્ષેપો પાયાવિહોણા સાબિત!

**અબ તક,રાજકોટ**

મૂળ રાજસ્થાનના અને ગોંડલ ખાતે પાઉંભાજીનો ધંધાર્થીના પુત્ર રાજકુમાર જાટની લાશ રાજકોટ નજીક પુલ નીચેથી મળી આવી હતી. આ યુવાનનાં મોતમાં ગોંડલના ધારાસભ્યના પુત્રનો હાથ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. એસઆઈટીની ટીમ દ્વારા નિવેદનો અને સીસીટીવીના પુરાવાની તપાસ કરી ગુજરાત હાઈકોર્ટમાં ગણેશ ગોંડલનો અકસ્માતના બનાવમાં કોઈ હાથ નહીં હોવાનો રિપોર્ટ કરી ક્લીનચિટ આપવામાં આવી હતી. ગુજરાતમાં બહુ ચર્ચામાં રહેલા ગોંડલ રાજકુમાર જાટનાં મોત મામલાના કેસમાં ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજાના પુત્ર જ્યોતિરાદિત્યસિંહ જાડેજા ઉર્ફે ગણેશ ગોંડલ ઉપર મૃતકના પરિવાર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા હતા.''બનાવમાં સ્થાનિક પોલીસ અને રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા તપાસ કરી હતી. જેમાં આ ઘટના અકસ્માતની હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. બીજીબાજુ મૃતકના પરિવારજનો દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન કરવામાં આવી હતી અને પોતાના પુત્રની હત્યા કરવામાં આવી હોવાની હાઈકોર્ટમાં અરજી કરી હતી.''આથી આ



બાબતની તપાસ કરવા માટે કોર્ટના આદેશથી એસઆઈટીની રચના કરવામાં આવી જેમાં સુરેન્દ્રનગર જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ અને ડીવાયએસપી જે.ડી. પુરોહિતની આગેવાનીમાં એસઆઈટીની ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.''જેમાં તપાસ ટીમે બનાવ સ્થળની આજુબાજુના સીસીટીવી કેમેરાના ફૂટેજ, અકસ્માતના બસ ડ્રાઈવરનું નિવેદન, ગણેશ ગોંડલ અને સાથીઓના નિવેદન વિવિધ પાસાઓની ત્રણ મહિના સુધી તપાસ કરી હાઈકોર્ટમાં એસઆઈટી દ્વારા રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો જેમાં રાજકુમાર જાટનું મોત અકસ્માતને લઈને થયું હોવાનું જણાવ્યું હતું.આ બનાવમાં ધારાસભ્ય ગીતાબા જાડેજાના પુત્ર જ્યોતિરાદિત્યસિંહ જાડેજા ઉર્ફે ગણેશ ગોંડલનો કોઈ હાથ નહીં હોવાનું રિપોર્ટ જણાવવામાં આવ્યું. હાઈકોર્ટમાં રિપોર્ટ ગણેશ ગોંડલને ક્લીનચિટ મળી જતા હાઈકોર્ટ દ્વારા ૨૯ જૂન, ૨૦૨૬ના રોજ મુદત આપવામાં આવી છે. હાલ રાજકુમાર જાટનાં મોતના મામલામાં આક્ષેપો પાયાવિહોણા સાબિત થયા છે.'' તપાસમાં ગણેશ જાડેજા વિરુદ્ધ પુરાવા નથી મળ્યા ગોડલના રાજકુમાર જાટનાં મોતના બનાવ અંગનો તપાસ રિપોર્ટ હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવ્યો. જેમાં ગણેશ ગોંડલનો અકસ્માતના બનાવમાં કોઈ હાથ નહીં હોવોનું જોવા મળ્યું છે. રિપોર્ટમાં શાહેદોના નિવેદનો, સીસીટીવી કેમેરાના ફૂટેજો દસ્તાવેજી પુરાવા સાથેનો તપાસ રિપોર્ટ રજૂ કરી દેવામાં આવ્યો છે.

# તાલાલાના રમળેચી ગામે આપના કાર્યકરનું શંકાસ્પદ મોતઃ પરિવારનો હત્યાનો આક્ષેપ

## માળીયાના જુથળ ગ્રામ પંચાયતના સભ્ય અને આરટીઆઈ એકટીવિષ્ટ લોહી લુહાણ હાલતમાં મળ્યાઃ ફોરેન્સીક પી.એમ. અર્થે મૃતદેહને હોસ્પિટલે ખસેડયા

**અબતક, લીલાધર હરવાણી, તાલાલા**

ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના રમળેચી ગામે માળીયાહાટીના તાલુકાના જુથળ ગામના રાજકીય યુવા અગ્રણીને મારમારી મોતને ઘાટ ઉતાર્યા અંગેના આક્ષેપ સાથેની તાલાલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

વધુ વિગત મુજબ માળીયાહાટીના તાલુકાના જુથડ ગામ પંચાયતના સભ્ય ભરતભાઈ રમેશભાઈ સોંદરવા નામના યુવાનને તાલાલા તાલુકાના રમળેચી ગામે અજાણ્યા શખ્સોએ મારમારી મોતને ઘાટ ઉતાર્યા અંગેની મૃતકના ભાઈ વિનોદભાઈ સોંદરવાએ તાલાલા પોલીસ મથકમાં અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ભરત સોંદરવા આપનો કાર્યકર અને આરટીઆઈ એકિટવિષ્ટ છે. ગત તા.૬ માર્ચના રોજ ભરત સોંદરવા તેના મિત્રના લગ્નમાં જયાંથી ધ્રાવાવડ ગામે નાનાના ઘરે અને ત્યાંથી તાલાલા ખાતે મિત્રને પરીક્ષા હોય જેથી રમળેચી ગામે માસીના ઘરે રાત્રી રોકાણ કરી તેમ કરી કાકાની કાર લઈને ગયો હતો બાદ વહેલી સવારે સંબંધીનો ફોન આવેલો કે ભરતને વધુ મજા નથી જેથી તમો તાત્કાલીક તાલાલા આવો તેમ કહેતા માતા પિતા અને મામાના પુત્ર સહિત ચારેય તાલાલા ખાતે ગયા હતા જયાં ભાઈ સ્ટ્રેચર ઉપર સુતો હતો અને લોહી લુહાણ અને ઉજરડાના નિશાન જોવામાં આવ્યા હતા. તબીબને પુછતા તેણે ભરતભાઈને મૃત જાહેર કર્યા હતા.

ફરિયાદી વિનોદભાઈએ એવો આક્ષેપ કર્યો હતો કે, મારાભાઈને મારમારવાના નીશાનો થયેલ હોવાની શંકા હોવાની શંકા હોય પોલીસે મૃતદેહનું પેનલ પીએમ કરાવવા માટે જૂનાગઢ સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામા આવ્યું છે.પોલીસે મૃતકના ભાઈની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી ઈન્ચાર્જ પીઆઈ એ.બી. ગોહિલ સહિતના સ્ટાફ દ્વારા તપાસનો ધમધમાટ આદર્યો છે.

આ બનાવને પગલે દલીત સમાજના અને આપના કાર્યકરો હોસ્પિટલ દોડી ગયા હતા. પોલીસે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો છે.

# જૂનાગઢઃ નશાકારક પદાર્થના જથ્થા સાથે ઈબ્રાહીમ મંધરાની ધરપકડ

## તાલુકા પોલીસે ૩૯૯૦૦ના મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢએ ડિવિઝન પોલીસે નશાકારક કૈફી દ્રવ્યની રૂ.૩૯૯૦૦ની કિંમતની કુલ બોટલ નંગ ૧૯૦ ના મુદામાલ સાથે શહેરના એક શખ્સને પકડી પાડી, આરોપી વિરૂધ્ધ એન.ડી.પી.એસ. એકટ હેઠળ કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.



એ ડિવિઝન પોલીસે શહેરના સુખનાથ ચોક, પીશોરીવાડા વિસ્તારમાં રહેતા ઈબ્રાહીમ ઉર્ફે ટીટો રફીકભાઈ મંઘરાના રહેણાંક મકાને રેઈડ કરતા, ગેરકાયદેસર રીતે શંકાસ્પદ કેફી ઓષધી રૂ.૩૯૯૦૦ની કિંમતની બોટલ નંગ ૧૯૦ મળી આવતા, પોલીસે આરોપી ઈબ્રાહીમ ઉર્ફે ટીરો રફીકભાઈ મંઘરાને પકડી પાડી શંકાસ્પદ કેફી ઓષધીના જથ્થો કબજે કરી, આરોપી વિરૂધ્ધ એન.ડી.પી.એસ. એકટ હેઠળ કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

## રાજકોટમાં રોકાણના નામે વધુ એક કરોડોની છેતરપિંડીનો બનાવ

# સ્ક્રેપના ધંધામાં ઉંચા વળતરની લાલચે કારીયા દંપતીએ પાંચ લોકોને રૂ. ૩.૪૮ કરોડનો ચૂનો ચોપડ્યો

## વાસણના વેપારી પ્રિયંકે પત્ની ડિમ્પલ સાથે મળી બનેવીના ભાઈ સહિતના સાથે ઠગાઈ આચરી : નાણાં મેળવી ફોન સ્વીચ ઓફ કરી પોબારા ભણી ગયા

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં રોકાણના નામે વધુ એક કરોડોની છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. કારીયા દંપતીએ વેપારી બંધુ સહિત પાંચ લોકો સાથે રૂ.૩.૪૮ કરોડની છેતરપીંડી થયાનું ખૂલતાં ચકચાર મચી છે. વાસણના વેપારી પ્રિયંક કારીયા અને તેની પત્ની ડિમ્પલ કારીયાએ સંબંધી રાયચુરા બંધુ સહિતના લોકોને સ્ક્રેપના ધંધામાં ઊંચા વળતરની લાલચ આપી ફસાવ્યાં હતાં. શરૂઆતમાં વળતર આપી બાદમાં ફોન બંધ કરી પોબારા ભણી જતાં આર્થીક ગુના નિવારણ શાખાએ ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે ટાગોર રોડ પર હેમુ ગઢવી હોલ પાસે રામકૃષ્ણનગર વેસ્ટ, શેરી નં.૨ માં રહેતાં ધનસુખભાઈ મૌસરજીભાઈ રાયચુરા (ઉ.વ.૫૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ડિમ્પલ પ્રિયંક રમેશ કારીયા અને તેની પત્ની ડિમ્પલ કારીયા (રહે. બંને રૂદ્ર એપાર્ટમેન્ટ, ઓમનગર પાર્ટ-એ અમૃતધારા ડેરી વાળી શેરી ઓમનગર સર્કલ પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ) નું નામ આપતાં આર્થીક ગુના નિવારણ શાખાની ટીમે ક્રાઈમ બ્રાન્ચ પોલીસ મથકમાં જીપીઆઈડી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓને દાણાપીઠમા રાયચુરા ટ્રેડીંગ નામે પેઢી આવેલ હોય જ્યાં બેસી અનાજ કઠોળનો હોલસેલનો વેપાર કરે છે. તેઓ પાંચ ભાઈઓ છે જેમાં નવનીતભાઈ જેઓ અનાજનુ મીલ ચલાવે છે તેનાથી નાના ભાઈ જીવનભાઈ અને સૌથી નાના ભાઈ મનહરભાઈ છે, અને તેઓના લગ્ન રમેશભાઈ કારીયાની દિકરી રૂપલબેન સાથે થયેલ છે. તેમના સાળા પ્રિયંકભાઈ અને પ્રિયંકભાઈના પત્નિ ડીમ્પલબેન છે.

નાનાભાઈ મનહરભાઈ રાયચુરાના સાળા પ્રિયંક કારીયા અને ફરીયાદી પ્રસંગોપાત એકબીજાના ઘરે આવવા જવાના વ્યવહારો હોય જેથી એકબીજાના પરીચીત હતાં. પ્રિયંક કારીયાને મવડી મેઈન રોડ પર ભક્તિનંદન કોમ્પલેક્ષમાં પોતાના નામે શ્રી ગીરીરાજ વાસણથી દુકાન આવેલ હોય તેમજ પ્રિયંકના પત્નિ ડીમ્પલબેન કારીયાના નામે તે જ કોમ્પલેક્ષમાં દુકાન નં.૭/૨ માં શ્રી દ્વારકાધીશ વાસણ નામની દુકાન આવેલ છે. તેઓ બંને વાસણનો વેપાર ધંધો કરે છે. પ્રિયંક કારીયાએ એપ્રીલ ૨૦૨૫ માં તેઓની દુકાન ખાતે ગયેલ ત્યારે જણાવેલ કે, પોતાની પાસે સ્ક્રેપના ધંધાની લાઈન છે, પોતાની પાસે હાલ રોકાણ કરવા પુરતા રૂપીયા ન હોય પરંતુ સ્ક્રેપની લાઈનમાં ખુબ સારો નફો છે કહીં વિશ્વાસમાં લઈ પોતાના સ્ક્રેપના ધંધામાં રૂપીયાનુ રોકાણ કરવાનુ કહેલ અને માસીક ૯ થી ૧૦ ટકા વળતર આપવાની પણ વાત કરેલ હતી.

ફરીયાદી પાસે ધંધાની અંગત બચતના રૂપીયા પ્રિયંક કારીયા ઉપર વિશ્વાસ રાખી સારૂ વળતર મળશે જેથી પ્રિયંક કારીયાના સ્ક્રેપના ધંધામાં તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૧૫/૧૨/૨૦૨૫ સુધીમાં મારી શ્રી ગીરીરાજ વાસણ પેઢીમાં કુલ રૂ.૧.૩૫ કરોડ રોકાણ અર્થે ટ્રાન્સફર કરેલ હતા. તેની સામે અલગ અલગ સમયે પ્રિયંક કારીયાએ રૂા.૩૦ લાખ પરત ચુકવી આપેલ હતાં. જેથી તેની ઉપર વધુ વિશ્વાસ આવતા આરોપી દંપતીની બંન્ને પેઢીમાં કુલ રૂા. ૫૨ લાખ રોકાણ અર્થે ટ્રાન્સફર કરેલ હતા. તેની સામે અલગ અલગ સમયે રૂ.૧૦ લાખ પરત ચુકવી આપેલ છે.

હાલમાં તેઓને પ્રિયંક કારીયાની શ્રી ગીરીરાજ વાસણ પેઢી પાસેથી રૂા.૫ લાખ તથા ડીમ્પલ કારીયાની શ્રી દ્વારકાપીશ વાસણ પેઢી પાસેથી રૂ.૪૨ લાખ મળી કુલ રૂા.૪૭ લાખ લેવાના બાકી છે, તેનુ વળતર પણ અમને ચુકવેલ નથી.

તેમજ પ્રિયંક કારીયાએ ફરીયાદીના મોટાભાઈ નવનીતભાઈ રાયચુરાને પણ પોતાના સ્ક્રેપના ધંધામાં રોકાણ કરવાથી માસીક ૮ થી ૯ ટકા વળતર મળશે તેમ લોભામણી સ્કીમ સમજાવી તેને પણ વિશ્વાસમાં લઈ રોકાણ કરવાનું કહેતા મોટા ભાઈએ પણ પ્રિયંક કારીયાની લોભામણી સ્કીમમાં આવી તા.૦૧ /૦૫/૨૦૨૫ થી તા.૧૫/૧૨/૨૦૨૫ સુધીમાં આરોપીની પેઢીમાં કુલ રૂા.૧.૦૩ કરોડ રોકાણ અર્થે ટ્રાન્સફર કરેલ હતાં. તેની સામે અલગ અલગ સમયે કુલ રૂ.૪૩ લાખ પરત ચુકવી આપેલ છે. તેમજ મોટા ભાઈએ ડીમ્પલ કારીયાની પેઢીમાં કુલ રૂા.૨૪ લાખ રોકાણ અર્થે ટ્રાન્સફર કરેલ હતા, જે રકમ પરત કરેલ નથી. જેથી આરોપી દંપતીની પેઢી પાસેથી કુલ રૂ.૧.૦૮ કરોડ લેવાના બાકી નીકળે છે.

જે બાદ આરોપી દંપતી પોતાની બંને પેઢીમાં પોતાના સ્ક્રેપના ધંધામાં રોકાણ કરવાથી સારૂ વળતર આપશે તેમ આકર્ષક અને લોભામણી સ્કીમ આપી ફરીયાદી બંધુને વિશ્વાસમાં લઈ બેંક મારફતે મોટી રકમ મેળવી અમુક રકમ પરત કરી વળતર નહી ચુકવી અચાનક પોતાના ફોન બંધ કરી ક્યાંક જતા રહેલ છે. તેમજ ફરીયાદી બંધુની સાથે અન્ય ત્રણ લોકો પાસેથી કુલ રૂ.૫.૨૬ કરોડ સ્ક્રેપના ધંધામાં રોકાણ કરાવી જેમના વળતર પેટે ફક્ત રૂ.૧.૭૮ કરોડ પરત આપી બાકી નીકળતા રૂ.૩.૪૮ કરોડ પરત ન આપી તેમજ વળતર બંધ કરી દઈ છેતરપીંડી આચરતાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી આર્થીક ગુના નિવારણ શાખાના પીઆઈ પીયૂષ ડોબરીયા અને ટીમે આરોપી દંપતીને પકડી પાડવા તજવીજ આદરી છે.

### ફરિયાદી ઉપરાંત કોણ-કોણ છેતરાયું?

હિરેનભાઈ ભરતભાઈ કોટક (રહે.શ્રીજી હાઈટસ, ફ્લેટ નં.૫૦૧, એરપોર્ટ રોડ, પેટ્રીયા શુટ હોટલની બાજુમાં રાજકોટ) ના રૂા.૧.૬૫ કરોડ, અશ્વિનભાઈ દલસુખભાઈ બુધ્ધદેવ (રહે.એરપોર્ટ રોડ, શ્રીજી હાઈટસ, ફ્લેટ નં.૩૦૨, પેટ્રીયા શુટ હોટલની પાસે, રાજકોટ) ના રૂ.૩૦ લાખ, અતુલભાઈ જમનાદાસભાઈ ઉનડકટ (રહે. બ્લોક નં.૯૦૧, સીલ્વર શાઈન એપાર્ટમેન્ટ, યુનિવર્સીટી રોડ, પંચાયત ચોક, પટેલ કન્યા છાત્રાલય પાસે રાજકોટ) ના રૂ.૯૩ લાખ મળી કુલ રૂ.૨.૮૮ કરોડનો પણ સમાવેશ થાય છે.

## રોકાણકારો પાસેથી ૫.૨૬ કરોડ ઉઘરાવી ફક્ત ૧.૭૮ કરોડ જ પરત આપ્યા : આર્થિક ગુના નિવારણ શાખાએ ગુનો નોંધી તપાસ આદરી

# જૂનાગઢ: ભાજપ સંગઠન પ્રભારી જીજ્ઞાબેન પંડ્યાએ કાર્યકરોમાં નવસંચાર પ્રજવલ્લિત કર્યો

## નવનિયુક્ત સંગઠન પ્રભારીની પ્રથમ મુલાકાતે કાર્યકરોમાં ઉર્જાનો સંચાર



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ શહેરમાં ભારતીય જનતા પાર્ટીના સંગઠનને વધુ મજબૂત બનાવવા અને સંગઠનાત્મક કાર્યને ગતિ આપવા માટે મહાનગરના ગિરનાર કમલમ કાર્યાલય ખાતે નવનિયુક્ત મહાનગર સંગઠન પ્રભારી જીજ્ઞાબેન સંજયભાઈ પંડ્યાના પ્રથમ આગમન પ્રસંગે વિશેષ પરિચય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મહાનગર સંગઠનના તમામ હોદેદારો, કોર્પોરેટરો અને વિવિધ મોરચાના આગેવાનો ઉત્સાહભેર હાજર રહ્યા હતા. જીજ્ઞાબેન પંડ્યાએ સંગઠનના તમામ હોદેદારો સાથે આત્મીયતા પૂર્વક પરિચય સાધ્યો અને સંગઠનને વધુ સક્રિય, સુવ્યવસ્થિત તથા કાર્યક્ષમ બનાવવા માટે માર્ગદર્શન આપ્યું હતું. શહેર ભાજપ પ્રમુખ ગૌરવભાઈ રૂપારેલિયાએ જીજ્ઞાબેન પંડ્યાનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, તેમના સંગઠનાત્મક અનુભવ અને માર્ગદર્શનથી જૂનાગઢ મહાનગર ભાજપ સંગઠનને નવી દિશા અને ઊર્જા મળશે.

આ પરિચય બેઠકમાં જૂનાગઢ શહેર ભાજપાના અગ્રણીઓ, હોદ્દેદારો, કાર્યકરો, મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને ભાજપ પરિવારના તમામ આગેવાનો તથા કાર્યકર્તાઓએ સંગઠન પ્રભારી જીજ્ઞાબેન પંડ્યાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ મહાનગરમાં પાર્ટીને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ભારતીય જનતા પાર્ટી જુનાગઢ મીડિયા વિભાગના સુરેશ પાનસુરીયાએ જણાવ્યું હતું.

મહિલા દિને નારીશક્તિનું ભવ્ય સન્માન

# ધ્રાંગધ્રા: એસએસપી જૈન કોલેજના રોડનું ‘નિવેદિતા ત્રિવેદી માર્ગ’ તરીકે નામકરણ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરની એસએસપી જૈન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ૮ માર્ચ – આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે નવા અનુસ્નાતક ભવનના ઉદઘાટન સાથે એક ગૌરવપૂર્ણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કોલેજને અત્યાર સુધીનું સૌથી વધુ આર્થિક દાન આપનાર ૮૭ વર્ષીય નિવૃત્ત પ્રોફેસર નિવેદિતાબેન ત્રિવેદીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેમના અમૂલ્ય યોગદાનને ચિરંજીવ બનાવવા માટે શહેરના ચરમાળીયા ગ્રાઉન્ડથી કોલેજ સુધીના માર્ગને ‘કુ. નિવેદિતા ત્રિવેદી માર્ગ’ નામ આપીને નવાજવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં કોલેજના ભૂતપૂર્વ અને વર્તમાન મળીને આશરે ૧૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ તબક્કે કોલેજના પૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ટ્રસ્ટીઓએ પણ ઉદાર હાથે દાન આપતા અંદાજે ૩૦ લાખ રૂપિયાથી વધુની રકમ કોલેજના નવનિર્માણ માટે એકત્રિત થઈ હતી.

કાર્યક્રમમાં પૂર્વ કેબિનેટ મંત્રી આઈ.કે. જાડેજા, ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા, ઉદ્યોગપતિ જયેશભાઈ પટેલ, પ્રિન્સિપાલ પ્રતીકભાઈ તેમજ પ્રોફેસર જીવણભાઈ ડાંગર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આઈ.કે. જાડેજાએ જણાવ્યું હતું કે, મહિલા દિવસના પવિત્ર અવસરે નિવેદિતાબેનનું સન્માન એ સમગ્ર નારીશક્તિનું સન્માન છે. તેમણે નાના શહેરોમાં મહિલાઓને સમાન તક અને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો હતો. આમ, આ કાર્યક્રમ શિક્ષણ અને સેવાના પ્રેરણાદાયી સંદેશ સાથે સંપન્ન થયો હતો.

# સુરેન્દ્રનગર: ‘મુરતીયા’ઓ નક્કી કરવા કોંગ્રેસે સેન્સ પ્રક્રિયા હાથ ધરી

## ચૂંટણી લડવા ઈચ્છુક કાર્યકરો પાસેથી સુચનો અભિપ્રાયો મંગાયા



**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર શહેર કોંગ્રેસ દ્વારા આવનાર મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાને લઈને સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

સુરેન્દ્રનગર દુધરેજ સંયુક્ત નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો આપ્યા બાદ આવનાર દિવસોમાં મહાનગરપાલિકાની સૌ પ્રથમ વખત ચૂંટણી થવા જઈ રહી છે. મહાનગરપાલિકાની આ ચુંટણીમાં જીત મેળવવા રાજકીય પક્ષો દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. શહેર કોંગ્રેસ દ્વારા મહાનગરપાલિકાની ચૂંટણી માટે નવા સર્કિટ હાઉસ ખાતે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તમામ ૧૩ વોર્ડની ૫૨ બેઠકો પર ચૂંટણી લડવા ઈચ્છુક આગેવાનો અને કાર્યકરો પાસેથી તેમના સુચનો અને અભિપ્રાયો લેવામાં આવ્યા હતા અને ચૂંટણીલક્ષી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ તકે પ્રદેશમાંથી આવેલ કોંગ્રેસના જીલ્લા પ્રભારી શોભનાબેન ભાવસાર, શહેર કોંગ્રેસના પ્રભારી ધર્મેન્દ્રસિંહ પરમાર, શહેર કોંગ્રેસ પ્રમુખ મહેન્દ્ર પરમાર, જીલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ ઝરણાબેન જાની સહિતના આગેવાનો અને ચુંટણી લડવા ઈચ્છુક કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ધ્રાંગધ્રાની સરકારી હોસ્પિટલમાં ડો.કમલેશ ધરજીયાનો વિદાય સમારંભ યોજાયો



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલમાં છેલ્લા ૧૦ વર્ષથી પેથોલોજિસ્ટ અને ઈન્ચાર્જ અધ્યક્ષ તરીકે ફરજ બજાવતા ડો. કમલેશ ધરજીયાની અન્ય સ્થળે બદલી થતા તેમને ભાવભીની વિદાય આપવામાં આવી હતી. આ નિમિત્તે શહેરની લક્ઝરા હોટલ ખાતે એક વિશેષ વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત તબીબો અને નર્સિંગ સ્ટાફે ડો. ધરજીયાની દાયકા લાંબી સેવાઓને બિરદાવી હતી. હોસ્પિટલના કર્મચારીઓ અને શહેરના અગ્રણીઓએ તેમને ફૂલહાર અને મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કર્યા હતા. વક્તાઓએ જણાવ્યું હતું કે, ડો. ધરજીયાએ હંમેશા દર્દીઓ પ્રત્યે માનવતાભર્યું વલણ દાખવીને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ કાર્યક્રમમાં હોસ્પિટલ પરિવાર અને શહેરના ગણમાન્ય નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહીને તેમને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

‘મે આઈ હેલ્પ યુ’

# સોમનાથ દર્શને આવેલા શ્રદ્ધાળુઓનું ખોવાયેલું પર્સ પોલીસે પરત અપાવ્યું



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

હોળી-ધુળેટીના તહેવારો દરમિયાન સોમનાથ મહાદેવના દર્શનાર્થે આવેલ અમદાવાદના શર્મિબેન ગુપ્તા પોતાનું પર્સ મંદિર પરિવારમાં ભૂલી ગયા હતા. આ પર્સમાં રોકડ રકમ અને કિંમતી સામાન હતો. જે વુમન પોલીસ કોન્સ્ટેબલ ઉષાબેનને મળી આવતા મુળ માલિકને સોંપી પ્રામાણિકતાનું ઉદાહરણ પુરૂં પાડ્યું હતું. જિલ્લા પોલીસ અધ્યક્ષ જયદીપસિંહ જાડેજા અને પોલીસ ઈન્સ્પેકટર ઉદય રાવલના માર્ગદર્શન હેઠળ સોમનાથ સુરક્ષા ફરજ નિષ્ઠા સાથે માનવતા મહેકાવી છે. અન્ય એક કિસ્સામાં પોરબંદર પહોંચી ગયેલા યાત્રિકનું પર્સ અને ડોક્યુમેન્ટ્સ સોમનાથ મંદિર ખાતે રહી ગયા હતા. એએસઆઈ અરજણભાઈએ ટેકનોલોજીની મદદથી મુસાફરનો સંપર્ક કર્યો હતો પરંતુ તેઓ આગળ નીકળી ગયા હોવાથી પોલીસે રૂબરૂ જવાને બદલે દ્વારકા જતી બસના કંડક્ટર મારફતે સુરક્ષિત રીતે પર્સ પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી.

# મહાશિવરાત્રિ મેળામાં ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓને બિરદાવતા કલેકટર

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢનો મીનીકુંભ સમાન મહાશિવરાત્રીના મેળો સફળતાપૂર્વક સંપન્ન થયો હતો, તેને સફળ બનાવવામાં જેમનો મહત્વપૂર્ણ પરિશ્રમ, પુરુષાર્થ અને કુશળતા રહી છે, તેવા અધિકારી કર્મચારીઓને જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ સન્માન પત્ર એનાયત કરી બહુમાન કર્યું હતું.



## મેળાને સફળ બનાવવામાં અધિકારી કર્મચારીઓના ટીમવર્ક અને સંકલન કામગીરી પ્રેરણારૂપ: કલેકટર અનિલકુમાર રાણાવસિયા

જિલ્લા કલેકટર એ મહાશિવરાત્રીના મેળાને સફળ બનાવવા માટે રાત દિવસ જોયા વગર સખત પરિશ્રમ કરનાર અધિકારી કર્મચારીઓની કર્તવ્ય નિષ્ઠાને બિરદાવતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની પહેલથી મોટા ફલક પર આયોજિત મહાશિવરાત્રીના મેળામાં વહીવટી તંત્રના સર્વે અધિકારી કર્મચારીઓની કામગીરી પ્રેરણા રૂપ બની રહી છે, અધિકારી કર્મચારીઓએ અહમને કોરાણે મૂકીને સંકલન અને ટીમવર્કથી કરેલી કામગીરીથી મહાશિવરાત્રીનો મેળો સફળ બનવાની સાથે તેની નવી ઊંચાઈ પણ મળી છે.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાંત અધિકારી અને મેળા અધિકારી ચરણસિંહ ગોહિલે કર્યું હતું.

આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર તેજસ પરમાર, જિલ્લા વિકાસ અધિકારી એચ. પી. પટેલ, જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરા, નિવાસી અધિક કલેકટર સુશ્રી બી.એસ. બારડ, આસિસ્ટન્ટ કલેકટર વંદના મીણા તથા પ્રતીક જૈન સહિતના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે

# જૂનાગઢ જિલ્લાની સિધ્ધી પ્રાપ્ત મહિલા રત્નોનું અદકેરૂં સન્માન

## રમતવીર–સાહિત્યકાર–કર્મયોગી કર્મચારીથી લઈ પ્રતિભાશાળી દિકરીઓને બિરદાવાય

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ જિલ્લા કક્ષાના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી બીએપીએસ સ્વામિનારાયણ મંદિર જૂનાગઢ ખાતે કરવામાં આવી હતી.



આ પ્રસંગે ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ એશિયા પેસિફિક એલિટ અંદર - ૧૪માં ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા જેન્સીબેન કાનાબાર, શિક્ષક હિંડોચા ઉર્જાબેન, બાળ લોક સાહિત્યકાર ગઢવી જાનાબેન, મુખ્ય સેવિકા ચાંદેગરા ભાવનાબેન, મેડિકલ ઓફિસર કિરણબેન પટેલ, રાજા ચાંદનીબેન, હેતલબેન ઠુંમર, મિશન મંગલ જૂનાગઢ ગ્રામ્યના ગજેરા ઈન્દુબેન, મિશન મંગલમ માણાવદરના કિરણબેન બગડા, સોલંકી મીનાક્ષીબેન ટાંક, જીતકોર રાજેસિંગનું મહાનુભાવોના હસ્તે શીલ અને સાલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

મહિલા સરપંચ/બાલીકા પંચાયતની દિકરીઓનું સન્માન, વહાલી દીકરી-કીટ વિતરણ મંજૂરી હુકમ વિતરણ, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાઓના મંજુરી હુકમ વિતરણ, મહિલા સ્વાવલંબન યોજનાના લાભાર્થીઓને હુકમનું ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતુ.

લીડ બેન્કનો સ્ટોલ, આંગણવાડી કેન્દ્રમાં અપાતા ફૂડ પોષણ સ્ટોલનું પ્રદર્શન, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો સ્ટોલ જેવા વિવિધ વિભાગના સ્ટોલનુ પ્રદર્શન મહાનુભાવોએ નિહાળ્યું હતું.

જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયા, ડેપ્યુટી મેયર આકાશભાઈ કટારા, શહેર ભાજપ પ્રમુખ ગૌરવભાઈ રૂપારેલીયા, નિવાસી અધિક કલેક્ટર બી.એસ. બારડ, નાયબ કમિશ્નર ડી.જે. જાડેજા, પ્રાંત અધિકારી ચરણસીંહ ગોહિલ, પૂર્વ મેયર સુશ્રી આધ્યાશકિતબેન મજમૂદાર, જે.કે. ચાવડા અને બહોળી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# જૂનાગઢ: ઈંધણની કોઈ અછત નથી, અફવાથી દૂર રહેવા કલેક્ટરની અપીલ

## પેટ્રોલ–ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ: સંગ્રહખોરી કે કાળાબજારી કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરાશે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

હાલની પ્રવર્તમાન સ્થિતિ ધ્યાને લઈ વાહનના ઈંધણ જેમ કે, પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી ગેસ તથા એલ.પી.જી ગેસની અછત ઉપસ્થિત થયેલ છે અથવા તો અછત ઉપસ્થિત થનાર હોવાનો લોકોમાં દુષ્પ્રચાર થયેલ છે. આ સંદર્ભે વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, હાલ જૂનાગઢ જિલ્લામાં આવી કોઈ પરિસ્થિત ઉપસ્થિત થયેલ નથી કે ઉપસ્થિત થવાનો હાલ કોઈ સંભવ નથી.

જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર તથા જિલ્લા કલેકટર દ્વારા આ બાબતે સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. હાલ આવી કોઈ પરિસ્થિતિ સજાયેલ નથી. જેથી આવા દુષ્પ્રચારથી લોકોએ દૂર રહેવું. પેટ્રોલ, ડીઝલ કે વાહનમાં વપરાત અન્ય ઈંધણ/પેટ્રોલીયમ પદાર્થની સંગ્રહખોરી કરવી કે, કાળાબજારી કરવી એ સજાને પાત્ર ગુન્હો છે. જો કોઈ ઈસમ આવી કોઈ ગેરકાયદેસર પ્રવૃતિ હાથ ધરશે અથવા તો આવી કોઈ ગેરકાયદેસરની પ્રવૃતિમાં મદદગારી કરશે, તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# ધ્રાંગધ્રા: ઉનાળાની ગરમીમાં પક્ષીઓ માટે ઘર અને કુંડાનું વિતરણ કરતું માધવ ગ્રુપ



**અબતક, ધ્રાંગધ્રા, સલીમ ઘાંચી**

ધ્રાંગધ્રામાં ઉનાળાની શરૂઆત થતા જ અબોલ પક્ષીઓની વહારે માધવ ગ્રુપ આવ્યું છે. વધતા તાપમાનમાં પક્ષીઓને આશ્રય અને પાણી મળી રહે તેવા ઉમદા હેતુથી માધવ ગ્રુપ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ૧૦૦૦ જેટલા ચકલી ઘર અને પાણીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

છેલ્લા ૬ વર્ષથી સતત આ પ્રવૃત્તિ કરી રહેલા માધવ ગ્રુપે નાગરિકોને પોતાની અગાસી કે બાલ્કનીમાં પક્ષીઓ માટે ચકલી ઘર અને કુંડા રાખવા અપીલ કરી હતી. આ સેવાકીય કાર્યને શહેરના લોકોએ ઉત્સાહભેર વધાવ્યું હતું અને પક્ષીઓના જતન માટેની જવાબદારી સ્વીકારી હતી. માધવ ગ્રુપે આગામી સમયમાં પણ આવી પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી છે.

# સિહોરના પ્રશ્નોનો ત્વરિત નિકાલ માટે કોંગ્રેસ સમિતિની ચીફ ઓફિસરને રજુઆત



**અબતક, આનંદ રાણા, સિહોર**

સિહોર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા નગર પાલિકાના નવનિયુક્ત ચીફ ઓફિસર વી. એચ. શુક્લની શુભેચ્છા મુલાકાત કરવામાં આવી. આ મુલાકાત દરમિયાન શહેરના જનહિતનાં વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓની ચર્ચા કરવામાં આવી હતી, જેમાં તંત્ર દ્વારા નક્કર કામગીરી અને યોગ્ય નિરાકરણ લવવા માટે ચીફ ઓફિસર શુક્લ દ્વારા બાંહેધરી આપવામાં આવી હતી. બેઠકમાં શહેરના વિકાસ અને પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ માટે કમિટીના સભ્યોએ નિવેદન આપ્યું હતું. આ મુલાકાતમાં સિહોર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ કિશોરભાઈ કે. ગોહિલ તથા ઈશ્વરભાઈ નમસા, સુરેશભાઈ ચૌહાણ, યુવરાજભાઈ રાવ, ડી. પી. આંચલ, કિરીટભાઈ મોરી, ધવલભાઈ પલાણીયા,, રતિભાઈ બોરીચા, જયદીપસિંહ સરવૈયા ઉપસ્થિત રહ્યા હતાં.

# સુરેન્દ્રનગરમાં ૧૨ વર્ષમાં ૩૮,૧૨૮ બહેનોને ૧૮૧ અભયમ હેલ્પલાઈનની મળી મદદ

## ૨૦૨૫ દરમિયાન ૬૭૫ કેસોમાં અભયમ ટીમ બની મદદગાર

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં છેલ્લા ૧૨ વર્ષથી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે. આ દરમિયાન કુલ ૩૮,૧૨૮થી વધુ કેસોમાં મહિલાઓને માર્ગદર્શન, કાઉન્સેલિંગ, બચાવ અને કાયદાકીય સહાય પૂરી પાડવામાં આવી છે. જીલ્લામાં અત્યાર સુધીમાં ૬,૭૦૧ જેટલી મહિલાઓ સુધી રેસ્કયુ વાન દ્વારા સ્થળ પર પહોંચી મદદ કરવામાં આવી છે. માત્ર એક વર્ષના ગાળામાં વર્ષ ૨૦૨૫ દરમિયાન સુરેન્દ્રનગર જીલ્લામાં ૬૭૫ જેટલા કેસોમાં અભયમ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી મહિલાઓને મદદ કરી હતી.

# જૂનાગઢ પોલીસ સ્ટેશન દ્વારા અપાય ૩૦૦ દીકરીઓને સ્વરક્ષણની તાલીમ



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ જિલ્લા પોલીસ અધિક્ષક સુબોધ ઓડેદરાની સૂચના મુજબ, જુનાગઢ જિલ્લા સુરક્ષા સોસાયટી અંતર્ગત બી ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા એમ બી કાંબલિયા સ્કૂલ ખાતે ૧૫ દિવસ માટે ધો. ૯ અને ૧૨ ની કુલ સંખ્યા ૩૦૦ દીકરીઓને ઓલ ગુજરાત કરાટે કલબના કોચ મયુર ચૌહાણ તેમજ પ્રશાંત ચૌહાણ દ્વારા સ્વરક્ષણ તાલીમની આચાર્ય કુસુમબેન તથા બી ડિવિઝન પીએસઆઈ. એસ.કે. મહેતાની ઉપસ્થિતિમાં પ્રારંભ કરવામાં આવેલ હતો.

# રાજકોટ શહેર ભાજપની કારોબારી જાહેરઃ ૭૦ આગેવાનોને સ્થાન

## અંજલીબેન રૂપાણીનો પણ કારોબારીમાં કરાયો સમાવેશઃ ટુંક સમયમાં મોરચાની ટીમ પણ જાહેર કરાશે

**અબતક,રાજકોટ**

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે દ્વારા કારોબારીની જાહેરાત કરવામા આવી છે.જેમાં ૭૦ આગેવાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પૂર્વ મુખ્યમંત્રી દિવગંત વિજયભાઈ રૂપાણીના પત્નિ અંજલીબેન રૂપાણીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત



૧૮ વોર્ડના પ્રભરીના નામ પણ જાહેર કરવામાં આવ્યા છે. જયારે ત્રણેય મહામંત્રીઓને વિધાનસભા બેઠકના ઈન્ચાર્જ પણ બનાવી ઝોનની ફાળવણી કરી દેવામાં આવી છે.

રાજકોટ શહેર ભાજપની કારોબારીમાં અંજલીબેન રૂપાણી,કશ્યપભાઈ શુકલ, વિરેન્દ્રસિંહ ઝાલા, અશ્વિનભાઈ મોલીયા, કિશોરભાઈ રાઠોડ, ગુણવંતભાઈ ડેલાવાળા, મીથભાઈ ભટ્ટ, રમેશભાઈ પરમાર, જીતુભાઈ મહેતા, પીનાબેન કોટક, જયોતિબેન ટીલવા, કિરણબેન માંકડીયા, જસુમતીબેન વસાણી, ભાવનાબેન કાચા, કિરીટભાઈ આદ્રોજા, જયોતિબેન જાદવ, અવધેશભાઈ કાનગડ, અજયભાઈ પટેલ, સુનિલભાઈ વોરા, પુજાબેન પટેલ, ઈલાબેન પડીયા, શિલ્પાબેન જાવીયા, નયનાબેન સોલંકી, પ્રશાંતભાઈ ગાંગડીયા, જયેશભાઈ કે. ધ્રુવ, ગીતાબેન વોરા, હર્ષાબા જાડેજા, પલ્લવીબેન ચૌહાણ, રાજેશ્વરીબેન માલવીયા, અરૂણાબેન આડેસરા, હીનાબેન રાતોજા, નીલમબેન ભટ્ટ, સોનલબેન સોમૈયા, કાનાભાઈ ખાણધર, હસુભાઈ ચુડાસમા,કૌશિકભાઈ અઢીયા, અજયસિંહ જાડેજા, કિરીટભાઈ સી. શેઠ, પ્રફુલભાઈ ખીરા, અશ્વીનભાઈ ગોસાઈ, એન.જી. પરમાર, મહેશભાઈ કે. સાકરીયા, પરિમલભાઈ પરડવા, પરાગભાઈ મહેતા, પીન્ટુભાઈ રાઠોડ, હર્ષદભાઈ રાણપરા, દીપકભાઈ ભટ્ટ, વી.એમ. પટેલ, કુમરીલભાઈ ભટ્ટ, પ્રવીણભાઈ મારૂ, વિરેન્દ્રભાઈ ભટ્ટ, મધુભાઈ પટોળીયા, કાશ્મીરાબેન નથવાણી, રણજીતભાઈ સાગઠીયા, આયદાનભાઈ ખાદા, યોગરાજસિંહ જાડેજા, કંચનબેન મારડીયા, પૃથ્વીસિંહ જાડેજા, હસુભાઈ ચોવટીયા, જગદીશભાઈ કિયાડા, રક્ષાબેન બોળીયા, મેરામભાઈ કુબાવત, રાજેશભાઈ લીલા, પરસોતમભાઈ સગપરીયા, યોગેશભાઈ ભટ્ટ, દેવાયતભાઈ ડાંગર, હેમંતભાઈ કપુરીયા, અને ભગવતીબેન ધરોળીયાનો સમાવેશ કરાયો છે.

રાજકોટ મહાનગરપાલિકાની વર્તમાન બોડીની મુદ્દત આગામી બુધવારના રોજ સાંજે પૂર્ણ થઈ રહી છે. મહાપાલિકાની ચૂંટણી બે મહિનામાં યોજાઈ તેવી સંભાવના દેખાય રહી છે. ત્યારે શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે દ્વારા કારોબારી જાહેર કરી દેવામાં આવી છે. સંગઠન માળખા બાદ કારોબારી પણ જાહેર થઈ ગઈ હોય હવે ભાજપ પોતાનું સંપૂર્ણ ફોકસ ચૂંટણી પર કેન્દ્રિત કરી દેશે. ઉમેદવારોની પસંદગી માટે હવે ટૂંક સમયમાં પ્રક્રિયા હાથ પર લેવામાં આવે તેવી સંભાવના જણાય રહી છે.

### વોર્ડના પ્રભારીના નામ

| વોર્ડ | નામ |
|---|---|
| ૧ | પુર્વેશ ભટ્ટ |
| ૨ | મયુર પાંભર |
| ૩ | ભરતસિંહ જાડેજા |
| ૪ | જે.ડી.ભાખર |
| ૫ | રસીકભાઈ પટેલ |
| ૬ | સંજય ગૌસ્વામી |
| ૭ | શૈલેષ જાની |
| ૮ | સંજય દવે |
| ૯ | કુલદીપસિંહ જાડેજા |
| ૧૦ | દ્યેય દોશી |
| ૧૧ | રજનીભાઈ ગોલ |
| ૧૨ | નરશીભાઈ કાકડીયા |
| ૧૩ | શૈલેષ હાપલીયા |
| ૧૪ | જીજ્ઞેશ જોષી |
| ૧૫ | જયેશ દવે |
| ૧૬ | વરજાંગભાઈ હુંબલ |
| ૧૭ | ડો.વિજય ટોળીયા |
| ૧૮ | રમેશભાઈ કીયાડા |

### વિશેષ આમંત્રિત સભ્ય

| ક્રમ | નામ |
|---|---|
| ૧ | વજુભાઈ વાળા |
| ૨ | વલ્લભભાઈ કથીરીયા |
| ૩ | રમેશભાઈ રૂપાપરા |
| ૪ | ધનસુખભાઈ ભંડેરી |
| ૫ | પ્રતાપભાઈ કોટક |
| ૬ | મુકેશભાઈ દોશી |
| ૭ | નીતિનભાઈ ભારદ્વાજ |
| ૮ | કમલેશભાઈ મીરાણી |
| ૯ | ગોવિંદભાઈ પટેલ |
| ૧૦ | કમલેશભાઈ જોષીપુરા |
| ૧૧ | ડો. ભરતભાઈ બોઘરા |
| ૧૨ | માંધાતાસિંહજી જાડેજા |
| ૧૩ | ઉમેશભાઈ રાજયગુરૂ |
| ૧૪ | અરવિંદભાઈ રૈયાણી |
| ૧૫ | ટપુભાઈ લીંબાસીયા |

### ત્રણેય મહામંત્રીઓને ઝોનની કરાય ફાળવણી

શહેર ભાજપના ત્રણેય મહામંત્રીઅને ઝોનની ફાળવણી કરી દેવામાં આવી છે. જેમાં વલ્લભભાઈ દુધાત્રાને વિધાનસભા-૬૮ અર્થાત ઈસ્ટ ઝોનના લલીતભાઈ વાડોલીયાને વિધાનસભા -૬૯ એટલે કે સેન્ટ્રલ ઝોનના અને યોગેન્દ્રસિંહ જાડેજાને વિધાનસભા ૭૦-૭૧ એટલે કે વેસ્ટ ઝોનના ઈન્ચાર્જ બનાવવામાં આવ્યા છે.

# રાજકોટના આગામી ૧૫ વર્ષના વિકાસને ધ્યાનમાં રાખી પ્રોજેકટ મૂકાય છેઃ મંત્રી જીતુભાઈ વાઘાણી



### કોર્પોરેશન અને રૂડાના રૂ.૩૬૨ કરોડના ૪૦ પ્રકલ્પોનું લોકાર્પણ – ખાતમુહુર્ત

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળના વિવિધ વિભાગોના કુલ-૩૬૨.૬૦ કરોડના વિવિધ ૪૦ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહુર્ત કેબિનેટ મંત્રી અને રાજકોટ પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીના વરદ હસ્તે કરાયું હતું.

આ અવસરે પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીએ અગાઉના સમયમાં માત્ર મેટલ રોડના કામ થતાં તો પણ લોકો રાજી થઈ જતા અને પચાસેક હજાર રૂપિયાની ગ્રાન્ટ બદલ વાજતે ગાજતે ધારાસભ્યનં સ્વાગત કરતા. હવે અત્યારે અબજો રૂપિયાના કામો થાય છે. હજુ આગામી થોડા દિવસોમાં જ રૂ.૫૧૮ કરોડના વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થવા જઈ રહ્યા છે. આ બદલાવ લોકો અનુભવી રહ્યા છે.

પ્રભારી મંત્રીએ વધુમાં એમ પણ કહ્યું હતું કે, છેલ્લા ૨૦ વર્ષમાં રાજકોટ શહેર કેટલું બદલાઈ ગયું છે એ આપ સૌ નિહાળી અને અનુભવી શકો છો. અગાઉ શહેરની સુવિધાઓ કેવી હતી અને આજે કેવી છે તેના આપ સૌ સાક્ષી છો. સરકાર અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટના ક્રમિક વિકાસ માટે આગામી પંદર વર્ષના સમય અને વસતીને ધ્યાનમાં રાખીને પ્લાનિંગ આગળ ધપાવી રહેલ છે. એમ કહી શકાય કે, ગુજરાત રાજ્યમાં વિકાસની એક નવી પરિભાષા આલેખાઈ રહી છે. સરકાર દ્વારા લોકોને માત્ર ભૌતિક સુખસુવિધાઓ જ નહીં પરંતુ તેઓને અન્ય કેટલીયે મહત્વપૂર્ણ

(અનુ. આઠમા પાને)

# ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ધાણાની સવા બે લાખ ગુણી આવક

### ઘઉંની સિઝનમાં રેકોર્ડ બ્રેક એક લાખ ગુણીની બમ્પર આવક



**અબતક, જીતેન્દ્ર આચર્યા, ગોંડલ**

ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ધાણાની આવક શરૂ કરાતા જ વાહનોની કતારો લાગી હતી. યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતુ કે ગીર સોમનાથ, જૂનાગઢ પોરબંદર સહિત સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાંથી ૨૨૦૦ થી વધુ વાહનો દ્વારા ખેડૂતો ધાણા લઈને આવ્યા હતા.ધાણાની રેકોર્ડ બ્રેક સવા બે લાખ ગુણીની આવક થતા ચારો તરફ ધાણા ઉતારવાની ફરજ પડી હતી. જેમાં ખેડૂતોને ૨૦ કિગ્રાના ધાણા ના ૧૧૦૦ થી ૨૩૦૦ અને ધાણી ના ૧૨૦૦ થી ૨૫૦૦ સુધીના ભાવ મળ્યા હતા. બીજી તરફ ઘઉં ની સીઝનની રેકોર્ડ બ્રેક આવક એક લાખ ગુણીની આવક થતા યાર્ડમાં ઘઉંના ડુંગરો જોવા મળ્યા

(અનુ. આઠમા પાને)

# અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે આવક મર્યાદા વધારવાના નિર્ણયને વધાવાયો

### ગાંધીનગરમાં ઋણ સ્વીકાર કાર્યક્રમ માટે રાજકોટ જિલ્લા અનુ.જાતિ મોરચાની મળી બેઠક



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યના અનુસૂચિતજાતિના વિદ્યાર્થીઓના વાલીઓની આવક મર્યાદા રૂપિયા ૨,૫૦,૦૦૦માંથી ૬,૦૦,૦૦૦ કરવામાં આવી છે તેમજ આ વધારાનો ખર્ચ થતી રકમનો હાલના બજેટમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેથી આ કલ્યાણકારી નિર્ણય બદલ ગુજરાત સરકારનો ‘‘ઋણ સ્વીકાર કાર્યક્રમ’’ ગાંધીનગર મુકામે થવા જઈ રહ્યો છે. પૂર્વ ધારાસભ્ય કાંતિભાઈ લકુમ, જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ મનોજભાઈ રાઠોડ, જીલ્લા ભાજપ અ.જા.મોરચાના પ્રભારી ડો.બીપીનભાઈ સાવલિયા, જીલ્લા ભાજપ અ.જા.મોરચાના પ્રમુખ નરોત્તમભાઈ પરમાર શ્રી કમલમ રાજકોટ જિલ્લાભાજપ કાર્યાલય ખાતે આયોજન બેઠક કરવામાં આવેલ અને સરકારના નિર્ણયને આવકાર્યો છે.




# હાપામાં મધુસુદન મસાલા ફેક્ટરીમાં ભીષણ આગ: ૩૫ ટન સૂકા મરચા બળીને ખાખ

## ભીષણ આગથી રૂ .૫૦ થી ૬૦ લાખનું નુકસાન થયાનો અંદાજે:આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ





જામનગર નજીક હાપા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલી પ્રસિદ્ધ મધુસુદન મસાલા નામની ફેક્ટરીમાં રવિવારે બપોરે આગની એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ફેક્ટરીના કમ્પાઉન્ડમાં ખુલ્લામાં રાખવામાં આવેલો સૂકા મરચાનો વિશાળ જથ્થો અચાનક આગની લપેટમાં આવી જતાં અફરાતફરી મચી ગઈ હતી.રવિવારે બપોરે આશરે ૧૧:૪૫ વાગ્યાના અરસામાં ફેક્ટરીના બહારના ભાગમાં અકસ્માતે આગ લાગી હતી. અહીં આશરે ૩૫ ટન જેટલો સૂકા મરચાનો જથ્થો રાખવામાં આવ્યો હતો, જે જોતજોતામાં ભડભડ સળગી ઉઠ્યો હતો. આગ એટલી પ્રચંડ હતી કે દૂર-દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા.મરચાનો જથ્થો સળગવાને કારણે હવામાં અસહ્ય તીખાસ ફેલાઈ હતી, જેના લીધે ફાયર ફાઈટરો અને આસપાસના લોકોને આંખોમાં ભારે બળતરા થવા લાગી હતી. આ કપરી સ્થિતિમાં જામનગર ફાયર બ્રિગેડના સ્ટાફે ખાસ પ્રકારના સુરક્ષા ડ્રેસ પહેરીને કામગીરી કરવી પડી હતી. ત્રણ ફાયર ટેન્ડરો દ્વારા સતત પાણીનો મારો ચલાવી સવા કલાકની ભારે જહેમત બાદ આગને સંપૂર્ણપણે કાબૂમાં લેવામાં આવી હતી.આ આગમાં ૩૦ ટનથી વધુ મરચાનો જથ્થો બળી જતાં લાખો રૂપિયાના નુકસાનની આશંકા સેવાઈ રહી છે. જોકે, ફાયર બ્રિગેડની સમયસૂચકતાને કારણે આગ ફેક્ટરીની અંદર સુધી પ્રસરી ન હતી, જેનાથી કરોડોની કિંમતની મશીનરી અને મુખ્ય પ્લાન્ટનો આબાદ બચાવ થયો હતો. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરવામાં આવી છે.

# ભારત વિશ્વ વિજેતા બનતા તિરંગા ઢોલ નગારા અને આતશબાજી વચ્ચે દિવાળી જેવો માહોલ સર્જાયો

## ભારતનો ન્યુઝીલેન્ડ સામેની ફાઈનલમાં ઐતિહાસિક વિજય બાદ જામનગરના હવાઈ ચોક સહિતના વિસ્તારોમાં તિરંગા સાથે યુવાનોની બાઈક રેલીઓ ઉતરી પડી




ટી-૨૦ વર્લ્ડ કપની રોમાંચક ફાઈનલ મેચમાં ગઈકાલે રાત્રે ભારતે ન્યુઝીલેન્ડ સામે શાનદાર જીત મેળવી સતત બીજી વખત અને કુલ ત્રીજી વખત વિશ્વ વિજેતાનું બિરુદ પોતાના નામે કરી લીધું છે. ભારતીય ટીમની આ ઐતિહાસિક સિદ્ધિને વધાવવા માટે જામનગર શહેરના ક્રિકેટ પ્રેમીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા અને ઠેર-ઠેર વિજયનો ભવ્ય જશ્ન મનાવવામાં આવ્યો હતો.

ગઈકાલે રાત્રે રમાયેલી ફાઈનલ મેચમાં ભારતે પ્રથમ બેટિંગ કરતા ૨૫૫ રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો, જેને નિહાળવા માટે જામનગરના હવાઈ ચોક સહિતના અનેક વિસ્તારોમાં મોટી સ્ક્રીનો ગોઠવવામાં આવી હતી. મેચ દરમિયાન ચોગ્ગા-છગ્ગાની રમઝટ અને ત્યારબાદ ન્યુઝીલેન્ડની પડતી વિકેટો પર ક્રિકેટ પ્રેમીઓએ સીટીઓ અને તાળીઓના ગડગડાટથી વાતાવરણ ગજવી મૂક્યું હતું. ભારતની જીત નિશ્ચિત થતા જ રાત્રે ૧૧:૩૦ વાગ્યા પછી શહેરના હવાઈ ચોક, ચાંદી બજાર, રણજીત નગર અને સાધના કોલોની જેવા વિસ્તારોમાં લોકોનો ભારે ધસારો જોવા મળ્યો હતો.

શહેરના મુખ્ય માર્ગો પર સેંકડો યુવાનો હાથમાં તિરંગો ઝંડો લહેરાવી બાઈક સવાર થઈ નીકળી પડ્યા હતા અને 'ભારત માતા કી જય' ના નારા લગાવ્યા હતા. અનેક સ્થળોએ ઢોલ-નગારાના તાલે લોકો ઝૂમી ઉઠ્યા હતા અને ગગનચુંબી આતશબાજી કરવામાં આવી હતી, જેના કારણે જામનગરમાં દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. મોડી રાત સુધી ચાલેલી આ ઉજવણીમાં જામનગરવાસીઓમાં ભારે દેશપ્રેમ અને ક્રિકેટ પ્રત્યેનો ગજબનો ઉત્સાહ જોવા મળ્યો હતો.

# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે એનસીસી દ્વારા સાયકલ રેલી યોજાઈ

## ૮ ગુજરાત નેવલ યુનિટના કેડેટ્સ દ્વારા સ્વાસ્થ્ય જાગૃતિના સંદેશ સાથે બેડી પોર્ટ સુધી સાયકલિંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા



આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસી દ્વારા વહેલી સવારે એક ભવ્ય સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ''સ્વાસ્થ્ય જાગૃતિ'' ના મક્કમ સંદેશ સાથે યોજાયેલી આ રેલીમાં મોટી સંખ્યામાં કેડેટ્સ અને સ્ટાફ ઉત્સાહભેર જોડાયા હતા.

શહેરના બેડેશ્વર સરકારી કોલોની સ્થિત નેવલ યુનિટથી બેડી પોર્ટ સુધી યોજાયેલી આ રેલીને સેકન્ડ ઓફિસર તોરલ ઝવેરી દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ રેલીમાં વિવિધ શાળાઓના ૬૩ કેડેટ્સ, ૨ એસોસિએટ એનસીસી ઓફિસર્સ, ૨ કેરટેકર ઓફિસર્સ અને ૧૨ પીઆઈ સ્ટાફ સહિતના સભ્યોએ જોડાઈને મહિલા સશક્તિકરણનો સંદેશ ફેલાવ્યો હતો.

રેલીના અંતે કેડેટ્સ દ્વારા નારીશક્તિના મહાત્મ્ય અને ગૌરવને પ્રદર્શિત કરતું મનોહર નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, મહિલા દિવસ અને સ્વાસ્થ્ય જાગૃતિના વિષયો પર કેડેટ્સે સુંદર ચિત્રો દોરી પોતાની સર્જનાત્મકતા પ્રગટ કરી હતી. સમગ્ર આયોજન દરમિયાન એનસીસીના પાયાના સિદ્ધાંતો 'એકતા અને અનુશાસન'ના દર્શન થયા હતા. આ રોમાંચક રેલીએ શહેરના નાગરિકોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાની સાથે નારી શક્તિના સન્માનનો મજબૂત સંદેશ પાઠવ્યો હતો.

# દ્વારકા: મરીન ટાસ્ક ફોર્સ દ્વારા ઓખામંડળના દરિયાઈ વિસ્તારમાં સઘન કોસ્ટલ પેટ્રોલીંગ



**અબતક, મહેન્દ્ર કકકડ**
**દ્વારકા**

રાજયના વિશાળ દરિયાકાંઠાને સ્પર્શતા સરહદી કાંઠાળા વિસ્તારમાં સુરક્ષા સુનિતિ કરવા રાજ્ય સરકાર દ્વારા મરીન ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ છે. તાજેતરમાં એટીએસના અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્મા, મરીન પોલીસ મહાનિરીક્ષક પી.એલ.માલ તથા હજીરાના પોલીસ અધિક્ષક એસ.જે.પરમારના માર્ગદર્શનમાં પોલીસ અધિકારી કે.પી.પારેખ અને પી.એસ.આઈ. આર.કે.જાડેજા તેમજ પી.એસ.આઈ. બી.એચ. ચાવડા અને કમાન્ડો દ્વારા અતિસંવેદન શીલ ગણાતા ઓખા મંડળના દરિયાઈ વિસ્તારોના બેટ દ્વારકા, શિવરાજપુર બીચ, રૂપેણ બંદર, ગોમતી ઘાટ, ઓખા મઢી, ઓખા પોર્ટ સહિતના દરિયાકાંઠાના વિસ્તારોમાં સઘન કોસ્ટલ પેટ્રોલીંગ કરવામા આવ્યું હતું. આ દરમ્યાન માચ્છીમારો, વાહન ચાલકોના ડોક્યુમેન્ટસની ચકાસણી પણ હાથ ધરવામાં આવી હતી.

# ખંભાળીયા -ભાણવડમાં સેવા સેતુ ગ્રામ્ય કાર્યક્રમો યોજાયા



**અબતક, મહેન્દ્ર કકકડ**
**દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયા - દ્વારકા - ભાણવડ તાલુકામાં આજરોજ ગ્રામ્ય ક્ષેત્રે સેવા સેતુ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ખંભાળીયા તાલુકાના કેશોદ ગામે આસપાસના ગ્રામજનોની ઉપસ્થિતિમાં સેવાસેતુનો ગ્રામ્ય કાર્યક્રમો યોજવામાં આવેલ જેમા ગ્રામીણ લોકોને સરકારની સરકારની વિવિધ સેવાઓનો લાભ સહેલાઈથી ઉપલબ્ધ કરાવવામાં આવેલ. દ્વારકા તાલુકાના ધીણકી ગામે પણ ગ્રામીણોને વિવિધ સરકારી યોજનાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવા ગ્રામ્ય કક્ષાનો સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવેલ. સાથે જ ભાણવડના ગુંદા ગામે સ્થાનીય ધારાસભ્ય મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં સેવા સેતુ ૨.૦ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં ગ્રામીણોએ સરળતાપૂર્વક વિવિધ સરકારી સેવાઓનો લાભ લીધો હતો. ખંભાળીયા શહેરમાં પણ આગામી તા.૧૦-૩-૨૦૨૬ ને મંગળવારના રોજ સવારે ૮ કલાકથી નગરપાલીકા યોગ કેન્દ્ર ખાતે સેવા સેતુ કાર્યક્રમ (શહેરી)નો અગિયારમો તબક્કો યોજાશે જેમાં સ્થાનીકોને વિવિધ સરકારી યોજનાઓનો લાભ લેવા પાલીકા સત્તાધીશો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# દ્વારકાના શાક માર્કેટ ચોકમાં આડેધડ પાર્કિંગ બની સમસ્યા: વાહન ચાલકો ત્રાહિમામ



**અબતક, મહેન્દ્ર કકકડ**
**દ્વારકા**

દ્વારકા શહેરના હાર્દસમા શાક માર્કેટ ચોક વિસ્તારમાં ટ્રાફીકનો પ્રશ્ન દિન-પ્રતિદિન વિકટ બનતો જાય છે. અત્યંત ભીડભાડવાળા વિસ્તારમાં આડેધડ પાર્કિંગના કારણે શાક માર્કેટ ચોકથી ગોમતી ઘાટ સુધીનો રસ્તો દિવસભર સતત ટ્રાફીકની સમસ્યા ભર્યો જોવા મળે છે. ઓખા મંડળના બેતાલીસ ગામો વચ્ચે મુખ્યત્વે ઉપયોગમાં લેવાતું સ્મશાન પણ અહીંથી નજીક હોય અંતિમ યાત્રા બસનો રૂટ પણ આ માર્ગમાંથી પસાર થતો હોય અવાર નવાર અંતિમ યાત્રા બસ અટકી પડે છે.

# ખંભાળીયા: સલાયા રોડ પર અંડરબ્રીજના અટકેલા કામના પ્રશ્નને ઉકેલતા સાંસદ પુનમબેન માડમ



**અબતક,વિનાયક ભટ્ટ**
**ખંભાળીયા**

ખંભાળીયા શહેરમાં સાંસદ પુનમબેન માડમના ખાસ પ્રયાસોથી શહેરમાં પ્રવેશતા તમામ રસ્તાઓ કે જયાં રેલવે ફાટક આવે છે. ત્યાં અંડર અને ઓવરબ્રીજ મંજૂર થતા તથા કામો પણ અમૂક ચાલુ અને પૂર્ણ થયા છે.ત્યારે સલાયા રોડ પર કરોડોના ખર્ચે અંડરબ્રીજ રેલવે તંત્ર દ્વારા બની રહ્યો હોય તે કામ હાલ બંધ હોય તથા આ કામ પૂર્ણ થવામા અંડરબ્રીજનો છેડો એવા મિલન ચાર રસ્તા પરના રોડ સુધી ખૂબજ આગળ આવતા દુકાનદારો લોકોને પ્રશ્ન થતા હોય ગઈકાલે સાંસદ પુનમબેન માડમ દ્વારા રેલવેના ઉચ્ચ ઈજનેરો તથા અધિકારીઓને બોલાવીને તેમની સાથે બેઠક ગોઠવીને તથા અસરકર્તાની રજૂઆતો પરથી નવો પ્લાન નકશો સુધારા સાથે બનાવવા આદેશ કરીને આ પ્રશ્ન હલ કરતા રેલવે ફાટક પાસેના લોકો તથા આગેવાનોએ ફટાકડા ફોડીને આનંદ વ્યક્ત કરી સાંસદનો આભાર વ્યકત કર્યો હતો. જેમાં અગ્રણી તથા લાયન્સ કલબ પ્રમુખ પરબતભાઈ ગઢવી વી. આગેવાનો જોડાયા હતા.

રેલવે અંડર બ્રીજનું કામ ઝડપથી ચાલુ કરીને પૂર્ણ કરે તે માટે પણ સુચના આપવામાં આવી હતી.ખંભાળીયાના ધારાસભ્ય તથા રાજયના પૂર્વ મંત્રી મુળુભાઈ બેરા પણ ઉપસ્થિત રહ્યા હતા. તથા લોકોમાં આ ગંભીર પ્રશ્ન ઉકેલવા બદલ આભાર પણ વ્યકત કર્યો હતો.



ગુજરાતમાં શહેરીકરણ હરણફાળ ભરી રહ્યું છે

# શહેરો પરનું ભારણ ઘટાડવા સેટેલાઈટ ટાઉન ઉભા કરવા સરકારે કમર કસી

## અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરાને હવે તેના નજીકના સેન્ટરો સાથે હાઈ-સ્પીડ રેલ નેટવર્કથી જોડાશે

**અબતક, ગાંધીનગર**

ગુજરાત સરકારે શહેરી પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અપગ્રેડ કરવા માટે એક મોટી પહેલ હાથ ધરી છે, જેમાં અમદાવાદને તેની આસપાસના ઝડપથી વિકસતા વિસ્તારો સાથે જોડવા માટે રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (આરઆઈટીએસ) નું આયોજન શરૂ કરવામાં આવ્યું છે. આ યોજના અંતર્ગત અમદાવાદને સાણંદ, કલોલ, મહેસાણા અને દહેગામ સાથે હાઈ-સ્પીડ રેલ નેટવર્કથી જોડવામાં આવશે.

### શું છે આઈઆરટીએસ?

રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ એ હાઈ-સ્પીડ, ઉચ્ચ ક્ષમતાવાળી કમ્યુટર રેલ સેવા છે, જે મેગા સિટીને તેની આસપાસના સેટેલાઈટ ટાઉન્સ સાથે ઝડપી અને આરામદાયક પરિવહન માટે જોડે છે.

### હીરાસરને સેટેલાઈટ ટાઉન તરીકે વિકસાવાશે

અગાઉ ૧૮ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગ દ્વારા કલોલ, સાણંદ, સાવલી, બારડોલી અને હીરાસરને સેટેલાઈટ ટાઉન્સ તરીકે વિકસાવવા માટે નોટિફાય કરવામાં આવ્યા હતા. આ શહેરો તેમના મૂળ શહેરો સાથે મજબૂત આર્થિક જોડાણ ધરાવે છે અને વિકાસની ઉચ્ચ સંભાવનાઓ દર્શાવે છે. ત્યારે હવે આ નવા આરઆરટીએસ પ્રોજેક્ટ થકી આ સેટેલાઈટ ટાઉન્સમાં પરિવહન ઝડપી બનશે અને સ્થાનિક અર્થતંત્રને વધુ વેગ મળશે.

રાજ્ય સરકારના આગામી તબક્કાના શહેરી વિસ્તરણના ભાગરૂપે આ પ્રોજેક્ટને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો

### કયા શહેરોને ક્યાં નજીકના સેન્ટરો સાથે જોડાશે ?

અમદાવાદ સાણંદ, કલોલ, મહેસાણા, દહેગામ,
સુરત નવસારી, બારડોલી,
વલસાડ, વડોદરા આણંદ,
નડિયાદ, ડભોઈ, રાજકોટ
વાંકાનેર, ગોંડલ

(અનુ. આઠમા પાને)

**સરકારે અર્બન ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અપગ્રેડ કરવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરવાની જવાબદારી એનસીઆરટીસીને સોંપી**

# રાજકોટ સહિત છ મહાપાલિકાઓનાં વહીવટદાર જાહેર !

**અમદાવાદમાં મુકેશકુમાર, રાજકોટમાં રેમ્યા મોહન, જામનગરમાં આરતી કંવર, ભાવનગરમાં હર્ષદ પટેલ, સુરતમાં મિલિન્દ તોરવણે અને વડોદરામાં શાલિની અગ્રવાલને વહિવટદાર તરીકે મૂકાયા**

**ભાવનગર, વડોદરા અને અમદાવાદમાં આજે અને રાજકોટ-સુરતમાં બુધવારે જયારે જામનગર મહાપાલિકામાં વર્તમાન બોડીની મૂદત ગુરૂવારે પૂર્ણ**

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત રાજયની છ મહાપાલિકાઓમાં ચૂંટાયેલી વર્તમાન બોડીની મૂદત આગામી ચાર દિવસમાં પૂર્ણ થઈ રહી છે. એસઆઈઆરની કામગીરીના કારણે ચૂંટણી યોજી શકાય નથી દરમિયાન રાજય સરકાર દ્વારા સિનિયર આઈએએસની અલગ અલગ મહાપાલિકાઓમાં વહિવટદાર તરીકે નિમણુંક કરવામાં આવી છે. જયા સુધી નવી ચૂંટાયેલી બોર્ડ વિધિવત રીતે સત્તારૂઢ નહી થાય ત્યાં સુધી વહીવટદાર શાસન રહેશે. આજે સાંજે અમદાવાદ, ભાવનગર અને વડોદરા મહાપાલિકાની વર્તમાન બોડીની મૂદત પૂરી થઈ રહી છે. આગામી બુધવારે રાજકોટ અને સુરત મહાપાલિકાની જયારે સૌથી છેલ્લે અર્થાત ગૂરૂવારના રોજ જામનગર મહાપાલિકાની મૂદત પૂર્ણ થઈ રહી છે.મેયર, ડે.મેયર, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન, શાસક પક્ષના નેતા, શાસક પક્ષના દંડક વિવિધ સમિતિઓનાં ચેરમેન સહિત ચૂંટાયેલા કોર્પોરેટરો નિવૃત થઈ જશે.

રાજય સરકાર દ્વારા ગત શનિવારે સાંજે રાજયની છ મહાપાલિકાઓ જેની વર્તમાન



ચૂંટાયેલી બોડીની મૂદત આગામી સપ્તાહે પૂર્ણ થઈ રહી છે. તેના માટે વહીવટદારની નિમણુંક કરવામાં આવ્યા છે. અમદાવાદ મહાપાલિકાના વહીવટદાર તરીકે સિનિયર આઈએએસ મુકેશકુમારની નિયુક્તી કરાય છે. તેઓ આવતીકાલે ચાર્જ સંભાળશે ભાવનગર મહાપાલિકાના વહીવટદાર તરીકે હર્ષદકુમાર પટેલની નિયુક્તી કરાય છે. જયારે વડોદરા મહાનગરપાલીકાના વહીવટદાર તરીકે શાલીની અગ્રવાલની નિયુક્તી કરાય છે. આ બંને આવતીકાલે ચાર્જ સંભાળી લેશે. રાજકોટ મહાનગરપાલિકાના વહીવટદાર તરીકે પૂર્વ કલેકટર રેમ્યા મોહનની નિયુકતી કરાય છે. તેઓ આગામી૧૨મી માર્ચ ચાર્જ સંભાળશે. સુરત મહાનગરપાલીકાના વહીવટદાર તરીકે મિલિન્દ તોરવણેની નિયુક્તી કરાય છે. જે ૧૨મી માર્ચ ચાર્જ સંભાળશે. જયારે જામનગર મહાપાલિકાના વહીવટદાર તરીકે રાજકોટના પૂર્વ મ્યુનિસિપલ કમિશનર આરતી કંવરને મૂકવામાં આવ્યા છે. તેઓ ૧૩મી માર્ચ ચાર્જ સંભાળશે.

૨૦૨૧માં પણ કોરોનાના કારણે ચૂંટણી પાછી ઠેલાય હતી. જેના કારણે ઉકત છ મહાપાલિકાઓમાં અંદાજે ત્રણ માસના સમય ગાળા માટે વહિવટદાર શાસન રહ્યું હતુ. પરંતુ તે સમયે કોવિડમહામારીના કારણે સીનીયર આઈએએસને અલગ અલગ જિલ્લા અને મહાનગરોની જવાબદારી સોંપવામાં આવી હતી જેના કારણે તમામ છ મહાપાલિકાઓમાં મ્યુનિસિપલ કમિશનરને જ વહીવટદાર બનાવવામા આવ્યા હતા અને સ્ટેન્ડીંગ કમિટીના પણ પાવર આપવામા આવ્યા હતા.

સ્થાનીક સ્વરાજયની ચૂંટણીના પરિણામ બાદ જયાં સુધી નવા પદાધિકારીઓની વિધિવત વરણી કરવામાં નહી આવે ત્યાં સુધી વહીવટદાર શાસન અમલમાં રહેશે. રાજયની અમદાવાદ, ભાવનગર અને વડોદરા મહાપાલિકામા આવતીકાલથી જ વહીવટદાર રાજ આવી જશે. રાજકોટમાં ગુરૂવાર જયારે જામનગરમાં શુક્રવારથી વહીવટદાર રાજ આવશે.



# ગરમીનો પારો ૪૦ ડિગ્રીએ આંબ્યો: આજથી ત્રણ દિવસ હિટવેવ

## રાજકોટ, સુરેન્દ્રનગર, અમરેલી, બોટાદ, ભાવનગર, અમદાવાદ અને કચ્છ સહિતના જિલ્લામાં મહતમ તાપમાન ૪૧ ડિગ્રીએ આંબી જવાની શક્યતા

**રવિવારે 'રવિ' રહ્યા આકરા: રાજકોટ અને સુરેન્દ્રનગરમાં પારો ૪૦ ડિગ્રીએ આંબ્યો, આઠ શહેરોમાં તાપમાન ૩૯ ડિગ્રીને પાર**

**અબતક,રાજકોટ**

સૌરાષ્ટ્ર સહિત રાજયભરમાં ઉનાળાના આરંભે જ સૂર્યનારાયણ આકાશમાંથી આગ ઓકી રહ્યા છે. રવિ દિવસે 'રવિ' થોડા ગરમ રહ્યા હતા. રાજકોટ અને સુરેન્દ્રનગરમાં મહતમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર થઈ ગયો હતો.જયારે આઠ શહેરોમાં પારો ૩૯ ડિગ્રીને પાર થઈ ગયોહતો. રાજયમાં આગામી ત્રણ દિવસ સુધી હિટવેવની આગાહી આપવામાં આવી છે. યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અનેક શહેરોમાં મહતમ તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને પાર થઈ જશે. ઉનાળાના આરંભે જ ઉંચા તાપમાનથી જનજીવન ત્રાહિમામ પોકારી ગયું છે.

રાજયમાં કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ગઈ છે. ગઈકાલે રવિવારે આકરા તડકા પડયા હતા. સૌરાષ્ટ્ર જાણે અગન ભઠ્ઠીમાં શેકાયું છે. રાજકોટ અને સુરેન્દ્રનગર ૪૦ ડિગ્રી સેલ્સીયસ તાપમાન સાથે રાજયનાં સૌથી ગરમ શહેર રહ્યા હતા. ઉત્તર ગુજરાતમાં અમદાવાદનું મહતમ તાપમાન ૩૯.૪ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૯.૬ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૩૮.૫ ડિગ્રી, દક્ષિણ ગુજરાતનું તાપમાન ૩૯.૪ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૯.૧ ડિગ્રી, દમણનું તાપમાન ૩૪.૪ ડિગ્રી, કચ્છના ભૂજનું તાપમાન ૩૯.૪ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૭ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૮ ડિગ્રી, કંડલા એરપોર્ટનું તાપમાન ૩૮.૨ ડિગ્રી, સૌરાષ્ટ્રમાં ભાવનગરનું તાપમાન ૩૭.૬ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૨૮.૬ ડિગ્રી, ઓખાનું તાપમાન ૨૯.૪ ડિગ્રી,પોરબંદરનું તાપમાન ૩૫ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૪૦ ડિગ્રી, વેરાવળનું તાપમાન દિવનુંતાપમાન ૩૩ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૪૦ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૯.૮ ડિગ્રી અને કેશોદનું મહતમ તાપમાન ૩૯.૨ ડિગ્રીએ આંબ્યું હતું.

આગામી ૩ દિવસ રાજયભરમાં હિટવેવની આગાહી આપવામાં આવી છે.રાજકોટ, અમરેલી, બોટાદ, ભાવનગર, સુરેન્દ્રનગર, કચ્છ, અમદાવાદ, બનાસકાંઠા, ગાંધીનગર, વડોદરા, સુરત સહિતના જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અમૂક શહેરોમાં મહતમ તાપમાન ૪૧ ડિગ્રીએ આંબી જવાની પણ સંભાવના છે.

આ વર્ષે ઉનાળો આકરો રહે તેવી દહેશત હવામાન વિભાગ અગાઉ જ કરી ચૂક્યો છે. દરમિયાન માર્ચ મહિનામાં ઉનાળાના આરંભ સાથે જ મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીનું પાર થઈ ગયો છે.આગામી ત્રણ દિવસની આગાહી આપવામાં આવી છે.રાજયના કેટલાક શહેરો મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીને પાર થઈ જાય તેવી સંભાવના પણ નકારી શકાતી નથી.

# વીજ ખાનગીકરણ સામે દેશવ્યાપી બ્યૂગલ: કાલે પાવર એન્જિનિયરોનું 'આકસ્મિક આંદોલન'

**દેહરાદૂન ખાતે મળેલી ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશન ની બેઠકમાં ઈલેક્ટ્રિસિટી (એમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૫ સામે ઉગ્ર રોષ ગુજરાતના વીજ સંગઠનોએ પણ આપ્યો ટેકો**



**અબતક, રાજકોટ**

ભારત સરકાર દ્વારા ચાલુ બજેટ સત્ર દરમિયાન સંસદમાં ઈલેક્ટ્રિસિટી (એમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૫ રજૂ કરવાના અહેવાલોને પગલે દેશભરના વીજ કર્મચારીઓ અને એન્જિનિયરોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. આ ગંભીર મુદ્દે ચર્ચા કરવા માટે ૦૮ માર્ચ ૨૦૨૬ના રોજ દેહરાદૂન ખાતે ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશન () ની ફેડરલ એક્ઝિક્યુટિવની મહત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મક્કમ નિર્ણય મુજબ, જો સરકાર સંસદમાં આ બિલ રજૂ કરવાની કાર્યવાહી આગળ વધારશે, તો આગામી ૧૦ માર્ચ ૨૦૨૬ ના રોજ સમગ્ર દેશમાં 'આકસ્મિક

(અનુ. આઠમા પાને)

### પીજીવીસીએલમાં કામદાર એકતાનો વિજય

## મેનેજમેન્ટના આદેશ છતાં ૨૮૧ સબ ડિવિઝનમાં કેશ કલેક્શન સજ્જડ બંધ

**બળદેવભાઈ પટેલના આહવાનથી 'વર્ક ટુ રૂલ' આંદોલન સફળ રવિવારે પણ વિન્ડો કલેક્શન અને ડિશ-કનેક્શનની કામગીરી ઠપ્પ**

માર્ચ મહિનાના કલેક્શન ટાર્ગેટ પૂરા કરવાના હેતુથી પીજીવીસીએલ મેનેજમેન્ટ દ્વારા રવિવારના રોજ કેશ કલેકશન વિન્ડો ખુલી રાખવાનો આદેશ આપવામાં આવ્યો હતો. જોકે, અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ (AGVKS) દ્વારા વિવિધ પડતર માંગણીઓ મુદ્દે મેનેજમેન્ટને આપવામાં આવેલી આંદોલનની નોટિસ અન્વયે હાલ 'વર્ક ટુ રૂલ' આંદોલન કાર્યરત છે. આ આંદોલનના ભાગરૂપે સંઘના સિનિયર સેક્રેટરી જનરલ શ્રી બળદેવભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તમામ સર્કલના હોદ્દેદારોએ આપેલી હાકલને પગલે આજે પીજીવીસીએલના તમામ ૨૮૧ સબ ડિવિઝનોમાં કામગીરીનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો.

સમગ્ર પીજીવીસીએલ વિસ્તારમાં કેશ કલેકશન વિન્ડો અને ડિસ-કનેકશનની કામગીરી જડબેસલાક બંધ રહી હતી. મેનેજમેન્ટના આદેશને નકારીને કામદારોએ એકજુથ થઈને આંદોલનમાં સહભાગી થઈ પોતાની એકતાનો પરિચય આપ્યો હતો. સંઘ પ્રત્યે અતૂટ વિશ્વાસ વ્યકત કરવા બદલ અને રવિવારના દિવસે પણ આંદોલનને સો ટકા સફળ બનાવવા બદલ મધ્યસ્થ કાર્યાલય રાજકોટ દ્વારા સબ ડિવિઝનથી લઈ કોર્પોરિટ કચેરી સુધીના તમામ સભ્યો અને હોદ્દેદારોનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો છે. ' જિંદાબાદ' અને 'કામદાર એકતા જિંદાબાદ'ના નારા સાથે કર્મચારીઓએ પોતાની માંગણીઓ માટે મક્કમતા દર્શાવી હતી.

# રાજકોટમાં હવે રેલવેની ધણધણાટી: લક્ષ્મીનગર બ્રિજ પાસે ૩૫૦ દબાણોનો સફાયો

**રેલવેની જમીન પર ઝુંપટડા સહિતના દબાણો હટાવવા ૪૦૦થી વધુ પોલીસ જવાનોના ચુસ્ત બંદોબસ્ત અને ૨૦થી વધુ જેસીબી દ્વારા સવારથી ડિમોલીશનની કાર્યવાહી**

**અબતક, રાજકોટ**

રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં તાજેતરમાં કોર્પોરેશન દ્વારા ૧૫૦૦ થી વધુ દબાણો દુર કરજામાં આવ્યા હતા. દરમિયાન હવે રેલવેએ ધણધણાવી બોલાવવાનું શરુ કર્યુ છે. શહેરના લક્ષ્મીનગર અન્ડર બ્રિજ પાસે આવેલા સીડીએસ બીપીન રાવત અન્ડર બ્રિજ પાસે રેલવેની જમીનમાં વર્ષોથી ખડકાયેલા દબાણો દુર કરવા આજે સવારથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ડિમોલીશનની કામગીરી શરુ કરવામાં આવી છે. કેટલાક લોકોએ પોતાના ઝુંપડા જાતે જ







તસવીર: શૈલેષ વાડોલિયા

સળગાવી નાખ્યા હતા. દબાણ હટાવની કામગીરી દરમિયાન થોડું ઘર્ષણ ઉભુ થતા પોલીસે કેટલાક લોકોને પકડીને દરુ કર્યા હતા.

શહેરના લક્ષ્મીનગર વિસ્તારમાં સીડીએસ બીપીન રાવત બ્રિજની ઉપર રેલવેની જમીન પર ખડકાયેલા ૩૫૦ થી વધુ દબાણો દુર કરવા માટે ગત ૧૧મી ફેબ્રુઆરીના રોજ દબાણકર્તાઓને અંતિમ નોટિસ આપવામાં આવી હતી. આજે સવારે રેલવેના અધિકારીઓ ૪૦૦ થી વધુ પોલીસ જવાનના ચુસ્ત બંદોબસ્ત ૨૦ થી વધુ જેસીબી ૫૦ થી વધુ ટ્રેકટર સહિતની મશીનરી સાથે ડિમોલીશન માટે ત્રાટકયા હતા. રેલવે પોલીસની સાથે આરપીએફના માલવીયાનગર પોલીસ સ્ટેશન, અને ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ પણ જોડાયા હતા. ભકિતનગર રેલવે સ્ટેશનને આધુનિક બનાવવાનો પ્રોજેકટ હવે પુર્ણતાના આરે છે.

ત્યારે અહીં રેલવેની આશરે ૫ એકર જમીન પર ખડકાયેલા ૩૫૦ થી વધુ દબાણો દુર કરવા માટે ડિમોલીશનની કામગીરી શરુ કરવામાં આવી છે.

ડિમોલીશન શરૂ કરતાની સાથે જ દબાણકર્તાએ ઘર્ષણમાં ઉતર્યા હતા. દરમિયાન બંદોબસ્તમાં રહેતા પોલીસ જવાનોએ તેઓને હાથ પકડી પકડીને સ્થળ પરથી કાઢયા હતા.